Registered No. B. 708.

॥ श्री उमादेव्याः कृपास्तु ॥

કડવા વિજય.

પુસ્તક ૧૧ મું. અકટોબર થી ડીસેમ્બર ૧૯૧૮. અંક ૧૦–૧૧–૧૨

परिवर्तिनि संसारे मृतः को वा न जायते।
सजातो येन जातेन याति वंशः समुन्नतिम् ॥

પરિવર્તન પામતા સંસારમાં મૃત્યુ પામેલો કોણ જન્મતો નથી, તેજ ખરો જન્મે છે કે જેના જન્મથી સ્વવંશ–જ્ઞાતિ–ઉન્નતિને પામે છે.

અનુક્રમણિકા.

અધિપતિ તથા પ્રકાશક. } પા. મોતીલાલ કાળીદાસ. સત્યનારાયણ પ્રેસના માલિક–અમદાવાદ.

માલિક. } શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ.

તંત્રી. } મગનભાઈ જી. એન્જીનીઅર. ૩૦૩ વાડીગામ–અમદાવાદ.

Printed by the Editor at his Satyanarayan Printing Press
Near Civil Hospital, Panabhai's Vadi—AHMEDABAD.

For Reference See Pages: 3.

Registered No. B. 708.

॥ श्री उमादेव्याः कृपास्तु ॥

કડવા વિજય.

પુસ્તક ૧૧ મું. અકટોબર થી ડીસેમ્બર ૧૯૧૮. અંક ૧૦-૧૧-૧૨

परिवर्तिनि संसारे मृतः को वा न जायते ।
सजातो येन जातेन याति वंशः समुन्नतिम् ॥

પરિવર્તન પામતા સંસારમાં મૃત્યુ પામેલો કોણ જન્મતો નથી, તેજ ખરો જન્મે છે કે જેના જન્મથી સ્વવંશ-જ્ઞાતિ-ઉન્નતિને પામે છે.

અનુક્રમણિકા.

અધિપતિ તથા પ્રકાશક. } પા. મોતીલાલ કાળીદાસ. સત્યનારાયણ પ્રેસના માલિક-અમદાવાદ.

માલિક. } શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ.

તંત્રી. } મગનભાઈ જી. એન્જીનીઅર. ૩૦૩ વાડીગામ-અમદાવાદ.

Printed by the Editor at his Satyanarayan Printing Press Near Civil Hospital, Panabhai's Vadi—AHMEDABAD.

વધાઈ!

નામદાર યુવરાજશ્રીના જન્મની વધાઇ.

આપણા દરેક બંધુઓને વધાઇની ખબર આપતાં અમને ઘણોજ આનંદ થાય છે કે પાટડીના દરબારશ્રી દોલતસિંહજી સાહેબના દરબારમાં સેરથાવાળાં રાણી સાહેબે સં. ૧૯૭૪ ના આસો શુ. ૯ ને સોમવાર એટલે તા. ૧૪ મી અકટોમ્બર સને ૧૯૧૮ ના બપોરના એક વાગ્યા પછી યુવરાજશ્રીને જન્મ આપ્યો છે. આ હર્ષદાયક પ્રસંગની ખબરો દૂરના ભાગોમાં પણ વિજળી વેગે ફેલાઈ ગઇ હતી અને ખાસ કરી જ્યાં જ્યાં આપણી જ્ઞાતિનો વિસ્તાર મોટા પ્રમાણમાં છે તે દરેક સ્થળે સમગ્ર જ્ઞાતિમાં આનંદ છવાઇ રહ્યો હતો. કેટલાક દિવસ સુધી ના. દરબારશ્રી તેમજ યુવરાજશ્રીનું દીર્ઘાયુષ્ય ઇચ્છનારાં અને અભિનંદન આપવાનાં, ભેટ નજરાણા મોકલવાનાં કાર્યોમાં આનંદની પરિસીમા જણાતી હતી. પરમ કૃપાળુ પરમાત્માએ આપણી રાંકડી જ્ઞાતિ તરફ દ્રષ્ટિ કરી પૂણ્યશાળી સ્વ. રાજર્ષિઓના પૂણ્ય પ્રભાવે યુવરાજશ્રીનાં દર્શન કરાવ્યાં છે તે માટે તે પરમ કૃપાળુ જગનિયંતાની આપણે જેટલી સ્તુતી કરીએ એટલી થોડીજ છે.

એક દેશમાં સેંકડો નાગરિકો હોય છે અને તેઓની સંઘશક્તિ પ્રજાના ભવિષ્ય ઘડનારી થઇ પડે છે, પરંતુ વિકાસના પ્રમાણમાં પ્રત્યેક જ્ઞાતિના ભવિષ્યનો મોટો આધાર એકાદ વ્યકિતની બુદ્ધિશક્તિ અને ઉદારભાવના ઉપર અવલંબિત હોય છે. એટલે આપણી જ્ઞાતિના શિરોમણીના દરબારમાં યુવરાજશ્રીનો જન્મ થયો તે વધાઇનો પ્રસંગ સમસ્ત જ્ઞાતિને આનંદરૂપ લાગે તેમાં નવાઇ જેવું નથી. નજીકનો સંબંધ ધરાવનારો વર્ગ, હર્ષઘેલો થઇ જાય તેમના કરતાં, જ્ઞાતિના સુખ દુઃખ અને ભાવિનો વિચાર કરવાની જેને વિશાળ બુદ્ધિ પરમ કૃપાળુ પરમાત્માએ આપી છે તેમને તો ત્રણે કાળનો લાભ અંતરમાં તાજો થાય છે માટે જ્ઞાતિના ભવિષ્યને ઘડવાની જન્મસિદ્ધ શક્તિ ધરાવી જ્યારે કોઇ વ્યક્તિ જન્મ ધારણ કરે ત્યારે આવી પરમાત્માની પ્રસાદીરૂપ વ્યક્તિના દીર્ઘાયુષ્ય માટે જ્ઞાતિનો દરેક વર્ગ પ્રભુ પ્રાર્થના કરવા ચુકતો નથી. અમારા દરેક બંધુઓને જ્યારે જ્યારે નામદાર યુવરાજશ્રીના જન્મની વાત તાજી થાય ત્યારે ત્યારે તે નામદારને પ્રભુ ! દીર્ઘાયુષ્ય બક્ષે અને પ્રજાનાં તેમજ જ્ઞાતિ બંધુઓના કલ્યાણનાં અનેક કાર્યો તેમના હાથે કરાવે એવી અંતર ભાવના વડે તેની સ્તુતી કર્યાં સિવાય રહેશે નહિ, એવી દરેકને અમારી ખાસ પ્રાર્થના છે. યોગ્ય સમયે યુવરાજશ્રીના ફોટા માટે ના. દરબારશ્રી પાસે માગણી કરી અમારા ગ્રાહકોને એક અમુલ્ય ભેટ આપવા અમે બનતો પ્રયત્ન કરીશું. અસ્તુ.

તંત્રી.

સરકાર દુકાળ નિવારણ તરીકે રેલ્વેને મહત્વની ગણે છે પણ વધારે મહત્વ ધરાવતાં તો પાણી માટેનાં બાંધકામોજ છે.

દેશમાં ખેતીના સાધન માટે જોઇએ તેટલા બળદ નથી અને તે ઉછેરવા તરફ કોઇનું ધ્યાન પણ નથી. ખેતીના કામમાં બળદ જેવું બીજુ કોઇ પણ જાનવર કામ કરવા શક્તીવાન નથી તોપણ સારા બળદો પેદા કરનારી જે ગાયો તે તો હજારો નિર્દય મનુષ્ય ને હસ્તે કતલ થાય છે તો સરકાર તરફથી ગૌવધ બંધ થવો આવશ્યક છે.

કાષ્ટના અભાવથી અત્યુત્તમ ગણાતું છાણનું ખાતર તેને લોકો સુકાવી છાણાં બનાવી બાળવાના ઉપયોગમાં લે છે તેથી જમીનને પુરતું ખાતર નહિ મળવાથી કશહીન બનતી જાય છે.

મોટરો અને સાઇકલો દોડાવાના રસ્તા ઉપર લાખોને કરોડો રૂપીયાનો ખર્ચ સરકાર તાકીદે કરી શકે છે પણ ખેડુતને ખેતીના કામમાં અડચણ કરતા રસ્તાઓ, નદીઓ, નાળાં, વગેરેની ઘણી દાદ થયા છતાં પણ પુરતી તપાસ સરખી પણ થતી નથી.

ખેડુત વર્ગ કેળવણીમાં એટલો તો પછાત છે કે તેવા બીજા દેશોમાં ભાગ્યેજ હોય. તેથી કરીને ખેડુતો માટે સરકારે કેળવણીનો ખાસ પ્રબંધ કરવાની જરૂર છે.

આપણા ખેડુત વર્ગના માણસો પોતાની સ્થિતિ સુધરવા ઉપર આવે તે પહેલાં મજુરી કરવાનું છોડી દઇ એશઆરામની લતમાં પડે છે અને કોઈ સમજીને કરતો હોય તેની મશ્કરી કરી અટકાવે છે.

સ્વામી સત્યદેવ પોતાના અમેરિકાના પ્રવાસમાં લખે છે કે "ઇશ્વરે આપણને કામ કરવાને માટે હાથ આપ્યા છે, તે કામ કરવાથી કંઈ બળહીન થતા નથી પણ ઉલટા મજબુત થાય છે અને સુંદર બને છે પરંતુ આપણા દેશમાં મજુરી કરનાર પ્રત્યે ઘૃણા ધરાવવામાં આવે છે આપણા દેશની અધોગતીનું કારણ એજ છે.

ઉપરોક્ત લેખક લખે છે કે " અમેરિકાના એક ગામમાં અગીયાર વાગે હું (સત્યદેવ) મકાઇના ખેતરમાં ખોદવાનું કામ કરતો હતો એવામાં પાછળથી મારી પીઠપર કોઇએ હાથ મૂક્યો, મેં પાછા ફરીને જોયું તો જમીનદાર સાહેબ કૃષિકારનાં વસ્ત્ર પહેરી હાથમાં કોદાળી લઇને ઉભા છે આ દેખાવ જોઇને હું પરમ આશ્ચર્ય ચકીત થયો તેઓ પ્રથમ બી. એ. વળી એલ. એલ. બી. તે ઉપરાંત છસો (૬૦૦) એકર જમીનના સ્વામી હતા. ધન્ય ! અમેરિકા ! ધન્ય ! તારા આવા ઉદ્યોગી સુપુત્રોના પ્રતાપથીજ તું આજે ઉન્નતીના શિખર પર બિરાજમાન છે. જે દેશના શિક્ષિત અને ધનવાન મનુષ્યો શારીરિક પરિશ્રમ પ્રત્યે અત્યંત ઘૃણા ધરાવે છે તે દેશ અધોગતીને કેમ પ્રાપ્ત ન થાય? તે દેશ શા માટે દુઃખી અને દરીદ્ર ન બની જાય?

હિંદના અગ્રગણ્ય નેતાઓ! જેમ બને તેમ ખેડુતો પ્રતિ સરકારનું તેમજ તમારૂ પોતાનું ધ્યાન ખેંચો તે સિવાય દેશની ઊન્નતી કદી પણ થનાર નથી.

ઉત્તમ ખેતી મધ્યમ વેપાર,
કનીષ્ટ નોકરી નક્ટ ભીખ.

બંધુઓ! એ કહેવત સર્વાંશે સફળ કરો. એજ અભિલાષા.

ઇત્યલમ.

સને ૧૯૧૨

શ્રી કડવા પા. હીતવર્ધક મહામંડળનો જન્મ કેવી રીતે થયો.

નેક નામદાર સ્વ. દરબારશ્રી સૂર્યમલજીની જ્ઞાતિપ્રત્યેની લાગણી.

તે નામદારની સુચનાથી કરવામાં આવેલું ફંડ.

જુજ વખતમાં ભરાયેલી રૂ. ૭૦૦૦૦ ની રકમ માટે તેમણે અંતઃકરણથી માનેલો જ્ઞાતિ સમસ્તનો આભાર.

(તે વખતના ચાલુ વર્ણના.)

સમાજના પ્રમુખ મે. કરસનદાસભાઈનો ટેકો અને ખુલાસો.

સને ૧૯૧૨ ના માર્ચમાસમાં સમગ્ર કડવા પાટીદાર જ્ઞાતિનો એક મેળાવડો પાટડીમાં સ્વર્ગસ્થ નેકનામદાર દરબારશ્રીના અધ્યક્ષ નીચે થયો હતો તે પ્રસંગે જ્ઞાતિ ઉન્નતિ અર્થે એક ફંડ સ્થાપવાની તે નામદારે સુચના કરતાં, તેમ કરવાની જરૂરીઆત નીચેનાં કારણો સર તે નામદારે જણાવતાં કહ્યું કે—

પૈસાનાં ફંડ કરો હલાવ્યા વગર દાઝે છે!

ભાઇઓ! "બીજી એક ખાસ બાબત આપના ધ્યાન ઉપર લાવવાની છે. આપણી ક. પા. ની વસ્તી આશરે આઠ લાખ માણસની છે, ઉમિયા માતા આવી સાગર જેવી જ્ઞાતિની કૂળદેવી છતાં આવી મોટી જ્ઞાતિને ઘટે તેવી તે સંસ્થા માટેની ગોઠવણ નથી. તે બહુ દીલગીરિ ભર્યું છે; આપણી જ્ઞાતિ માતાજી માટે પૈસા આપવા કંજુસ છે એમ કાંઇ નથી, કારણ કે આપણા ભાઇઓ, બીજા દેવ દેવસ્થાનો, બ્રાહ્મણ, સાધુ, ફકીર વગેરેને છુટે હાથે દાન આપે છે, તો આપણી કૂળ દેવી માટે પછાત રહે એમ બનેજ નહિ, યોગ્ય હીલચાલના અભાવેજ એમ ચાલે છે. "હલાવ્યા વિના દાઝે છે." આપણા જેવી બહોળા ક્ષેત્રમાં પથરાયેલી અને મહાન્ જ્ઞાતિમાં એવી હીલચાલ કરવાનું કામ ઘણું મુસ્કેલ છે. આખી જ્ઞાતિના પ્રતિનીધિ એક જગ્યાએ, એક સમયે એકઠા થવાનું ઘણું દુર્લભ છે. આજે સૌ ભેગા થયા છો તો આ બાબત કાંઇ વિચાર થાય તો સારૂ. આની સાથે સાથે બીજી પણ એક અગત્યની બાબત ધ્યાન ઉપર લાવવાની છે, આપણો મુખ્ય ધંધો ખેતીનો છે. શાસ્ત્રોમાં ખેતીના ધંધાને શ્રેષ્ટ ગણ્યો છે. છતાં હાલ તેની અધોગતી થઇ ગયેલી છે. જન-સમાજમાં ખેતીકારનો દરજ્જો ઉંચો છતાં હાલ નીચામાં ગણત્રી થઇ ગઇ છે અને ઘણા બીજા ધંધામાં વળે છે. આપ જોશો તો અમેરિકા વગેરે દેશોએ, ખેતીને આપણાં શાસ્ત્રોમાં કહ્યા મુજબ ઉંચી પંક્તિમાં લાવી મુકી છે. ત્યાં ખેતીના ધંધામાં લોકો માન સમજે છે. ખેતીથી લાખો કરોડો સમૃદ્ધિ મેળવે છે, તો પછી આપણે અહીં તેમ કેમ ના થઇ શકે?

આપણી ભૂમિ તેમનાથી ઓછી વિશાળ છે? ના તેમ પણ નથી. પણ અમેરિકાના લોકોએ
જે રીતથી ખેતીને ઉત્તમ બનાવી તે રીતે આપણે પણ કામ લેવાની જરૂ છે. એ ઢબ
પ્રમાણે આપણે કેળવાવું જોઈએ છીએ. આપણા લોકો બુદ્ધિમાં તેમનાથી કાંઈ જાય તેવા
નથી. ખેતી બાબતનું ખાસ જ્ઞાન ફેલાવવું જોઇએ. પણ આ એકત્ર સાહસવિના થઇ શકે
નહિ. વેપાર ઉદ્યોગમાં પણ તેજ પ્રમાણે એકત્ર સાહસથી સારો વધારો થઇ શકે. આપ
જોશો તો આપણા બંધુઓ, "લેઉવા પાટીદારો" કેળવણીમાં કેટલા બધા આગળ વધી
ગયા છે? આપણી જ્ઞાતિમાંથી ઉત્તમ રત્નો ના નીકળે તેમ નથી કેટલાક નીકળ્યા પણ
છે. પણ જ્ઞાતિના પ્રમાણુમાં નહીં જેવું છે. કેળવણીની મદદનાં સાધનો હોય તો ઘણો સારો
વધારો થઈ શકે. આપણે અન્ય લોકોને હજારો લાખો રૂપિઆનું દાન કરીએ છીએ પણ
આપણી જ્ઞાતિમાં નિરાધાર, અપંગ, અશક્ત વગેરેની તો કોઈ સંભાળજ લેતા નથી. આ,
આપણા માટે ઓછી ખેદની વાત નથી. દરેક માણસનો પ્રથમ ધર્મ પોતાની જ્ઞાતિની
ઉન્નતિ કરવામાં છે. આપણી જ્ઞાતિની ઉન્નતિની ઘણી યોજનાઓ થઇ શકે એમ છે. આ-
પણે ધારીએ તો તે માટેનું ફંડ પણ એકઠું કરી શકીએ તેમ છીએ પરંતુ ફક્ત આગળ
કહ્યું તેમ બહોળા ક્ષેત્રમાં પથરાયેલી અને વિશાળ જ્ઞાતિમાં હીલચાલ કરવાની અનુકૂળતાના
અભાવે હજુસુધી આપણે કાંઇ કરી શક્યા નથી. આજે આપણે બધા ભેગા થવાનો જોગ
મલ્યો છે તો જ્ઞાતિ ઉન્નતિ અર્થના ફંડ માટેની પણ યોગ્ય ગોઠવણ કરવી જોઇએ."
(ત્રીજા દિવસે પોતે જણાવ્યું કે) "જ્ઞાતિઉન્નતિના ફંડ સંબંધમાં અમે જે વિચારો
આગળ બતાવ્યા છે તે બાબત ઠીક લાગેતો હાલ અત્રે વિચાર કરવાનું શરૂ કરશો."

મે. કરસનદાસે (મહામંડળના હાલના જનરલ સેક્રેટરી) જણાવ્યું કેઃ—
અન્ય જ્ઞાતિઓની સાથે આપણે જે હલકા દેખાઇએ છીએ તેનું કારણ આપણામાં
કેળવણીનો અભાવ છે. ખેતીના ધંધાથી કોઇ હલકા ગણાતા નથી. તે તો ઉત્તમ ધંધો છે.
તેમજ નિર્દોષ પણ છે. આપણા કરતાં હલકી કોમોએ પણ કેળવણી માટે સંડળો સ્થાપી
ફંડ એકઠાં કર્યાં છે અને પોતાની આબાદી વધે તે પ્રમાણે ઉપાયો કરે છે. આપણે પણ
કેળવણી માટે પ્રયત્ન કરવો આવશ્યક છે. કેળવણીનો અર્થ બહુજ બહોળો છે. સાપ વગેરે
જનાવરોમાં જે ઝેર છે તે ઝેરને પણ કેળવીને દવાના—માણસના ઉપયોગમાં લઇ શકાય છે.
જે ઝેર માણસનો જીવ લે છે તેજ પ્રાણ બચાવે છે. કેળવણી આપવાથી જાનવરો ફરી
જાય છે. માણસ જેવાં કામો કરે છે તો માણસ કેળવાય તો કેવું સારૂ કામ કરે? આપણા
પૂર્વે થઈ ગયેલા ઋષિઓનાં કૃત્યોથી પશ્ચિમની પ્રજા અચંબો પામે છે. ભીમસેન જેવા
મહારથીઓ, આપણામાં થઇ ગયા છે તે પણ શારીરિક કેળવણીનોજ પ્રતાપ હતો. માટે
એવા ભગીરથ પ્રયત્ન આપણે જો નહીં કરીએ તો અધમ દશામાંજ રહેવું પડશે. કોઇ પણ
પ્રકારનું જ્ઞાન સંપાદન કરવા માટે વિદ્યા ભણવી પડે છે. પહેલાના વખતના વિદ્યાર્થિઓ
જંગલમાં (ઋષિઓના આશ્રમમાં) અભ્યાસ કરતા પરંતુ હમણાં ગામો કે શહેરોમાં
અભ્યાસ થઇ શકે છે. કોલેજો કે હોટલોમાં રહી અભ્યાસ કરવામાં આવે છે. કેળવણી લેવા
માટે ખર્ચ કરવું પડે છે તે સિવાય મળી શકતી નથી. આપણો મોટો ભાગ નિર્ધન છે.
આપણા લેઉવા ભાઇઓ વડોદરામાં ત્રીજા ભાગનો હોદ્દો ભોગવે છે અને આપણે નથી
ભોગવતા તેનું કારણ એ છે કે તેઓ વિદ્યામાં આપણાથી વધી ગયા છે. આપણા કેટલાક

ભાઇઓને કેળવણી લેવાની તક મળતી નથી. તેમના માટે કોઇ પ્રકારની સગવડ હોતી નથી. અન્ન આપવા કરતાં કેળવણીનું દાન વિશેષ ફળ દાયક છે. કેળવણી આપવા માટે દ્રવ્યની જરૂર પડે છે એટલે આપણે એક ફંડ એકઠું કરવાની જરૂર છે. હંમેશના માટે રહે તેવી કાયમ સંસ્થાની જરૂર છે. આપણા ઘણા ભાઇઓ કેળવણી વિષે સંમતજ હોય છે. કદાચ સંસારિક બાબતમાં ભિન્નતા પડે પરંતુ આમાં તેવું થવાનો સંભવ નથી. ગમે તેવા મત કે વિચારના માણસો આ સંસ્થામાં આવી શકે તેવું એક મંડળ સ્થાપવાનો અમે વિચાર કર્યો છે. તે મંડળનું નામ શ્રી. ક. પા. હીતવર્ધક મહામંડળ એવું રાખવામાં આવ્યું છે. તેમાં મેમ્બરોના ત્રણ વર્ગ રાખવામાં આવ્યા છે. આ મંડળને રજીષ્ટર કરાવવાનો ઉદેશ છે. એટલા માટે કે આપણામાં જે અપંગો હોય, તેને ખોરાક આપવો, ઉપયોગી જણાય તેવાં ઇંગ્રેજી પુસ્તકોના ગુજરાતીમાં તરજુમા કરાવી વહેંચવા જુજ કિંમતે ખેતીવાડીનાં સાધનો પુરાં પાડવાં વગેરે બાળકોને વિદ્યા ભણાવવાનો ઉદ્દેશ પણ રાખેલો છે. આ સંસ્થાની એવી ગોઠવણ રાખી છે કે તેમાં સારા સારા માણસોજ આવશે અને તેનું આ મંડળ થશે, તેઓ ભેગા થઇ આપણા હીત માટેના વિચારો કરી શકશે. તે મંડળની લાગવગથી આપણે ઇંગ્રેજ સરકાર સાથે પણ કેટલુંક કામકાજ કરી શકીશું. આપણા મંડળના અધ્યક્ષ થવાની ના. દરબારશ્રીએ કબુલાત આપી છે અને આ ફંડમાં રૂ. ૧૫૦૦૦ આપ્યા છે. વળી કેટલાક ગૃહસ્થોએ પણ સારી રકમો ભરાવી છે માટે તમે પણ તેમાં ભરશો એવી આશા છે. વારંવાર એકઠા થવાના પ્રસંગ બનતા નથી. જ્ઞાતિહીત કરવાની આ ઉત્તમ તક છે. ગામ-સમસ્ત ઓછામાં ઓછી જે રૂ. ૨૫૧ ની રકમ છે તે આપવાથી પણ ત્રીજા કલાસનો એક જણ ગામ તરફથી મેમ્બર થઈ શકશે.

આ પ્રમાણે થયેલું મંડળ આપણી જ્ઞાતિનું પ્રતિનીધિ મંડળ ગણાશે અને ખેતી વેપાર ઉદ્યોગમાં આપણા ભાઇઓને મદદગાર થઈ પડશે.

મે. કરશનદાસભાઈનો વધુ ખુલાસો !

કેળવણીના ફંડમાંથી બોર્ડિંગ ફક્ત અમદાવાદમાંજ સ્થપાય તો દુર રહેનારા ભાઇઓને તેનો લાભ મળી શકે નહિ તેવી શંકા થવાનો અત્રે પ્રસંગ ઉભો થવા જેવું છે. પરંતુ આ સંસ્થા વિષે તેવી શંકા ઉદ્‌ભવવાનો પ્રસંગ ઘણોજ ઓછો છે. આ ફંડમાં જે નાણાં ભરનારા ગૃહસ્થો હશે-મેમ્બરો હશે તે આપણી સમગ્ર જ્ઞાતિના પ્રતિનીધિ રૂપ હોવાથી તેમની મદદથી ના. સરકારો પાસેથી આપણે ઘણી મદદ મેળવી શકીશું તેમજ આ મંડળથી આપણું આખા દેશમાં વજન પડશે. આપણો વહીવટ અને વ્યવસ્થા સારા પ્રકારની જોઇને ના. સરકારે પણ આપણને સારી મદદ કરશે, આપણને પૈસા આપી ખેતીવાડીનાં ઓજારો, કુવાઓનાં બોરીંગ કામ વગેરે આપણી મારફતજ આપણી ઇચ્છા પ્રમાણે કરશે. તેમને અરજ કરનારૂં એક મંડળ જોઇએ તે આપણું આ મંડળ છે અને આપણી દરેક અરજ તે સાંભળશે. આપણા ફંડમાં રકમો ભરાઈ હશે તે તરફ લક્ષ આપી જ્યાં જ્યાં બોર્ડીંગો ખોલવાની જરૂર જણાશે ત્યાં ત્યાં તે ખોલવામાં આવસે એટલુંજ નહિ પણ તે સિવાયની જે મદદો આ ફંડમાંથી કરવાની છે તે દરેક સ્થળે આ ફંડની મોટી ઓફીસ અમદાવાદમાં રહેશે અને જુદા જુદા ભાગોમાં ખોલેલી સંસ્થાઓ તેની શાખાઓ ગણાશે જે દરેકને મોટી ઓફીસમાંથી મદદ મોકલવામાં આવશે. આ મોટા ફંડવાળી સંસ્થાની

બીજી પેટા સંસ્થાઓદ્વારા મદદ આપવામાં આવશે. સુરત જીલ્લામાં જે રૂ. ૧૨ હજારનું કેળવણીનું ફંડ છે તે વગેરે ફંડો બની શકશે તો આ ફંડ સાથે જોડી દઇ એકજ મોટી સંસ્થા રાખી તે મારફત વહીવટ કરવામાં આવશે. આપે જે ઉદારતા દેખાડી છે તે પ્રમાણે હંમેશાં મદદ કરશો. × × માતાજીની સંસ્થા માટે એક ફંડ ખોલવાની જરૂર છે એટલે લગ્ન વખતે દરેક ભાઇઓ સવા રૂપિઓ લગ્ન દીઠ આપે તો તેમાંથી એકઠાં થયેલાં નાણાંની અરધી રકમ માતાજીની સંસ્થા માટે વપરાશે અને અરધાં નાણાં આપણા ફંડમાં લેવામાં આવશે એ પ્રમાણે બેઉ અર્થ સરશે."

સમાજના નેતા દેશાઈ અમરસિંહજીભાઈએ એક લંબાણ ભાષણદ્વારા આ સંસ્થાની સ્થાપનાને આવકારદાયક લેખી ફંડમાં રકમો મંડાવા માટે સઘળા ભાઇઓનો ઉત્સાહ વધારનારૂ અને તેમ કરવાની જરૂરીઆત બતાવનારૂ એક લંબાણ ભાષણ કર્યું હતું. ગામડામાંથી આવેલા ભાઇઓએ સારો ઉત્સાહ બતાવ્યો હતો. ક. વિ. પુ. ૫-૧૮૫

ના. દરબારશ્રીએ જણાવ્યું હતું કેઃ—

"ભાઇઓ! જ્ઞાતિહીત બાબતનો વિચાર કરવા સારૂ આપને મ્હેં આમંત્રણ કરેલું તે હેતથી સ્વીકારી જ્ઞાતિહીત હૃદયે ધરી આપ પધાર્યા ને અમારી સુચનાને માન આપી, જ્ઞાતિ ઉન્નતિ માટેનું ફંડ ખોલી ભારે ઉલટથી ઉપરા ઉપરી સારા જેવી રકમો ભરી છે, જેનો કુલ્લ સરવાળો હાલ સુધી રૂ. ૭૦ હજાર આશરે થયો છે. જુજ વખતમાં રૂ. ૭૦ હજાર જેવી રકમ ઓછી નથી, હજી પણ ઘણી સારી રકમ ભરાશે એમ પૂર્ણ ખાત્રી થઇ છે, આ એ ઓછું સ્તુતી પાત્ર નથી, આથી અમને ઘણો આનંદ થાય છે અને જ્ઞાતિ સમસ્તનો હું અંતઃકરણથી આભાર માનુંછું. જે મહાન કાર્ય આપણે સઘળાએ આજે હાથ ધર્યું છે તે સંપૂર્ણ રીતે પાર પડે અને હંમેશાં સંતોષ કારક રીતે ચાલે તે માટે આપ સઘળાઓએ જે ઐક્યતા ઉત્સાહ, હોંશ અને પ્રેમ આજે બતાવી દીધાં છે તેવાં હંમેશાં બતાવતા રહેશો એવી હું આશા રાખુંછું."

ઉપર પ્રમાણે તા. ૧૪-૩-૧૨ ની મહામંડળની સ્થાપના થઇ અને તેની અમદાવાદ મુકામે તા. ૭-૫-૧૨ ના રોજ જનરલ મીટીંગ મળી તેમાં નિયમો મંજુર થયા અને તે મંડળ ૧૮૬૦ ના ૨૧મા એક્ટ મુજબ રજીષ્ટર કરાવ્યું. મહા મંડળની જનરલ મીટીંગ એક વર્ષ બાદ ફરીને તા. ૬-૪-૧૩ ના રોજ મળી ત્યાર પછી સમાજની બોર્ડિંગનો ચાર્જ મહામંડળે લીધો. મહામંડળનું વ્યવસ્થાપક મંડળ નિમાયું અને બોર્ડીંગ કમીટી વગેરે પણ સ્થપાઇ કામકાજની શરૂઆત થયા પછી ઘણા જુજ વખતમાં એટલે માત્ર ત્રણ માસ પછી મહામંડળના અને સમસ્ત જ્ઞાતિના શિરોમણી નેક નામદાર શ્રી સૂર્યમલજી સાહેબનો સ્વર્ગવાસ થયો. બોર્ડિંગનું મકાન બંધાવી આપવા માટે તે નામદારે રૂ. ૧૫ હજારની જમીન ખરીદ કરી નકશા વગેરે પણ કરાવ્યા હતા પરંતુ પરમાત્માની ઇચ્છાથી તે કાર્ય પૂર્ણ કરવા પહેલાં પોતે સ્વર્ગે સિધાવ્યા છે. તે વખતે મે. કરસનદાસ ભાઈની કાર્યશક્તિ ઉપર લોકોએ વિશ્વાસ રાખી જ્ઞાતિનું શુભ થવાની જે આશાઓ બાંધી હશે તે કેટલે દરજ્જે ફળીભૂત થઇ છે. તેનું સરવાયું હવે પછી કહાડીશું, "કીર્તીકેરાં કોટડાં" વગેરે હૈયાવાણીનો આસ્વાદ કરાવનાર મુરબ્બી અમરસિંહ ભાઇની તટસ્થ વૃત્તિ કયા કારણને લઈને થઈ છે તે જણાવશે તો જ્ઞાતિ ઉપર તેમને આભાર તો છે જ પણ કંઇક વધારે જાણવાનું લોકોને મળી આવશે. આશા છે કે તેઓ પણ પોતાની કલમને હાથમાં લેવાનો પ્રયત્ન કરશે.

એક બન્ધુ.

बालबिवाह रुक बन गया.

हमको अति हर्ष हुवा के रियासत इन्दौरमें बाल बिवाह रुक बन गया. इस रुककी हर रियासतमें वडी जरुरत है. इन्दौरके रुकमें लडकेकी उम्र १४ साल बीवाह कालकी रखी यह बहुतही न्यून है. क्योंके लडका जब १८ साल बिदुन बालिग नहीं हो सकता. और वैदिक ग्रंथोसे साबित है के. २० सालके बिना परिपक्व नहीं हो सकता और मनुस्मृती बिवाहकी उम्र ३० साल व. २४ साल बतलाते हैं. इस मुकाबलेमें १४ सालकी उम्र बहुतही कम है. और सजा भी इन्दौर रुकमें कम रखी यह भी ज्यादा होना चाहिये. आजकलका नाजुक जमाना है. छोटे २ लडकोंकी बिवाह देते है. फिर कोजोड होता फिरता है. और जिन लोगोंमें पुनर्बिवाह नही होंता उनमें बिचारी लडकियोंको उम्र टेर करना वडी मुश्किल होती है. कइ तरहके अत्याचार होते हैं. व्यभिचार कर्म बढता है और अधुरे बालक गिराये जाते हैं. ऐसी हालत देखते जल्दीही रोक होना चाहिये. नहीं तो समय चुकने पर फिर क्या है. तुलसीदासजी महाराज कहते हैं. का वर्षा जब कृषी सुखाने । समय चूक पुनिका पछिताने ॥

निवेदक भगतीराम पटेल. लासूर. पो० जावद.

" તમાકુનું બુરૂં ફળ. "

ગજલ.

તમાકું છે બુરી બાઈ, સ્નેહ કરશો નહિ ભાઈ;
સોબતથી રે થતી હાની, વખતને દ્રવ્ય ધુળધાણી. ૧
પ્રભાતે રે વ્હેલા ઉઠી, બજરની તો ભરે સુંઠી;
પ્રભુને તે ન સંભાળે, તમાકુથી હૃદય બાળે. ૨
ચલમ ભરવા અંબર બાળે, ચાલતા કામને ખાળે;
અકસ્માત્ લાહ્ય સળગાવે, ગરીબી દોડતી લાવે. ૩
ધુમાડો તો હૃદય પેઠો, કફોને સ્થાન દઈ બેઠો;
મગજે બહેર બહુ મારી, પચનની શક્તિ ગઇ હારી. ૪
ભલે વાતો હજારો કો', છતાં વ્હાલો ગણો હુકો;
હુકો કે દ્રવ્યને ધોકો, વરો ત્રીશક્રોડ અવલોકો. ૫
નફટ તું પાનની બીડી, ચઢાવે નર્કની સીડી;
ગુમાવે અબજરે નાણું, ખરેખર વૈરીણિ જાણું. ૬
તમાકુનું વ્યસન ખોટું, ચટાડે થુંકરે એંઠુ;
દારિદ્ર ઘરમાં પેઠું, ધરમને બોળવા બેઠું. ૭
બ્રહ્મા નારદને કે' છે, વેદ યુગ નર્કમાં રે' છે;
અરે સુન્ન બંધુઓ જાગો, બુરી તમાકુને ત્યાગો. ૮

ચુનીલાલ બાજીભાઈ પટેલ. સ્કૂલમાસ્તર દાહોદ.

સમાજના આગેવાનોનું સ્તુત્ય પગલું.

ન્યાયમંત્રી સાહેબને અરજી.

કડીપ્રાંત કડવા પાટીદાર સમાજના નામે.

પટેલ ગંગારામ અને પરભુદાસે પ્રસિદ્ધ કરેલા જુઠ્ઠાણાનો જવાબ.

અજ્ઞાન ભાઇઓને સ્વાર્થસાધુ પટેલો કેવી રીતે ઠગે છે!!

(સદરહુ નીચે જણાવેલી અરજીનો ડ્રાફ્ટ મારી તરફથી કરવામાં આવ્યો હતો અને પ્રેસમાં આપ્યા બાદ તેનો છપાએલો મુસદ્દો સંમતિ અને સુચનાઓ માટે સમાજના આગેવાનો તરફ મોકલી આપવામાં આવેલો અને તેમણે મારી વિનંતી મુજબ પોતાની સહીઓ કરી અરજીનો ડ્રાફ્ટ વેળાસર મોકલી આપ્યો છે તે માટે તે સઘળાનો હું આભાર માનું છું. ખાસ કરી સમાજના પ્રમુખ સાહેબોએ પણ મારી વિનંતી ધ્યાનમાં લઈ પોતાની સહીઓ કરીને મારા તરફ રવાના કરવા માટે તેમણે મારામાં મૂકેલા વિશ્વાસ બદલે હું મારા તે દરેક મુરબ્બીઓનો ફરીથી આભાર માનુંછું.—)

તંત્રી.

મહેરબાન વડોદરા રાજ્યના ન્યાયમંત્રી સાહેબ.

રાજ્ય-વડોદરા.

જનાબમાં અમો નીચે સહી કરનાર સમગ્ર કડવા પાટીદાર જ્ઞાતિની સભાના પ્રતિનીધિઓની નમૃતા પૂર્વક અરજ એ છે જે—

કચ્છ, કાઠીઆવાડ, નિમાડ, માળવા અને ગુજરાતના જે જે ભાગોમાં અમારી કડવા કણબીની વસ્તી છે તે દરેક સ્થળોના પ્રતિનીધિઓની “**શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ**” નામની અમારી જ્ઞાતિની એક સંસ્થા છે અને તે સંસ્થાની–જ્ઞાતિના દરેક વિભાગોમાં પેટા સંસ્થાઓ સ્થપાઈ છે, તેમજ ૧૨ વર્ષથી જ્ઞાતિ સંસ્થા તરફથી “કડવા વિજય” નામનું એક માસિક પ્રસિદ્ધ કરવામાં આવે છે. અમારી સદરહુ સભાની બીજી બેઠક સને ૧૯૧૦માં **વડોદરા** મુકામે થઈ હતી તે પ્રસંગે **શ્રીમંત મહારાજા સાહેબે** જાતે હાજરી આપવાની અમારા ઉપર કૃપા કરી હતી. અમારી ૬ ઠ્ઠી બેઠક સને ૧૯૧૬ માં **પાદરા** મુકામે થયેલી તે પ્રસંગે શ્રીમંત મહારાજાની ઇચ્છાથી મહેરબાન **આંબેગાંવકર**–ન્યાયમંત્રી સાહેબ પધાર્યા હતા. ચાલુ સાલમાં અમારી સદરહુ સભાની બેઠક કડી પ્રાંતના **સેરથા** ગામે થઈ હતી. આ સભાની દરેક બેઠકો વખતે “બાળ લગ્ન પ્ર. નિબંધ” માંથી ક: અપવાદ દુર કરી તે કાયદો અમારી કોમને સંપૂર્ણ રીતે લાગુ કરવાના ઠરાવો પસાર કરી શ્રીમંત મહારાજાની હજુરમાં મોકલી આપવામાં આવ્યા છે. અમને યાદ છે કે પાદરાની બેઠક વખતે અમને મહેરબાન આંબેગાંવકર સાહેબ તરફથી જણાવવામાં આવ્યું હતું કે “મે. સૂબા સાહેબની તપાસ વખતે ઉંઝાના પટેલો સાથેની વાટાઘાટ કરવાના પ્રસંગે હાજર રહી તેમની ગેર સમજ કહાડી નાંખજો અને તે માટે તમને અગાઉથી સૂચના કરવામાં આવશે.” અત્યાર સુધી તેવી કોઈ સૂચના અમને કરવામાં આવી નથી છતાં કડી

પ્રાંતના મે. સૂબા સાહેબ તરફ અમારી બાબત તપાસ માટે ગયેલી અને ત્યાંથી કંઇક લખાઇને આવ્યું છે! શું લખાઇને આવ્યું છે તે અમો જાણતા નથી.

૧. પટેલ ગંગારામ નરસીદાસ તથા પટેલ પરભુદાસ ભાવસંગ નામના બંને આસામીઓએ શ્રી કડી પ્રાંત કડવા પાટીદાર સમાજના સેક્રેટરીઓ તરીકે સહી કરી "બાળ લગ્ન પ્ર. નિબંધ" માં સુધારા માટે અરજ કરી છે અને તે એમની અરજી તા. ૫ મી સપટેમ્બરના "સયાજી વિજય"માં પ્રસિદ્ધ થઇ છે **તે અરજી સામે આપ સાહેબને કરવાની અમારી આ અરજ છે.**

૨. તેમની અરજી જે સમાજ અગર સંસ્થા તરફથી કરવાનું કહેવામાં આવે છે તેની કોઇ સંસ્થાની બેઠક થયાનું અમારી જાણમાં નથી તેમજ એ સંસ્થાનું બંધારણ અને ઉદ્દેશ પણ કોઇના જાણવામાં નથી. જ્યારે કાયદેસર એવી કોઈ સંસ્થા જાહેર રીતે હયાતીમાં નથી તો તેઓ કેવા પ્રકારે સેક્રેટરી તરિકે ચુંટાયા છે તે સમજવું મુશ્કેલ નથી. અમારી જ્ઞાતિમાં દર દશ વર્ષે લગ્નની તારિખો ફેલાવી એકજ દિવસે સમગ્ર જ્ઞાતિના છોકરા છોડીઓ પરણાવી દેવાનું કામ જેઓ કરતા હતા તે પૈકીના આ બંને નામધારી સેક્રેટરીઓ છે. તે રિવાજ અમારી કોમમાંથી મૃતઃપ્રાય થતો જાય છે એટલે તેને ઝાલી રાખવાના પ્રયાસ રૂપે તેમની એ અરજી આપ સાહેબ તરફ મોકલવામાં આવી છે.

૩. વર કન્યાની ઉંમરમાં યોગ્ય તફાવત રાખી યોગ્ય ઉંમરે આવ્યા બાદ તેમને લગ્નની ગાંઠથી જોડવાનો રિવાજ અમારી કોમમાં દાખલ થયો છે, અને દશ વર્ષે એકજ તારિખે લગ્ન થઇ શકે એવો કોઇ પ્રકારનો પ્રતિબંધ હવે રહ્યો નથી. બાળલગ્નનો અધર્મ યુક્ત રિવાજ અમારી કોમમાંથી દુર કર્યાં સિવાય અમારી ઉન્નતિ થવી નથી એ વાત સર્વ માન્ય સ્વીકારાઈ છે, એટલે જેમ જેમ છોકરા છોડીઓ ઉંમરે આવતાં જાય છે તેમ તેમ **દર વર્ષે લગ્નો થયે જાય છે.** જ્ઞાતિનો દરેક વર્ગ તે પ્રસંગે હાજરી આપે છે અને જ્ઞાતિ તરફથી તેવાં લગ્નો કરનાર પ્રત્યે સહાનુભૂતિ બતાવામાં આવે છે. કોઇ પણ છુટકલગ્નો કરનારને નાત બહાર કરવામાં આવતા નથી અગર તેને લઇ જ્ઞાતિમાં તડ કે વિભાગો પડયા નથી. **ચાલુ વર્ષમાં** આવા પ્રકારનાં લગ્નો આદ્રજ, રૂપાલ, સરઢવ, કડી, કલોલ, હીરપુરા સાણંદ વગેરે સ્થળે થયાં છે. મતલબ કે જૂની લગ્નપદ્ધતિને ફરજ્યાત વળગી રહેવાના સંયોગો બીલકુલ છેજ નહિ. જ્ઞાતિના સમજુ આગેવાનો અને વિદ્વાનોએ આજે દશ વર્ષથી તે માટે સતત્ પુરૂષાર્થ કર્યો છે અને તેવાં શાસ્ત્રોક્ત વીધિ વડે લગ્ન કરનારને કોઇ પ્રકારની જ્ઞાતિ તરફથી અડચણ ન થાય તેવા દરેક પ્રકારે સંયોગો સુધાર્યા છે. જ્યારે ઉપર જણાવેલા નામધારી સેક્રેટરીઓ જેવા આગેવાનો કે જેઓ જૂની લગ્નપદ્ધતિને ઝાલી રાખી અજ્ઞાન વર્ગ ઉપર પોતાની રહે અને સત્તા જમાવી રાખવા માગે છે તેઓ ખોટી રીતે જુની પદ્ધતિના ફાયદા બતાવી અજ્ઞાન વર્ગને વાડામાં પુરી રાખવા પ્રયત્નો કરે છે. જૂની લગ્નપદ્ધતિ તૂટી જવાથી ગરિબ વર્ગ ઉપર સત્તા ચલાવવાનાં કારણો મટી જાય છે અને તે મટી જવાથી એક ગામડીઆ ખેડુત અને આજ સુધી સત્તા ચલાવનાર આગેવાન પટેલ વચ્ચે કાંઇ તફાવત રહેતો નથી. અમારી કોમની ગરિબ અને અજ્ઞાન સ્થીતીનો લાભ લેવામાં એક તરફથી શ્રીમંત સરકારે ઠરાવેલી "ફરજ્યાત કેળવણી," "બાળલગ્ન પ્ર. નિબંધ," અને બીજી તરફથી અમારો દશ વર્ષનો સતત્ પુરૂષાર્થ **એ ત્રણે બાબતો તેમને અડચણ રૂ**

થઈ છે. જ્ઞાતિની ઉન્નતિ કેમ થાય એ આગેવાન તરિકે જોવાની ફરજ તેઓ સ્વીકારતા નથી. પણ અજ્ઞાન વર્ગ ઉપર ચાલતી તેમની સ્હે અને સત્તાનો દોર કોઇ રીતે ઢીલો ન પડી જાય એજ માત્ર તેમનું દ્રષ્ટિ બિન્દુ છે. અમારી કોમ કેળવણીમાં ઘણી પછાત છે, ગોળના આગેવાનો અને પટેલોના જુજ અપવાદ સિવાય તદ્દન ભલી અને ભોળી છે એટલે જે રસ્તે દોરવી હોય તે રસ્તે સત્તાધારી આગેવાનો પ્રસંગોપાત સહેલાઇથી દોરી શકે છે.

૪. અત્યારસુધી ચાલી આવેલી જૂની લગ્નપદ્ધતિથી અમારી કોમની કેવા પ્રકારે પડતી થઇ છે અને તેનાં કયાં કારણો છે તે બતાવનારી એક પત્રિકા સમસ્ત જ્ઞાતિના યૂવક મંડળ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવી છે તે આ અરજી સાથે આપ નામદાર તરફ મોકલવામાં આવી છે એવી મતલબથી કે આપના તરફ આવતી ખોટી અરજીઓની તુલના કરવામાં કંઇક ઉપયોગી થાય.

૫. જે નામધારી સેક્રેટરીઓની ઉપર કહેલી અરજી આપ સાહેબ તરફ આવી છે તેના ૧૪ પેરેગ્રાફ છે અને તે હરેક સામે અમારી નીચે પ્રમાણે દલીલ છે જે ધ્યાનમાં લેવા આપ કૃપાવંત થશો.

(૧) પહેલાનો જવાબ એટલોજ છે કે શ્રી કડી પ્રાંત કડવા પાટીદાર સમાજ જેવી કોઇ સંસ્થા જાહેર રીતે હયાતીમાં આવીજ નથી એટલે સંસ્થા તરફની તે અરજી છે એમ માનવાનાં કાંઇ કારણ નથી. તેમજ પદ્ધતિસર સ્થપાયેલી કડવા કણબીની સમસ્ત જ્ઞાતિના પ્રતિનીધિઓની સભા “ બાળલગ્ન પ્ર. નિબંધ ” નો સંપૂર્ણ રીતે લાભ લેવા માગે છે જેથી તે કાયદાને ત્રાસરૂપ અગર ગેરલાભનો ગણવાની તેમની નેમ કાયદેસરની નથી તદુપરાંત અમારી જ્ઞાતિને નુકસાન કરનારી છે એમ ઠરાવા આપ કૃપા કરશો.

(૨) બીજા પેરામાં—બાળલગ્નનો કાયદો ઘડવાનો ઉદ્દેશ યોગ્ય રીતે પાર પડતો
નથી તેમજ અમારી મોટી કોમના હજારો લોકોને ત્રાસરૂપ થઇ પડવાની દલીલ કરવામાં
આવી છે. કાયદાનો હેતુ કેટલા અંશે પાર પડે છે તે જોવાનું કામ શ્રીમંત મહારાજાનું
છે, છતાં તે કાયદો એમના જેવા સેક્રેટરીઓને ત્રાસ રૂપ લાગતો હોય તો ત્રાસ વર્તાવ-
નારાં કયાં તત્વો છે એ સાબીત કરવું જોઇએ. તેમ નહીં કરતાં માત્ર તે કાયદામાંથી
મુક્તિ મેળવવા માટે આડી અવળી દલીલો કરી છે. અમારી જ્ઞાતિ તરફથી અમે કહીએ
છીએ કે તે કાયદો અમને ત્રાસ રૂપ નથી પરંતુ અમારૂં હીત કર્તા છે. સને ૧૯૦૪
માં “ બાળલગ્ન પ્ર. નિબંધ ” ઘડાયા બાદ—તેનો લાભ લેવા માટે જે મહાન પુરૂષાર્થ
કરવો જોઇએ તે અમે કરી ચુક્યા છીએ અને તેનો અમલ અમારા ઉપર સંપૂર્ણ રીતે કરી
શકાય તેવા સંયોગો અમે બનાવ્યા છે એમ અમારી જ્ઞાતિના આગેવાનો અભિમાનથી દલીલ
કરી શકે. તે કાયદાનો અમે સંપૂર્ણ લાભ લઇ શકીએ તે માટે તેની ૮ મી કલમમાં क
અપવાદ છે તે દુર કરાવવા માટે અમે લાંબા વખતથી શ્રીમંત મહારાજાને ન્યાય અને પદ્ધ-
તિસર માગણી કરતા આવ્યા છીએ છતાં તે અપવાદની છુટ અમારી જ્ઞાતિને નહિં મળે
અથવા અપવાદ क દુર કરવામાં આવશે. એવો સંતોષકારક જવાબ અમને અત્યાર સુધી
મલ્યો નથી! એ અમારી જ્ઞાતિ માટે તો અન્યાયથી ભરેલી બાબત છે. જ્યારે ન્યાય
અને પદ્ધતિસર કોઇ હીલચાલ અમારી સામે નથી પરંતુ સમસ્ત જ્ઞાતિના પ્રતિનિધિઓ—શ્રી-
ટીશ તેમજ અન્ય દરેક દેશી રાજ્યની અમારી પ્રજા—તે માટે લાંબા વખતથી પદ્ધતિસર

માગણી કરે છે ત્યારે તેનો સંતોષકારક જવાબ નહિં મળવાથી આવા નામધારી સેક્રેટરીઓને અમારી જ્ઞાતિહીતવાળી પ્રવૃત્તિમાં આડે આવવાનાં કારણો બને છે અને "કાયદાનું વર્તમાન સ્વરૂપ શ્રીમંત સરકારનો ઉચ્ચ હેતુ પાર પાડવાને શક્તિમાન થતું નથી" એવી દલીલ કરવાનું પણ કારણ મળે છે. પ્રજાની શારીરિક શસક્તતા અને આયુષ્ય મર્યાદા વધારવા માટે બાળલગ્નો અટકાવાની જરૂરીઆત અહીં તેઓ સ્વીકારે છે, તો હાલના કાયદાનું સ્વરૂપ સુધારવાની તેમની માગણીનો એજ અર્થ થઈ શકે કે—ક અપવાદનો લાભ અમને ન મળે એવી કાયદામાં ચોખ કરવી અને તે માટેની અમારી માગણીનો લાંબા વખતે પણ અમલ થાય તેવો હુકમ કરવા આપ નામદારે અમારા ઉપર કૃપા કરવી જોઇએ.

(૩) વરકન્યાની ઉંમરનું પ્રમાણ અને ઉભયના ગુણદોષ જોવાપણું એ મુદ્દાની બાબત છે. વૈદકીય બાબતો સાથે શાસ્ત્રોક્ત અને વહેવારિક અનુભવ પણ જે શિખવે છે તે બહુ જરૂરનું છે. લગ્નની સપ્તપદીની પ્રતિજ્ઞાઓનો આશય ન સચવાતો હોય એ લગ્નજ નથી, તેમાં ધર્મ પણ નથી, તે નહીં સચવાતાં સંસાર દુઃખમય થઈ પડે છે, અને આર્ય પ્રજાનું તેજ જે નિસ્તેજ થઈ ગયું છે તેનું એજ કારણ છે. અપકવ વયે અમારી નહિ પણ સેંકડો હિન્દુ જ્ઞાતિઓનાં સ્ત્રી પુરૂષોનો સંબંધ થાય છે એ વાતનો અસ્વીકાર કરવામાં તેઓ ના. સરકારને ઠગે છે. અમારામાં મોટી ઉમરે પુંખણાનો રિવાજ હોવાથી સ્ત્રી પુરૂષનો શારીરિક સંયોગ અપકવ વયે થતો નથી એવી દલીલ લગ્ન ફેલાવનાર વર્ગ તરફથી કરવામાં આવે છે, તે પ્રકારે આ જુટ્ટી અસિદ્ધ દલીલનો અહીં પણ ઉપયોગ થયો છે. આ જાણીતી દલીલમાં કેટલું સત્ય છે તે જાણવા, પાદરાની સમાજ વખતે—મે. ન્યાયમંત્રી સાહેબને ઇચ્છા થવાથી—તેજ ગામનાં ૮ થી ૧૨ વર્ષનાં બાળકો જેને પરણ્યા પછી વહુ ઘેર આવી હોય તેવાં ૨૦-૨૫ તેમણે પ્રત્યક્ષ જોયાં હતાં. એકજ ગામમાં એટલાં મળી આવે તો સમગ્ર જ્ઞાતિમાં કેટલાં હશે? નાની ઉંમરનાં પુંખણાનું પ્રમાણ આ પ્રત્યક્ષ પુરાવાથી સાબીત થયું છે અને તે પણ મે. ન્યાયમંત્રી સાહેબની રૂબરૂ, તેમની તાત્કાલિક સત્ય જાણવાની ઇચ્છાને લઇને. દરેક ગામમાંથી અને લગભગ દરેક પુંખાણું બાળવયેજ થાય છે તેના સેંકડો પ્રત્યક્ષ પુરાવા તૈયાર છે, એટલે વૈદકીય સુત્ર જે માન્ય હોવાનું અરજદારો સ્વીકારે છે તેને લઇને બાળકોની લગ્નવીધિ થતી સત્વર અટકાવાની જરૂર છે. તેમજ બાળકોને પરણાવાની પરવાનગી મેળવવાના હેતુથી જેઓ તેમના માટે કાયદામાં સુધારો કરાવાની માગણી કરવા આવ્યા છે તે એવો કરવો જોઇએ કે—બાળલગ્ન કરવાની ફરજ પાડતી દરેક હીલચાલને અટકાવે અને અજ્ઞાન વર્ગને ખોટુ સમજાવી અવળે માર્ગે દોરનાર તેમજ પ્રજાની શસક્તતા અને આયુષ્ય મર્યાદા વધારવામાં વિઘ્ન- રૂપ જણાય તે દરેકને સજાને પાત્ર ઠરાવે. બાળલગ્નમાં મદદ કરનાર માટે કાયદામાં નામનો દંડ ઠરાવ્યો છે, પરંતુ કાયદાનો ઉદ્દેશ બર નહીં લાવવા દેવામાં દરેક જ્ઞાતિના પટેલ પંચાઇતીઓ મુખ્ય કારણ રૂપ થાય છે, તેમને ગુન્હેગાર ઠરાવાની જે મુસ્કેલીઓ છે તેનો વિચાર કરી તેવો વર્ગ હયાતી ધરાવતો મટી જાય એમ થવાની જરૂર છે. નહીં તો ગમે તેવા ઉચ્ચ અને સારા હેતુથી ઘડાયેલા નિબંધો માટે પણ, અજ્ઞાન જનસમાજને ઉશ્કેરવાની વિનાશકારક પદ્ધતિનો અંત આવશે નહિ અને શ્રીમંત મહારાજાનો પોતાની પ્રજા પ્રત્યે જે પિતૃભાવ છે તેનું કંઈ સાર્થક થશે નહિં.

(૪) લગ્નની શાસ્ત્રોક્ત વીધિ અટકાવવાનો શ્રીમંતના કાયદાનો ઉદ્દેશજ નથી, પરંતુ

શાસ્ત્રોક્ત વીધિ મટી ગઈ છે તેને અમલમાં લાવવાનો માત્ર એ એકજ ઉપાય છે. એટલે જે
પટેલો અગર આગેવાનો પોતાનાં સંતાનોનાં શાસ્ત્રોક્ત આજ્ઞા મુજબ લગ્ન ન કરે
તેમની સખ્ત રીતે ખબર લેવાય એવો કાયદામાં સુધારો કરવાની જરૂર છે.

(૫) નિબંધ સત્વ રહિત અવાજ કરતો હોય તો નિબંધના અમલની મંદતા એજ તેનું કારણ હોઈ શકે, તે મંદતા મટાડી દેવાની આ નામધારી સેક્રેટરીઓ તરફેણ કરતા હોય તો તેને અમારો સંપૂર્ણ ટેકો છે. "ખાલી પાત્રોની માફક આ કાયદો અવાજ કરે છે" એમ કહેવાનું તેમને એટલા માટેજ કારણ મળે છે કે જેઓ અમારી જ્ઞાતિમાં તેમના જેવા સત્તાધારી છે તેઓ છુટથી, બેધડક, કાયદાવિરૂદ્ધ ચાલવાની અજ્ઞાનવર્ગને સલાહ આપી ઉશ્કેરણી કરી શકે છે. બાળલગ્ન થતાં અટકાવાની તેમની નેમ નથી પરંતુ તેને ઉત્તેજન આપી કાયદાના બંધનમાંથી મુક્તિ મેળવવા અને તે ન મળે તો એક દિવસે સેંકડો ગુન્હા ઉત્પન્ન કરાવી ના. સરકારને અગવડમાં મુકવાનો તેમનો છેલ્લો હેતુ છે. તેઓ કાયદા માટે પુછે છે કે "તે ખરેખરૂં બાળલગ્ન અટકાવે છે! કે ફક્ત પ્રજાને ત્રાસરૂપ અંકુશ માત્ર શાસ્ત્રોક્ત –વીધિ ઉપરજ મુકે છે"? આવું પ્રશ્નાર્થ વાક્ય કરી, તેનાથી પ્રજાને ત્રાસ થાય છે અને શાસ્ત્રોક્તવીધિ કરવા ઉપર કાયદો જાણે અંકુશ મુકે છે, એમ કહી ધર્મશાસ્ત્રોની અવગણના કરવાનો શ્રીમંતના બાળલગ્ન પ્ર. નિબંધનો હેતુ છે એવો ભાસ ખડો કરે છે. કોઇ જાતના આધાર વગરની તેમની આ જાહેર પ્રસિદ્ધી ખરેખર અજ્ઞાનવર્ગની કાયદા માટે ગેરસમજ ઉત્પન્ન કરાવનારી છે એમ ઠરાવા આપ કૃપા કરશો.

(૬) છઠ્ઠા પેરેગ્રાફમાં અરજદારોની અંતર ઈચ્છા સ્પષ્ટ થયા સિવાય રહેતી નથી. બાર વર્ષના અંતરે લગ્ન થવાની વાત ખોટી છે. સને ૧૯૦૪ માં બાળલગ્નનો કાયદો ઘડાયો ત્યાં સુધી લાંબા વખતથી દર દશવર્ષે એટલે સંવત–૧૯૦૬, ૧૬, ૨૬, ૩૬, ૪૬, ૫૭, ૬૬ અને છેલ્લાં પાંચ વર્ષે એટલે સંવત ૧૯૭૧ માં એ પ્રમાણે જાહેર થયાં છે પણ સં. ૧૯૬૬ પછી અને સં. ૧૯૬૮ ના જ્ઞાતિ મેળાવડાના લીધે એવું પરિણામ આવવા પામ્યું છે કે-
જેને જે તારિખે લગ્નવીધિ કરવી હોય ત્યારે થઈ શકે છે. જે લગ્નવીધિ તેઓ કર-
વાનું કહે છે અને તેને શાસ્ત્રોક્ત વીધિ કહે છે એમાં કંઈ સત્ય નથી. જૂની લગ્નવીધિ
શાસ્ત્રોક્ત નહિ પણ અશાસ્ત્રોક્ત અને અધર્મનો ફેલાવો કરનારી છે, તેના પુરાવામાં માત્ર
એકજ કહેવત બસ થસે કે—" દોઢ છાણું ને ડોકલી ઘી કડવો પરણે રાતને દી. " આ
કહેવત શા માટે પડી ગઈ? **કુલના** દડા સાથે છોકરીને પરણાવવી એ કયા પ્રકારની શાસ્ત્ર-
વીધિ! દડાને કૂવામાં નાંખી પછી છોકરીને રાંડેલી ગણી તેને તે પ્રકારના સંસ્કાર કરવા
એ શાસ્ત્રવીધિ હશે? **ભાડાના** વર સાથે–બાંહ્યવર સાથે છોડીઓને પરણાવવામાં શાસ્ત્રોક્ત
વીધિ કર્યો કહેવાય નહિ. આવા અનેક અધર્મો જૂનીપદ્ધતિને ટકાવી રાખવા–નામધારી સેક્રે-
ટરીઓ જેવા આગેવાનોએજ અમારી જ્ઞાતિમાં દાખલ કરાવ્યા છે. આજે અમારી તે લગ્ન-
પદ્ધતિને શાસ્ત્રોક્ત વીધિ કહેવા જેઓ બહાર આવ્યા છે તેઓને શાસ્ત્રો ઉપર કેટલી શ્રદ્ધા
અને તેના વિષે તેમનું કેટલું જ્ઞાન હોવું જોઇએ તે આપ નામદાર આગળ જોઈ શકશો.

રજોદર્શન પહેલાં દરેક ગુજરાતી હિન્દુ માબાપો પુત્રીઓને સાસરે વોળાવી દે છે એ
વાત કહેવાને બદલે એક ખોટી દલીલ તેઓ રજુ કરે છે કે– " અમારી જ્ઞાતિમાં છોકરી
પંદર–સોળ વર્ષની ઉમરની થયા પહેલાં એટલે તેને રજોદર્શન થયા પહેલાં બીલકુલ તેના

ધણીને ત્યાં સાસરે વળાવવામાં આવતી નથી." આ દલીલમાં કેટલું અસત્ય છે તે મે. આંબેગાંવકર સાહેબે પ્રત્યક્ષ જોયું છે અને ૩ જા પેરાના ખુલાસામાં અમે ઉપર જણાવ્યું છે. વળી ગુજરાતી હિંદુઓમાં પરણાવેલી દરેક કન્યાને રજોદર્શન આવી જવાની બ્હીકે અજ્ઞાન મા બાપો દશબાર વર્ષની વયે સાસરે વોળાવી દે છે એ વાત જાણીતી છે. અમારામાં જે કન્યાઓ રાંડી ન હોય તે અને બાળવયે પરણ્યા પછી રાંડેલી (સેંકડે ૫૦ થી વધારે) તે દરેક પ્રકારની કન્યાનાં માબાપ જેમ બને તેમ પહેલાં એટલે ૮ થી ૧૩ વર્ષની વયે સાસરે મોકલી દે છે. મુદ્દો એ છે કે વરકન્યા વચ્ચે ઓછામાં ઓછું ૬ **વર્ષનું અંતર રાખવું જોઇએ** તે દલીલ ઉડાવી દેવામાં આવી છે. ૧૨–૧૩ વર્ષની છોકરી સાસરે ગયા પછી એક બે વર્ષમાં વહુ જેવી લાગે છે ત્યારે તેટલીજ ઉમરનો તેનો પતિ એક બાળક જેવી સ્થીતીનોજ હોય છે. અમારામાં "બાળક સ્ત્રી પુરૂષોની શાસ્ત્રોક્ત લગ્નવીધિ થાય છે ખરી" એમ કહી બીજી યુક્તિ વડે એમ કહે છે કે "તેથી ખરેખરૂ બાળલગ્ન થતું નથી." આ યુક્તિ પ્રયુક્તિ ઉપર મદારબાંધી નામધારી સેક્રેટરીઓ આપ નામદાર પાસે અરજી ઘડીને આવ્યા છે. પણ વડોદરા રાજ્યની છેલી ગણત્રી પ્રમાણે—

દર હજારે પરણેલાંની સંખ્યા.

૪ વર્ષની અંદરનાં પરણેલાં.			૫ થી ૯ વર્ષનાં પરણેલાં.	
છોકરા.	છોડીઓ.		છોકરા.	છોડીઓ.
૧૬	૭૫	વડોદરા પ્રાંત.	૬૯	૧૭૮
૧૦	૧૪	નવસારી ,,	૩૮	૭૪
૧૫	૧૬	અમરેલી ,,	૩૦	૩૩
૭૫	૧૪૭	કડી	૧૮૬	૨૮૮
૩૩૬	**૬૨૫**	**કડવા કણબી**	**૬૨૬**	**૮૯૪**

આપ નામદાર જોઇ શકસો કે બીજી કોઇ પણ જ્ઞાતિ કરતાં બાળલગ્ન પ્ર. નિબંધનો સખ્તાઇથી અમારા માટે અમલ કરવાની જરૂર છે. વળી કહે છે કે–"અન્ય કોમોના લોકો કરતાં અમારી જ્ઞાતિના લોકોની એકંદર શારીરિક સ્થીતી તથા આયુષ્યદોરી વધારે મજબુત જોવામાં આવે છે." જે વાત આપ નામદારના આ અરજદારોને જોવામાં આવી છે તે એ છે કે–સને ૧૮૮૧ થી ૧૯૧૧ સુધીનાં ૩૦ વર્ષોમાં વડોદરા રાજ્યના છેલ્લા વસ્તીપત્રકમાં જણાવ્યા પ્રમાણે. અમરેલી પ્રાંતમાં ૨૩ ટકા જેટલી અને નવસારીમાં ૧૬ ટકા જેટલી વસ્તી વધી છે. જ્યારે કડીપ્રાંતમાં ૧૫ ટકા જેટલી ઘટી છે! અને તેમાં પણ વિજાપુર, વિસનગર અને ચાણસ્મા તાલુકાઓમાં જ્યાં અમારી વસ્તીનું પ્રમાણ ઘણું મોટુ છે ત્યાં અનુક્રમે ૨૨! ૨૩! અને ૨૫! ટકા જેટલી વસ્તી ઓછી થઇ છે. આ ઉપરથી અમારા કડવા કણબીની આયુષ્યદોરી કેટલી મજબુત છે તે આપ જોઇ શકશો. આખા રાજ્યની જ્ઞાતિઓમાં કડવા અને લેવા કણબીની વસ્તીનું પ્રમાણ મોટુ છે. વડોદરા પ્રાંતમાં લેવા અને કડીમાં કડવા કણબીઓની વસ્તીનું પ્રમાણ એટલું મોટું છે કે બંને પ્રાંતોની એવરેજ–સરેરાસ ઉપર તે તે કોમની સંખ્યાનો વધારો ઘટાડો ઘણીજ અસર કરે છે. પુરૂષોની સરેરાસ ઉંમર વડોદરા રાજ્યની ૨૨·૭ છે, વડોદરા પ્રાંતમાં ૨૩·૬ આવે છે જ્યારે કડી પ્રાંતમાં તે ૨૨·૧ જેટલીજ છે. આ ઉપરથી કહી શકાય છે કે અમારી કોમનું આયુષ્ય લાંબુ નથી પણ ટુંકુ છે, છતાં તેને

લાંબુ કહેવામાં આવ્યું છે. જો અપકવ વયે સ્ત્રી પુરૂષનો સંયોગ અમારામાં થતો ન હોય તો આયુષ્ય પ્રમાણ ટુંકુ શા માટે હોય? અરજદાર સેક્રેટરીઓની પુત્રીઓનેજ કેટલી ઉંમરે પરણાવી છે, સાસરે મોકલી છે અને રાંડી છે તે પુછવાથી જણાઈ આવશે.

(૭) અરજીના ૭ મા પેરામાં કહેવામાં આવ્યું છે કે "અમારી માફક કેટલેક સ્થળે અન્ય જ્ઞાતિઓમાં પણ બાર વર્ષે લગ્ન કરવાનું ધોરણ અને રીતીઓ ગ્રહણ કરવામાં આવી છે." આ દલીલ તદ્દન જુઠી છે. અન્ય જ્ઞાતિઓએ અમારી લગ્નપદ્ધતિ ગ્રહણ કરી નથી પણ તેવી લગ્નપદ્ધતિ ધરાવનારી અમારી જ્ઞાતિ શુદ્ર છે એમ ઉપહાસ્ય કરે છે. ઇતિહાસનું જાણે તેમને સંપૂર્ણ જ્ઞાનજ હોય તેવો ડોળ કરીને કહે છે કે "તોડી શકાય તેવાં વાગ્દાનના બદલે લગ્નની શાસ્ત્રાનુંસાર ધાર્મિક વીધિ કરી વર વધુનાં જોડાં નક્કી કરી રાખવાં કે જેથી કન્યા મોટી થયે, પૈસાની કે બીજી અન્ય લાલચને લઈ, કન્યાનાં માબાપ કે વાલી વાગ્દાનની માફક પાછળથી ફરી જઈ થયેલી લગ્નવીધિ તોડી શકે નહિ અને કન્યાવિક્રય જેવાં ભયંકર કૃત્યો કરતાં અટકે." દશ વર્ષે લગ્ન કરવાનો પ્રથા અમારામાં સેંકડો વર્ષથી ચાલતો હશે પરંતુ વાગ્દાનને બદલેજ લગ્નવીધિ થતી એ વાત ખોટી છે. દશવર્ષે લગ્ન કરવાની પ્રથાનો એ હેતુ હતો કે સરેરાસ ૧૫ વર્ષની ઉંમરનાં બાળક કરતાં નાની વયનાં કોઈ પરણાવી દે નહિ. ૮–૧૦ વર્ષની ઉંમરે વાગ્દાન કરી એક લગ્ન ગયા પછી આવતા બીજા લગ્ને તેમને પરણાવવામાં આવતાં. તે પ્રમાણે થવાથી વરકન્યાની યોગ્યાયોગ્યતા અને એક બીજાની ઈચ્છા જોવા જાણવાનો માબાપ તેમજ વરકન્યાને પણ અવકાશ રહેતો. અસલના વખતમાં વાગ્દાન એટલે લગ્નવીધિ! અને પુંખણું એટલે બીજુ લગ્ન! એવો અનર્થ નહોતો. અને ૧૫–૧૭ વર્ષની કન્યા સાથે ૨૦–૨૫ વર્ષના વરનાં લગ્ન થતાં અને લગ્ન વખતેજ કન્યાને સાસરે વોળાવામાં આવતી. તેમાં એક નૂતન પરિવર્તન થયું. શાંતિ પ્રસરવાના રાજદ્વારી કારણે દરેક પ્રજાએ શારીરિક શક્તિનો ખ્યાલ તજી દીધો. ધાર્મિક રહેણી કરણીમાં રાજસત્તાની બ્હીક મટી ગઇ એટલે ધર્મગુરૂઓ, ઉપાધ્યાયો અને જ્ઞાતિના આગેવાનો, એવા દરેક વર્ગે પોતાનોજ સ્વાર્થ બન્યો રહે એટલા પુરતી દ્રષ્ટિ રાખી. અમારા આગેવાનોએ પોતાની સત્તા જમાવી રાખવા પદ્ધતિસર ઘડાતા કાયદાનું શરણ લીધું, અને વરકન્યાની ઈચ્છાથી તૂટી શકે એવાં વાગ્દાનને લગ્ન ઠરાવી દેવાય તો વરકન્યા ઊંચું માંથુ કરી શકે નહિ એ લાલસાએ વાગ્દાનવીધિને બદલે લગ્નવીધિ શરૂ કરી! કારણ લગ્નવીધિ કર્યા સિવાય–લગ્ન કાયદેસર ગણાય નહિ. તે સાથે ઉત્તરોત્તર એમ પણ ઠરાવ્યું કે કન્યાને ઉંમરે આવ્યા પછી ચુડો પહેરાવી સાસરે મોકલવી અને તે વખતે પુંખણું પણ કરવું. આ પદ્ધતિ દાખલ કરીને આગેવાનો અને પટેલોએ ઘણા પ્રકારે પોતાનો ફાયદો શોધ્યો.

બાલ્યાવસ્થામાંજ બાળકોને પરણાવી દેવાં એટલે આગેવાની બની રહે.

દરેક લગ્ને–તમામ બાળકોને પરણાવી દેવાની જરૂર પડે એટલે પછાત વર્ગને વર કન્યા મેળવવામાં આગેવાન પટેલોની જરૂર પડતી રહે.

લગ્ન વખતના ચાંલ્લા ઉપરાંત પુંખણાનો વીધિ જુદો પડે તો બીજી વખતે પણ કર કરીઆવર વગેરે નવા હકો લેવા થાય અને તેમના વ્હેલડાના સંગને જમવા રમવાનું મળે અને તેમ થતાં,

ધીમે ધીમે તેમની મોટાઈની સ્થાપના દ્દઢ થતી જાય.

આ પરિવર્તન વખતે ગોર બ્રાહ્મણની પણ મદદ લેવામાં આવેલી અને એવો ઉપદેશ ચાલુ રાખ્યો કે—

"દર દશ વર્ષે એકજ તારિખે તમામ બાળકોનાં લગ્ન કરવાની કૂળદેવીની આજ્ઞા છે! અને માતાજીના હુકમથી અમે લગ્ન કહાડીએ છીએ તે પ્રમાણે તમારે ચાલવું!! ૮ વર્ષ કરતાં કન્યા મોટી થઈ જાય તો કન્યા કાળ જાય! કુંવારી કન્યા રહેતો વશ કન્યા કહેવાય!"

આ પરિસ્થીતીમાં ૪૦ દિવસની ઉમરનાં બાળકોને પણ પરણાવી દેવાનું ધોરણ થયું એટલે ધર્મશાસ્ત્રોની આજ્ઞા અને શારીરિક યોગ્યતા કિંવા ગુણોની સમાનતા તપાસવાની પદ્ધતિ મટી ગઇ. વરકન્યાની ઉંમરમાં કુદરતી રીતે રાખવો જોઇતો તફાવત રહી શક્યો નહિ, કેટલાક પ્રસંગે તો વર કરતાં બે ત્રણ વર્ષે મોટી કન્યા હોય છતાં તેમને જોડવામાં બાદ ગણાયો નહિ! કન્યા મોટી થઈ જવાના, અને દિકરો કુંવારો રહે તો પટેલની ઇજ્જત જવાના ભયથી આગેવાનોએ ચલાવેલી આ પ્રકારની અંધપરંપરા ચાલતી થઇ. પરિણામ એ આવ્યું કે **જેટલાં લગ્ન એટલાં કજોડાં થવા લાગ્યાં.** તેમ થવાથી દીકરાના બાપોએ એક ઉપર બીજી કરવાનો પ્રથા મોટા પ્રમાણમાં અંગીકાર કર્યો એટલે કન્યા ને બાપનાં ઘર સેવવાનો ત્રાસ વધી પડયો. ત્યાં સુધી છુટા છેડા, નાતરાં અને ફુલના દડાનો પ્રચાર ઘણો જુજ હતો. દિકરીઓના ત્રાસથી માબાપ કંપવા લાગ્યાં અને તેમનો જન્મ આફત રૂપ લાગવા માંડયો, તેને ઉછેરવા તરફ માબાપોની કાળજી મટી ગઈ. આ હકીકત ના. બ્રીટીશ સરકારની જાણમાં આવતાં ઈ. સ. ૧૮૪૯ માં કાઠીઆવાડના એ. પો. મેજોર એચ. એસ્ટન સાહેબ, તથા રે. જે. એચ મીચલ સાહેબ બંને કડી પ્રાંતમાં ગયા. મી. વેબ સાહેબે પણ તપાસ કરેલી અને બાળકી હત્યાનો છૂપો રિવાજ ચાલે છે તેની શકમંદ કોમના અમુક વિભાગમાં ગણત્રી કરતાં–૭૧૪૭૦ છોકરા અને ૫૧૭૦૩ છોડીઓની સંખ્યા માલુમ પડી. ગામડાના આગેવાનેની જુબાનીનો સાર એ હતો કે—

"કન્યાને વોળાવતાં ચાંલ્લો આપવો પડે તે રકમનું પ્રમાણ રૂ. ૨૦૦ થી ૬૦૦ જેટલું થઈ ગયું છે! તે ઉપરાંત ઘણા કરીયાવર આપવા પડે છે. × × પૈસેટકે પહોંચી શકે તેમ ન હોય તેઓ દિકરીઓ ઉપર સારૂ દિલ દેતા નથી. અમારાથી જે ઠેકાણે દિકરીઓ દેવાય છે તે સિવાય બીજે દેવાય નહિ. × × કદાચ રૂ. ૧૦–૨૦ ખર્ચી કોઇ બાંધવર કરે પણ તેવું કામ આબરૂદારથી થતું નથી એટલે દિકરીઓની પરવસી થતી નથી. આવું મોટું ખર્ચ કરી બે ત્રણ મહીનાની હોય તોપણ દીકરીઓને પરણાવીએ છીએ, પરંતુ બીજો વિવાહ આવે કે વરનો બાપ પોતાના દિકરાને પૈસાની લાલચે રૂ. ૫૦૦–૬૦૦ લઈને બીજે પરણાવે છે. (અસલમાં પહેલા વિવાહ વખતે વાગ્દાન થતાં અને બીજા વિવાહ વખતે લગ્નવીધિથી પરણાવવામાં આવતા તેને બદલે વાગ્દાનને લગ્નવીધિ ઠરાવનાર આવા નામધારી આગેવાનોની બુદ્ધિના પ્રતાપે એ પરિણામ આવ્યું.) પ્રથમની પરણેતરને ખોરાકી આપતા નથી અને રખડાવે છે આવાં અનેક દુઃખોના લીધે દિકરીઓ ઉપર કોઈનું સારૂ દિલ રહેતું નથી. × × × વગેરે".

બ્રીટીશ હદના ગામના પટેલે જણાવ્યું હતું કે—

"અમારામાં કોઇને વધારે પુત્રીઓ જન્મે અને પૈસા સંબંધી સારી સ્થીતી ન હોય તો કોઇ દિકરીને હાથે કરીને મારી નાંખતું નથી પણ જેમ ભેંસને પાડી આવે છે તો તેને

દૂધ પાઇને લોકો ઉછેરે છે પણ પાડો આવે તો કોઈ ધવરાવતાં નથી તેમ પુત્રીઓનું પણ કરે છે, જેથી ધસારે ધસારે મરી જાય છે × × વિવાહ આવે ત્યારે બાળકો પરણાવવાંજ પડે. કુંવારાં રખાય નહિ × × × વગેરે".

કન્યાઓના ત્રાસથી તેમનાં માબાપને કોઈ માર્ગ શોધ્યા સિવાય છુટકો નહોતો એટલે મોટી ઉંમરે દિકરીને વર અને ઘર જોઇને વોળાવાથી દુઃખી ન થાય એ માર્ગ સોધતાં——વિવાહ આવે ત્યારે ગામમાં પરણવા આવ્યા હોય તેવા ગમે તે એકાદ વર સાથે પુત્રીની લગ્નવીધિ કરીને વશકન્યાપણું ટાળવું એવો માર્ગ સોધ્યો. આ વીધિને બાંહ્યવર કરવાનું અમારામાં કહેવાય. પણ તેનું પરિણામ એ આવ્યું કે આ ફોગટ પરણેતર બદલ ઠરાવેલી રકમથી સંતોષ નહિ માનતાં, બાંહ્યવર કરાવનાર પુત્રીના બાપને, ભાડાના વરના બાપ બીજી લાલચો કરી કનડવા મંડયા અને પરણ્યા પછી ફારગતીના કાગળ ઉપર સહી કરી આપવાના અખાડા કર્યા. એવી મતલબથી કે સાચી રીતે પરણેલી અને નામના પરણેતર વાળી બે કન્યાઓમાંથી સારી જણાય તેનો સ્વીકાર કરી શકાય! આ પ્રમાણેના પરિણામથી લગ્નપ્રથા તૂટી જવાની આગેવાનોને બ્હીક લાગી એટલે બાંહ્યવરના બદલે કન્યાને ફુલના દડા સાથે પરણાવવાથી વશ મેણું ટળી જાય એવો માર્ગ કાઢવાની તેમને ફરજ પડી. આ રિવાજ કન્યાનાં માબાપને અનુકૂળ પડયો, અને મરવા સૂતેલી તેમની લગ્નપ્રથાને કંઇક શ્વાસ આવ્યો. કારણ કે ફુલના દડા સાથે પરણેલી કન્યાનું વશપણું ટળી ગયું અને તે રાંડેલા જેવી ગણાઈ છતાં તે માનસિક રીતે માની લેવાનું હોવાથી કન્યાનાં માબાપને ત્રાસ લાગ્યો નહિ પરંતુ અસલની માફક કન્યાને ઉંમરે આવ્યા બાદ સારૂ ઠેકાણું જોઈ સાસરે વોળાવી શકાય એવો—છૂટક લગ્નનો પણ બીજા સ્વરૂપે–માર્ગ સહેલાઈથી ખુલ્લો થયો. તે સાથે ખર્ચમાં પણ સારો ફાયદો જણાયો. બાળ કન્યા પરણાવીને ખર્ચ કરવાનું જોખમ ખેડવામાં–દિકરીને બીજે વોળાવવી પડે તો નવું ખર્ચ થવાની અને દિકરી મરી જાય તો લગ્ન ખર્ચ નકામો જવાની બીતી મટી ગઈ. તદુપરાંત બે વર્ષની દીકરીને પરણાવા જે રકમ ખર્ચી હોય તે રકમ દિકરી સાસરે વોળાવા જેવી, ૧૨–૧૪ વર્ષની થાય ત્યારે વ્યાજ સાથે બમણી થાય. વળી ઘરમાં પૈસાની તાણ હોય તો દેવાં કરીને કન્યાને પરણાવાના ફરજ્યાત સંયોગો તો ઉડીજ જાય છે. એ પ્રકારના અનેક ફાયદાનો તેમને અનુભવ થયો. એટલે છેલી ઘડી સુધી ફુલનાદડાનો પ્રચાર મોટા પ્રમાણમાં વધી ગયો. સારી સ્થીતી વાળાં સમજુ માબાપોએ પણ પુત્રીનું સુખ જોવા આ રિવાજ ગ્રહણ કર્યો.

અહીં આગેવાનોની સ્થીતી બહુ કફોડી થઈ. મોટા પ્રમાણમાં પરણનાર કન્યાઓની સંખ્યા ઉપર પ્રમાણે ઘટી ગઈ, ત્યારે તેટલા છોકરા પરણાવવા કોની સાથે? તેમના માટે પણ દડાના બદલે ફુલની દડીઓનો રિવાજ દાખલ કરે તો લગ્નપ્રથા એટલે હંબગ જેવું થઈ જાય! લાંબી મુદતે એકજ તારીખે લગ્ન કરવાનો પ્રથા તરતજ મરી જાય! એટલે તેવો કોઈ માર્ગ તેમણે દાખલ થવા દીધો નહિ પણ બની શકે તેટલા વધારે છોકરા પરણી શકે એવો તનતોડ પ્રયત્ન કરવા લાગ્યા. કુંવારા–રાંડેલા છોકરાઓ માટે એક ઉપર બીજી સ્ત્રી કરનાર પાસે છુટકા અપાવી કન્યાની છત વધારવા મથ્યા પણ કંઈ વળ્યું નહિ. ઉલ્ટુ તેથી તો એક ઉપર બીજી લાવનાર તેમના જેવા કૂળવાન કે આગેવાન વર્ગમાં, છોકરા પરણાવવા અને છુટકા આપવા એ પ્રકારનો બીઝનેસ–ધંધો થઈ પડયો. ખોડીદાએ રૂ. ૪૦૦

ચાંલ્લો ઠરાવ્યો હોય ત્યાં જઈ સામળદા રૂ. ૬૦૦ આપીને ખોડીદાનો રૂપિઓ પાછો ફેરવાવે તેમાં સામળદાની આબરૂ વધેલી ગણાય! એ સ્થીતી આવી. છતાં કન્યાઓ સુખી થાય તે માટે માત્ર કુલના દડાનોજ રિવાજ પગભર થયો અને તે એટલે સુધી વધી ગયો કે આગેવાની કરનારના છોકરા માટે કન્યા મેળવવી મુશ્કેલ પડી. નાતની આગેવાની કરવાનો તેમનો મદ ઊતરી ગયો, એટલે ફક્ત પોતાના ફરતાં ગામો ઉપરજ તેમની દ્રષ્ટિ આવીને ઠરી. ગામડાના આવા નામધારી સેક્રેટરીઓ જેવા આગેવાનોએ, પોતાની સ્હે અને સત્તા મટી ન જાય તે માટે લગ્નપ્રથાને ઝાલી રાખવા, સમગ્ર જ્ઞાતિના ટુકડા કરી નાંખવાનો છેલ્લો પ્રયત્ન આદર્યો. અજ્ઞાન વર્ગને એવા ઉંધા પાટા બંધાવ્યા કે "આપણા છોકરા કુંવારા ન રહે અને કન્યાવિક્રય થાય નહિ માટે આપણે આપણા જથાનાં ગામોના ગોળ બાંધવા અને ગોળ બહાર કોઈએ કન્યાઓ આપવી નહિ." લગ્નપ્રથા મરી જાય તો આગેવાની કરવાનું કારણ પણ ફીટી જાય! ફુલના દડા સાથે પરણાવી કન્યાઓની અને પોતાની આર્થિક સ્થીતી સુધારવા માગતા પછાત વર્ગને, ગોળના કાયદા ઘડી વાડામાં પુરવાનો આ નવો ફરેબ તેમણે કર્યો અને કન્યાવિક્રય થતો અટકે એવો ડોળ બતાવ્યો. છતાં કન્યાવિક્રય ઘટવાને બદલે વધ્યો! ગોળના કાયદા ઘડનારાઓએજ કાયદા વિરૂદ્ધ વર્તન રાખ્યું. કારણ ગોળમાં પણ નાનાં મોટાં ગામો અને તેમાં પણ ઊંચા નીચા માનવાપણું તો રહ્યુંજ, એટલે નાનાં ગામની કન્યાઓ ઉપરનાં મોટાં ગામોમાં તણાઈ આવી અને મોટાં ગામે અને આગેવાનોએ ગોળ બહાર—પોતે દેતા આવ્યા હોય તેજ ઠેકાણે—દેવાનું ચાલુ રાખ્યું અને નાનાં ગામોમાં છોકરા માટે જોઈતી કન્યાઓનો તોટો પડયો. આગેવાની કરનારની ભૂલ સુધારવા—ગોળના કાયદાના જાણકાર વર્ગ ઉપર નાનાં ગામોવાળાની સત્તા થઈ શકીજ નહિ અને પરિણામે ગોળ બાંધવા છતાં કન્યાવિક્રય વધવા માંડયો. તેનું મુખ્ય કારણ (૧) એક તીથીનાં લગ્નની મારામાર, (૨) ફુલના દડાના રિવાજ સામે છોકરાના બાપે તેમને પરણાવાની ઉતાવળ અને (૩) ગોળની કન્યાઓનું બહાર તણાઇ જવું તેમજ (૪) એક ગોળમાં ઓછી તો બીજામાં વધારે કન્યાઓ હોવાનું કુદરતી કારણ એ સઘળાંએ આ લગ્નપ્રથાને ટેકો આપ્યો નહિ. પણ ગોળના કાયદાનું પરિણામ આગેવાનોની સત્તાને ટકાવી રાખનારૂં તો થયું. પરંતુ તેમણે એટલે સુધી તેનો દુરૂપયોગ કર્યો કે વરકન્યા અગર તેમના માબાપ વચ્ચે જરા પણ વાંધો પડે કે દંડ લઇને ગજવાં ભરવા માંડયાં! કોઇ પ્રસંગે વાંદરા બિલાડીનો ન્યાય કર્યો! એટલે વરને ધક્કો મારી છુટકો લખાવી લે અને કન્યા ગોળની થઇ! એવો ચુકાદો આપે. **એજ કન્યાને ગોળના આગેવાનો પૈસા લઈ બીજે ઠેકાણે વેચે!** અને આવા પ્રકારની તથા દંડની રકમો આવે તે આગેવાનો ખાઇ જાય! (**આ સ્થીતી ચાલુજ છે**) ગોળ કે પંચના નામે દંડ લેવાય, જમણો જેવા માર્ગે આગેવાનો મરજી આવે તેમ ખાઇ જાય તે પૈસાનો હિસાબ કે કિતાબ કાંઇ નહિ! આ જુલમથી તો ગોળના આગેવાનો પ્રત્યે નાનાં ગામોને પણ તિરસ્કાર આવી ગયો. સંવત ૧૯૬૬ માં વિવાહ વખતે—પોતે આગેવાન છે અને હકક છે એવો ડોળ કરી ઊંઝામાંથી લગ્ન કહાડવા પરવાનગી માગવા આવેલા પણ તે વખતના કડી પ્રાંતના સૂબા સાહેબ **મહેરબાન ખાસેરાવ જાદવ**, તેમની રીતભાત અને અમારા જ્ઞાતિ સ્વભાવથી પૂર્ણ અનુભવિ હોવાના કારણે તેઓ ફરેબ દઇ શકયા નહિ. જેથી તેમની આગેવાની અને વાગ્દાનને લગ્નવીધિ ઠરાવાની, મરણ પથારીએ પડેલી પદ્ધતિને છેલ્લું ડસકું

આવ્યું અને કંઠ રૂંધાઇ ગયો, તે પ્રસંગે લગ્ન કહાડનારી જ્ઞાતિ કમીટીએ સંયોગો જોઈ ને સં. ૧૯૬૬ અને ત્યાર પછી માંડવ રાત્રીનું લગ્ન–જુજ દિવસના અંતરે થતું તે પાંચ વર્ષના અંતરે–એટલે સં. ૧૯૭૧ ની સાલમાં જાહેર કર્યું, કાયદેસર ઠરેલાં આ લગ્ન સર્વત્ર વધાવાયાં એટલે કાયદામાં જણાતી નામની મુશ્કેલીતો મટી જાય.

આ અરસામાં બાળલગ્નથી થતી ખરાબી વિષે જ્ઞાતિમત કેળવાયો હતો એટલે છુટક લગ્નો થવા લાગ્યાં. છતાં ડુબતો માણસ તરણું પણ પકડે એ રીતીએ અમારા ના. પાટડી દરબારશ્રીને વિનંતી કરવા આગેવાનો ગયા અને તેમની આજીજીથી ના. દરબારશ્રીએ સમગ્ર નાતના આગેવાનોને એકઠા કર્યા. તે પ્રસંગે પણ આવા સેક્રેટરીઓ જેવા નામધારી આગેવાનોએ પોતાનું અસલ પોત પ્રકાશ્યું–સ્વાર્થ તજી દીધો નહિ. જેના પરિણામે **જેને જે તારિખે લગ્ન કરવાં હોય ત્યારે કરી શકે, કોઇને તે માટે નાત બહાર કરી શકાય નહિ એમ બન્યું.** અને ત્યાર પછી જૂની લગ્નપદ્ધતિ લગભગ મરણને શરણ થઈ ગઈ છે.

આ સત્ય હકીકતને ઉડાવી દઈ જાણે કંઈ બન્યુંજ નથી અને છુટક લગ્ન થતાંજ નથી–એવો ડોળ કરી આ નામધારી સેક્રેટરીઓ આપ નામદાર પાસે અરજ લઇને આવ્યા છે તેમની અંતર નેમ એવી છે કે, એકાદ વર્ષ પછી લગ્ન પત્રિકાઓ બહાર પાડી અજ્ઞાન વર્ગને દોરવા પ્રયત્ન કરવો અને બની શકે તો પોતાની મૃત સત્તાને ફરીથી સ્થાપવી. તેમની અરજીનો સાતમો ફકરો કેટલો કાવાદાવા અને સત્ય હકીકત છુપાવનારો છે તેનો આપ નામદાર અમારા આ ખુલાસાથી નિર્ણય કરવા કૃપા કરશો. અને તે સાથે "બાળલગ્ન પ્ર. નિબંધ" ની ૧૮ મી કલમમાં સુધારો કરી–અમારા માટે એમ પણ ઠરાવસો કે બાળલગ્નથી પરણેલી અમારી પ્રજાનું લગ્ન, એકાદ પક્ષની તકરાર આવતાં રદ થઇ શકે અને આગેવાનો તેનો ઈન્સાફ કરી શકે નહિ, પરંતુ તકરારી પક્ષે પોતાની ફર્યાદ કોર્ટ સમક્ષજ લાવવી.

(૮) આઠમા પેરામાં એક બીજી જુઠ્ઠી દલીલ એવી કરે છે કે "અમારી કડવા પાટીદાર જ્ઞાતિમાં કન્યાઓ ઘણીજ થોડી સંખ્યામાં હોવાથી લગ્નવીધિ થઈ વરકન્યાનાં જોડાં નક્કી થઈ જાય નહિ તો કન્યા વિક્રય થાય અને નીતિનું તત્વ ઘટી જવાનો ભય રહે." છેલ્લી વસ્તી ગણત્રી પ્રમાણે ૪ વર્ષની અંદરના કડી પ્રાંતમાં છોકરા ૬૫૯૪૧અને છોડીઓ ૬૭૩૯૦ થઇ છે. બીજી જ્ઞાતિઓ કરતાં અમારી જ્ઞાતિમાં કન્યાઓ ઓછી જન્મે છે એ વાત તદ્દન ખોટી છે એ આ ઉપરથી જોઈ શકાય છે. તેમજ સ્ત્રીઓની સંખ્યાનું પ્રમાણ કોઇ રીતે ઓછું નથી. લેઉવા કણબીમાં દર સો પુરૂષે ૭૭ સ્ત્રીઓ, બ્રાહ્મણમાં ૯૦, વાણીઆમાં ૯૩ અને **અમારી જ્ઞાતિમાં ૯૪ સ્ત્રીઓનું પ્રમાણ આવે છે.** વડોદરા રાજ્યની સરેરાસ ૯૨ જેટલી છે. છોડીઓની સંખ્યા ઓછી હોતી નથી પણ લગ્નપ્રસંગે છોડીઓને કુંવારી રાખી–મુલના દડે પરણાવાથી તાણ પડે છે. કન્યા કરતાં વરની ઉંમર ૪ વર્ષ વધારે રાખવાની જરૂર બતાવી છે તેમાંથી પણ તેઓ મુક્ત થઈ શકે એટલા માટે બીજી એવી મતલબની રજુઆત કરે છે કે–" અમારામાં કન્યાઓ ઓછી સંખ્યામાં હોવાથી તેમની અછતને લઈ યોગ્ય ઉંમરની કન્યા મેળવવા માટે પણ કન્યાવિક્રય થાય અને નીતિનું તત્વ અમારી જ્ઞાતિમાંથી ઘટી જવાનો પાકો ભય રહે, એટલા માટે અમારામાં નાની વયમાં વરકન્યાની લગ્નવીધિ કરી રાખવાનું પરાપૂર્વથી ઠરેલું છે અને તેમાં કાંઈ અયોગ્ય કે હાનીકારક થતું નથી." વર કરતાં કન્યા મોટી હોય અગર સરેરાસ લેતાં ઉભય સમાન વયનાં હોય તેમાં એમને

હાનીકારક જણાતું નથી! એટલે ચાલુ સ્થીતી પ્રમાણે ૧૦–૧૨ વર્ષની કન્યા સાથે ૧૦–૧૨ વર્ષના છોકરાનો શારીરિક સંબંધ થવા દેવો એવો તેમની દલીલનો હેતુ છે, અને તે પાર ન પડે તો કન્યાવિક્રય વધી જશે એવી ભીતિ દેખાડી કન્યાઓ ઓછી હોવાના બ્હાને નીતિને જાળવી રાખવા માગે છે! તેમની તર્કટી દલીલનો એક વખત સ્વીકાર કરી માની લઇએ કે, જ્ઞાતિમાં કન્યાઓ થોડી સંખ્યામાં છે અને વર ઘણી સંખ્યામાં છે અને વિવાહના દિવસ આવે છે ત્યારે પ્રથમ શું કરવું? દરેક છોકરાના બાપને એકજ વખતે છોકરા પરણાવી દેવાની જરૂર પાડનારા રિવાજને રાખવો કે તજી દેવો? આ રિવાજ વરના બાપોની ગરજ પ્રસંગે કન્યાઓના બાપને ખોટી લાલસા ઉત્પન્ન કરાવે ખરો કે નહિ? એક તો ફુલનાદડાનો રિવાજ અને તેમાં પણ કન્યાઓની અછત, તે સંયોગોમાં છોકરાના બાપને છોકરા પરણાવાના સંયોગો ખડા કરવા? કે છોકરાઓ યોગ્ય ઉંમરે આવતા જાય તેમ છુટા છુટા દિવસે પરણાવાનો ઉપદેશ કરવો? કયા પ્રકારે કન્યાવિક્રય વધે? કન્યાઓની અછત હોય તો એ વાત નીર્વિવાદ છે કે સાધારણ માણસોના છોકરા લગ્ન પ્રસંગે કુંવારાજ રહે! ત્યારે મોટાં ગામ કે કૂળવાનોના છોકરા માટેજ બાળકોની લગ્નવીધિ કરવાનો રિવાજ ચાલુ રાખવો એવો અર્થ નથી થતો? આ કયા પ્રકારની નીતિ? આવાજ પ્રકારની નીતિનો આવા નામધારી સેક્રેટરીઓ જેવા વધારો કરતા આવ્યા છે અને હજી પણ તે અધર્મયુક્ત નીતિને ચાલુ રાખવા પ્રયત્ન કરે છે.

એક તીથીનાં લાંબી મુદતે આવતાં લગ્ન અને ગોળ એ બંને કારણો કન્યાવિક્રયને જન્મ આપનારાં છે, છતાં તેનાથી કન્યાવિક્રય અટકાવાની દલીલ જેઓ કરે છે તે કેટલી પોકળ છે એ આપ નામદારને સમજાયા સિવાય રહેશે નહિ. છોકરા કરતાં છોડીઓની સંખ્યાનું પ્રમાણ ઓછું હોતું નથી, છતાં તેવું જણાય તેમણે તો છોડીઓ ઉછેરવા તરફ કાળજી રાખવાનો અને નાની ઉંમરે તેમનાં થતાં મરણો અટકે એવા માર્ગો શોધી કહાડી તેનો ઉપદેશ કરવો જોઇએ. તેમની સંસ્થા અને તે સેક્રેટરીઓ જ્ઞાતિની ઉન્નતિ અર્થે કયો પુરૂષાર્થ કરે છે તેની તપાસ થવાની જરૂર છે.

નીતિનાં તત્વો ઘટી જવાની કાળજી ખાસ ઇચ્છવા યોગ્ય છે. પણ જે રિવાજથી છુટા-છેડા, બાંદ્યવર, ફુલનાદડા અને નાતરાના રિવાજો દિનપ્રતિદીન વધતા જતા હોય તે રિવાજ તજી દેવાથી નીતિ સચવાય કે તેને પકડી રાખવાથી? આ અધમ રિવાજો પડવાનું કારણ લગ્નના જૂના રિવાજને પકડી રાખવાનું જ છે, અને તે સ્પષ્ટ રીતે દરેક જણે કબૂલ કરવું જોઇએ. નીતિની બાબતમાં–જુની લગ્નપદ્ધતિમાં કેટલું ધાર્મિકપણું છે તે આગેવાનોને બતાવી તેમની આંખો ઉઘાડવા અમે જગદ્ગુરૂ પાસે વારંવાર પ્રયત્નો કર્યા ત્યારે ઘણી મુશ્કેલીએ **જગદ્ગુરૂ શ્રી શંકરાચાર્ય માધવતીર્થ સ્વામીએ** જે સર્ટીફીકેટ આપ્યું છે તેમાં અમને સને ૧૯૬૬માં એવો નિર્ણય આપ્યો છે કે—

“ છ મહિનાથી લઇને બે ચાર કે પાંચ વર્ષની કન્યાનો ગમે તેટલી વય-વાળા પુરૂષ સાથે વિવાહ કરવો × × તે ધનાદિના લોભથી ઉન્મત્ત થયેલાનું કૃત્ય છે. આવાં કૃત્ય કરનારા કન્યાના માબાપને રાક્ષસ કરતાં ઉતરતી કોટીના ગણીને તેમની સાથે ધાર્મિક અગર કંઇપણ ન્યાતિ વહેવાર કરવો ઉચિત નથી, તેમજ

તેવા વિવાહને સહાય આપનાર ન્યાતિ પરિષદો તથા પંચાઈતીઓ, અગર ઉપાધ્યાયો એ સઘળા × × × પાપભાગિ થાય છે.”

અમારી કડવા કણબીની નાતમાં બાળકોની લગ્નવીધિ વડે નીતિનાં તત્વો ઘટી જતાં અટકાવાની ઈચ્છા ધરાવનાર આ નામધારી સેક્રેટરીઓ જેવા આગેવાનો, જગદ્‌ગુરૂના આ નિર્ણયનો ખુલાસો કરી શકયા નથી પરંતુ અધર્મ કે અન્યાય ગમે તે માર્ગે પણ પોતાના સ્વાર્થનીજ વાતો કરતા આવ્યા છે, એવા પ્રકારનીજ આપ નામદાર તરફ આવેલી તેમની આ પણ એક અરજ છે.

(૯) નવમા પેરેગ્રાફમાં જણાવેલી વીધિ, લગ્નને કાયદેસર ઠરાવવા માટે કરવામાં આવે તો, જે લગ્નો કાયદેસર ગણાય-તેને લગ્નનો કાયદો લાગુ પાડવોજ જોઇએ. લગ્ન છુટી ન શકે અને કન્યાવિક્રય ન થાય માટે તે રિવાજને વળગી રહેવાની તેમની દલીલ છે પણ તે વાતના અંતરમાં હેતુ જુદો છે, અને તે એ છે કે—જ્ઞાતિની ગમે તે પ્રકારની સ્થીતી થાય તેની દરકાર નહિ પણ આગેવાની કરવાનો તેમનો હક્ક ડૂબી ન જાય એટલા માટે આડી અવળી દલીલો કરીને કહે છે કે “બાળલગ્ન પ્ર. નિબંધ દ્વારા અમોને લાભને બદલે હાની થાય છે.” અહીં એ પ્રશ્ન ઉપસ્થીત થાય છે કે તેને આવકાર દાયક લેખી ક અપવાદ કાઢી નાંખવાની સમસ્ત જ્ઞાતિના આગેવાનો જે માગણી કરે છે તેઓ શું મુર્ખા છે? જ્ઞાતિની લાગણી તેમને નથી અને આ: એજ સદ્‌ગૃહસ્થો કડવા કણબીની જ્ઞાતિ તરફથી આપ નામદાર પાસે દલીલો અને માગણી કરવાની લાયકાત ધરાવે છે?

(૧૦) તમામ જ્ઞાતિમાં એકજ વખતે લગ્ન કરવાથી કરકસરનું સહકાર્ય થવાની અને તેમ કરી ખર્ચમાં ફાયદો થવાની વાત કહી છે. પણ એકંદર રીતે જોતાં સેંકડો ગણું ખર્ચ કરાવનારી અમારી એ રૂઢી છે. ફરજ્યાત કેળવણીનો કાયદો અમારી કોમને કેટલી સખ્ત રીતે લાગુ કરવાની જરૂર છે તેની આવશ્યકતા પણ મહેસાણાના આ મુખી પા. ગંગારામ—સેક્રેટરી અને તેમના સહયોગી પોતાની અરજીના ૧૦ પેરેગ્રાફથી પુરી પાડે છે. છેલ્લા રિપોર્ટ પ્રમાણે વડોદરા રાજ્યમાં અમારી કડવા કણબી અને હજામતનો ધંધો કરનારી એ બંને કોમના સ્ત્રી પુરૂષોની કેળવણીનું પ્રમાણ એકજ સરખું છે! કરકસરના સહકાર્યનો ઉપયોગ બીજી રીતે થઈ શકતો નથી પણ બાળકોની લગ્નવીધિ કરવામાંજ થાય છે? દિકરાને પરણાવવા બાપ જાય અને દિકરીને ઘેર તેની મા અથવા આડોશીપડોશી પરણાવે એનું નામ સહકાર્ય! અથવા છોકરા છોડીનાં લગ્ન પ્રસંગે તેની મા, બાપ, મામો, માશી, કાકી, ફોઇ કે બ્હેન, અને ભાઇ જમણમાં ભાગ લઈ શકે નહિ એનું નામજ કરકસર! મરણ પાછળનાં જમણો કરાવી અમારા ભાઈઓને: ઘરબાર ને જમીનો ગીરો કરાવી મજુરી કરીને પેટ ભરવાની સ્થીતીમાં મુકવાનો ધંધો કરનારા આગેવાનો માફક આ નામધારી સેક્રટરીઓ પણ કણબીને નાતની કરકસર અને સહકાર્ય કરાવાની હિમાયત કરે છે! તેમની હિમાયત વાળી બાળકોનાં વાગ્દાનને બદલે લગ્નવીધિ કરાવનારી રૂઢી કેટલી ખર્ચાળ છે તે નીચેની હકીકતથી આપ નામદાર જોઈ શકશો.

૧. લાંબી મુદતે એકજ દિવસે કણબી જેવી મોટી નાતનાં લગ્ન આવે એટલે દરેક **ચીજ મોંઘી.** કેટલાક ગાંધી વેપારીઓ તો અમારાં લગ્નની રાહ જોઇ એક બે વર્ષ અગાઉથી ખોરી ખારેક અને સોપારીનો સંગ્રહ કરી રાખે છે અને કહે છે કે અત્યારે તો બળધીઆં સોપારી ખાય છે!

૨. નાની ઉંમરનાં બાળકોનું મરણ પ્રમાણ અસાધારણ મોટું હોય છે એટલે દરેક કુટુંબને એકાદ છોડી પરણાવ્યાનો ખરચ તો નકામોજ જાય.

૩. છોડી જીવતી રહે અને રાંડે તો એને ઠામ બેસાડવાનો-લગનના જેટલોજ બીજો નવો ખર્ચ કરવો પડે ત્યારે છોડી ઠેકાણે પડે તો પડી!

૪. વરકન્યા હયાત રહ્યાં તો કર્મે કજોડું! એટલે છુટકો લેતાં અને બીજે વોળાવતાં પણ કન્યાના બાપને નવો ખર્ચ કરવોજ પડે. તેમ ન થાય તો—

૫. લગ્ન પ્રસંગે લ્હાવા લીધા ન હોય! એટલે પુંખણા વખતે વ્હેલડાંના સંગ, જમાઇને લઇને જમવા નિકળે-તેમની સાથે ગામના વહેવાર પ્રમાણે જમણવારનો ખર્ચ કરવોજ પડે તે સાથે કન્યાને સાસરે વોળાવતાં ચૂડો પહેરાવ્યાના અને પગેપયણાં તથા આવ્યાગયાનાં કર દાપાં ચુકવવાંજ પડે! તે સાથે રેલભાડાનો ખરચ થાય તે તો વધારાનો!

૬. એક બે વર્ષની કન્યા પરણાવતાં જે રકમ ખર્ચી હોય તે રકમ કન્યા ઉંમરે આવે ત્યારે પરણાવે તે તો-(૧૦-૧૨ વર્ષ થવાથી) વ્યાજ સાથે બમણી થાય. એ વેપારી દ્રષ્ટિએ **મોટું ખુલ્લું નુકશાન.**

૭. કજોડાં કે અણબનાવની તકરારો ગોળના પટેલો ચુકવે તેમાં મોટી રકમોના દંડ ભરવા પડે, તે દંડની રકમો માત્ર આગેવાનોજ હોઇઆં કરી જાય! તેથી નાતને કાંઇ ફાયદો થાય નહિ.

૮. વિવાહ આવે ત્યારે ફરજ્યાત લગ્ન કરવાનું ઠરવાથી જેની સ્થીતી સારી ન હોય તેમણે કરજે કાઢીને- વ્યાજ ભરીને પણ છોકરા છોડીઓ પરણાવાનો ખરચ કરવોજ પડે. યોગ્ય ઉંમરે લગ્ન થતાં હોય તો દરેક સંયોગોનો લાભ લઇ માબાપ સગવડ કરી કરકસર પણ કરી શકે.

૯. લગ્નનો દિવસ નાતમાં ફેલાવાની ઉછામણી વખતે માતાજીમાં જુજ રકમ આવે છે, પરંતુ તે બદલ લગ્ન કહાડવાનો હક્ક ધરાવનારા અને અવિદ્વાન બ્રાહ્મણો નાતમાંથી હજારો રૂપિઆ ઉઘરાવી ખાય, તે સાથે ગામદીઠ લગ્ન વધાવાનો ખર્ચ થાય તે તો જુદો.

ખરચ વધારે થવાનાં આ તો મુખ્ય કારણો છે પણ આ અનર્થકારી રૂઢીના અંગે બીજુ પરચુરણ ખરચ બંને પક્ષોના વાંધા સાંધા વખતે ઘણું થાય છે. સહકાર્ય કરવાને બદલે આ રૂઢી દરેક પ્રસંગે જ્ઞાતિમાં કલહ ઉત્પન્ન કરાવે છે અને વયની અસમાનતાને લઇ વરકન્યા વચ્ચે પ્રીતિ બંધાતી નથી એટલે વર વધુ વચ્ચે અણબનાવ રહે છે, છુટકાના કેસો થાય છે, નાની વયનાં બાળકોનું મરણ પ્રમાણ વધારે હોવાથી ૬૦-૭૦ ટકા જેટલાં જોડાં ખંડિત થાય છે એટલે રાંડવાના પ્રસંગ બને છે, તેમજ એક ઉપર બીજી સ્ત્રી લાવવાના અને પ્રથમનીને રખડાવવાના પ્રસંગો જેવાં અનેક કારણો ઉપસ્થીત થતાં વર કન્યાનાં માબાપ વચ્ચે વિખવાદ થાય છે, અને તેઓ એક બીજા સાથેનો દરેક પ્રકારનો સંબંધ ત્રણ ચાર પેઢી સુધી કરતાં નથી. આ સઘળા અનર્થો ઉપરાંત જ્ઞાતિની દિકરીઓ આ રૂઢીના મહા પાપનો ભોગ થઇ પડે છે. દિકરાઓ ગુ. ત્રીજું ચોથું ધોરણ ભણતા હોય કે ઘરમાં વહુ આવે છે એટલે ચોપડી સ્લેટને ખંડીએ ભરાવે છે, કારણ વહુ આવે એટલે નિશાળે જતાં શરમ થાય! એ કારણને લઇ સ્ત્રી કેળવણીનું અમારી નાતમાં મોટું મીડું છે તેજ પ્રમાણે પુરૂષ વર્ગમાં પણ કેળવણીના નામે શુન્ય જેવું છે. **કડવા કણબીમાં સેંકડે ૧૩,** લેવામાં ૪૧,

ઘાંચીમાં ૩૧, દરજીમાં ૧૮, બારોટમાં ૨૮, લુહાણામાં ૫૪ સુતારમાં ૨૬, વાણીઆમાં ૭૦ અને હજામમાં ૧૩ જેટલા ભણેલા છે. આ બાળકોની લગ્નવીધિ કરાવનારી તેમની લગ્ન-પદ્ધતિ કરકસર અને સહકાર્ય કરાવનારી નથી પરંતુ અમારી દરેક પ્રકારની સંપત્તિનો નાશ કરનારી છે એટલે તેને તજી દેવામાં આવી છે. છતાં તેનો પુનરોદ્ધાર કરવામાં સ્વાર્થી માણસો ફાવી ન જાય એ તરફ આપ નામદારનું ધ્યાન ખેંચવા આપના આ સેવકો ખાસ વિનંતી કરે છે.

(૧૧) મા પેરામાં જણાવેલી મુસ્કેલીઓ, કાયદા કરતાં વિરૂદ્ધ વર્તન ચલાવી–એક બે વર્ષના બાળકને પાંચ છ વર્ષનાં ગણાવી રજાચીટ્ઠી મેળવવા ઇચ્છતા માણસો માટે કદાચ સત્ય હશે અને તેવાં બાળકોને પરણાવતાં જે મુસ્કેલીઓ આવે તે એમણે અહીં વર્ણવી છે. દંડ આપવા તેઓ મનસ્વીપણે તૈયાર થાય છે કે કાયદો તેમને ફરજ પાડે છે? તે ફરજ સરકાર પાડે છે કે કડવા કણબીની નાત પાડે છે, કે તેમના જેવા નામધારી સેક્રેટરીઓ પાડે છે? દંડ ભરવો પડે તેમાં કાયદાનો દોષ નથી. આપ નામદારને અમારી નમ્રતા પૂર્વક એજ અરજ છે કે દંડના બદલે કેદની સજા કાયદામાં દાખલ કરવી જેથી તેમણે કહેલી હેરાન-ગતી મટી જાય.

(૧૨) " મોટી ઉંમરે એટલે પંદરથી સોળ વર્ષની ઉંમરે રજોદર્શન થઈ ગયેલી કન્યા-ઓને સાસરે વોળાવાનો અમારામાં રિવાજ હોવાનું તેમણે કહ્યું છે અને તેવીજ કન્યાઓને સાસરે વોળાવી શકાય એવો કાયદો સરકાર કરેતો અમારી જ્ઞાતિના હજારો લોકો તે સ્વી-કારશે " એવી દલીલ ૧૨ મા પેરામાં કરવામાં આવી છે પણ તેનો ગર્ભિત હેતુ બાળકોને પરણાવાની રજા માગવાનો છે. વારૂ. આપ નામદાર તેમને પુછવા કૃપા કરશો કે–વરકન્યાની ઉમરમાં ૪–૬ વર્ષનો તફાવત રાખવો અને ૧૬ વર્ષ કરતાં નાની–રજસ્વલા ન થઇ હોય તેવી–કન્યાને સાસરે વોળાવવી નહિ અને તે નિયમનો ભંગ કરનારને અમુક વર્ષની સજા અને એક હજાર રૂ. દંડ કરવાનો કાયદો ના. સરકાર તમારા માટે કરે તો તમે કેટલા કડવા કણબી સંમતિ આપો છો? તે સાથે તે ઉમરે આવતાં સુધી છોકરા છોડીઓ કેળવણી લેતાં બંધ ન થાય તેની પણ જામીનગીરિ તેમની પાસેથી માગવાની આપ નામદાર કૃપા કરશો તો તેમનો આંતર હેતુ શો છે તે જણાઈ આવ્યા સિવાય રહેશે નહિ.

(૧૩, તેરમા પેરામાં જણાવેલી તેમની માગણી જ્ઞાતિ તરફની નથી, જ્ઞાતિના પ્રતિની-ધિરૂપે તેમને એ માગણી કરવાનો કેટલો હક્ક છે એનો આપ નામદાર વિચાર કરી જોશો. તેમજ કયા હેતુ સર તેમણે એ માગણી કરી છે તેનો પણ વિચાર કરવાની આપ નામદાર જરૂર જોસો એવી અમારી વિનંતી છે. તે સાથે કાયદામાં સુધારો કરવાની અમારી એ અરજ છે કે ઉપર જણાવેલાં કારણોને લઇ

(૧) કાયદામાં क અપવાદ છે તે દુર કરવો અથવા તેનો લાભ અમને નહિ મળે એમ ઠરાવવું.

(૨) દંડના બદલે સજાનું ધોરણ દાખલ કરવું.

(૩) બાળક લગ્નવીધિ વાળુ લગ્ન બંને વચ્ચે તકરાર પડતાં ગેરકાયદેસર ઠરાવવું.

(૪) કાયદાના અર્થનો અનર્થ કરી અજ્ઞાન વર્ગને અવળે માર્ગે દોરનારને સજાને પાત્ર ઠરાવવા અને તેઓ તેમ કરતા અટકે એવો હુકમ તાકીદે બહાર પાડવો.

(૫) અમારી જ્ઞાતિમાંથી આવેલી દંડની રકમ અમારી જ્ઞાતિ સંસ્થાઓને બાળલગ્ન અટકાવાની તરફેણમાં લોકમત કેળવવા માટે આપવી.

(૬) બે રૂપિઆના સ્ટેમ્પ પર અરજી કરવાના બદલે ખેડુત પ્રજા માટે એક આનાનો સ્ટેમ્પ રાખવો.

(૭) ગોળના નિયમો, પ્રોસીડીંગો તથા હિસાબ નિયમીત રીતે રાખવાની આગેવાનોને ફરજ પાડવી.

(૮) અમારી જ્ઞાતીની વસ્તુસ્થીતી તપાસનારૂં–અમારા સ્વભાવથી પરિચીત અને દિલસોજ અમલદારના પ્રમુખપણા નીચે સમગ્ર જ્ઞાતિના પ્રતિનીધિઓનું એક કમીશન નીમવું અને અમારી આ અરજીમાં સમાએલા સત્યની ખાત્રી કરવા આપ નામદારે કૃપા કરવી.

(૧૪) છેલ્લા પેરમાં તેમણે શ્રીમંત સરકારને યોગ્ય નિર્ણય ઉપર આવવાની વિનંતી કરી છે તે સામે અમારી લાંબા વખતની જે માગણીઓ છે અને જ્ઞાતિમત કેળવી "બાળલગ્ન પ્ર. નિબંધ"ના ઉદ્દેશ બર લાવવા માટે અમારી જ્ઞાતિ સંસ્થાએ જે અથાગ પરિશ્રમ વેઠયો છે અને જે વેઠે છે તેના ઠરાવોને ન્યાય આપવાની અમારી પણ આપ નામદાર પ્રત્યે નમ્ર વિનંતી છે.

૬. અમારી સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિના કચ્છ, નિમાડ, માળવા અને ગુજરાતનાં સ્થળોના પ્રતિનીધિઓની છેલ્લી સાતમી બેઠક કડી પ્રાંતના સેરથા ગામે તા. ૧૮, ૧૯, ૨૦ માહે મે સને ૧૯૧૮ ના રોજ થઇ હતી તે વખતે પસાર કરવામાં આવેલા ઠરાવો પૈકી નીચેના ઠરાવો શ્રીમંત મહારાજા અને મે. ન્યાય મંત્રી સાહેબ તરફ મોકલવામાં આવ્યા છે.

ઠરાવ રજો. "સેના ખાસ ખેલ શમશેર બહાદુર ના. શ્રીમંત સરકાર **સયાજીરાવ** ગાયકવાડનું સહકુટુંબ દીર્ઘાયુષ્ય ઇચ્છે છે અને તે નામદારે પોતાની પ્રજાના કલ્યાણ અર્થે "મફત અને ફરજ્યાત કેળવણી" તથા "**બાળલગ્ન પ્રતિબંધક નિબંધ**"ના કાયદાઓ ઘડી તેનો અમલ કરવા માંડયો છે તે તરફ આ સમાજ પોતાની સહાનુભૂતિ દર્શાવે છે અને પોતાની ખેડુત પ્રજાના હીતનાં અનેક કાર્યો તે નામદારના હાથે થયેલાં જોવાની ઉત્કંઠા રાખે છે."

ઠરાવ ૮ મો. "દેશના આધારરૂપ ખેતીવાડીનું શિક્ષણ, ખેડુત પ્રજાનાં સંતાનોને માતૃભાષામાં મળી શકે તેમજ એક શહેરી પ્રજા તરિકે જીવન ગાળવામાં આ અગત્યની કોમ પછાત ન રહી જાય તે ધોરણપર તેમના માટે ખાસ નિશાળો અને કાલેજો ઉઘાડી ખેડુત પ્રજાનું હીત સાચવવા દરેક રાજા મહારાજા અને ના. બ્રીટીશ સરકારને આ સમાજ આગ્રહ પૂર્વક વિનંતી કરે છે."

ઠરાવ ૧૦ મો. "ગુજરાત પ્રાંતમાં પાટીદાર કોમ એક અગત્યની અને મોટી સંખ્યાવાળી હોવા છતાં ના. વડોદરા સરકારની ધારા સભામાં અત્યાર સુધી કડવા પાટીદાર જ્ઞાતિનો એક પણ સભાસદ નિમવામાં આવ્યો નથી માટે આ સમાજ સદરહુ કોમમાંથી ધારા સભામાં સભાસદ નિમવાની આગ્રહ પૂર્વક વિનંતિ કરે છે."

ઠરાવ ૧૩ મો. "બાળલગ્ન પ્રતિબંધક નિબંધની કલમ ૮ ની રકમ ક દુર કરી, સદરહુ નિબંધ સંપૂર્ણ રીતે આપણી જ્ઞાતિને લાગુ પાડવા અને નિબંધ અન્વયે દંડની વસુલ આવેલી રકમ જ્ઞાતિમત કેળવવાના ઉપયોગ અર્થે આપવા નેક નામદાર શ્રીમંત મહારાજાની

દયાળુ સરકારને આ સમાજ વિનંતી કરે છે અને અપવાદ क માંથી અત્યાર સુધી દુર કરવામાં આવ્યા નથી તે માટે એક અરજી કરવા તથા ડેપ્યુટેશન મોકલવાનો ઠરાવ કરવામાં આવે છે."

ઠરાવ ૩૩ મો. "ખેડુત વર્ગની ઉન્નતિને આડે આવનાર તથા તેમના માન અને પ્રતિષ્ટાને હાનિ પહોંચાડનાર વેઠનો કાયદો રદ કરવા ના. વડોદરા રાજ્યની ધારાસભાએ જે ઠરાવ કર્યો છે તે ઠરાવને જલદી અમલમાં મુકવા આ સમાજ ના. શ્રીમંતની સરકારને આગ્રહ પૂર્વક વિનંતિ કરે છે."

ઠરાવ ૩૪ મો. "મરણ પાછળ જાહેર રસ્તા ઉપર રોવા કુટવાનો રિવાજ નાબુદ કરવા અને તે મા કાયદો ઘડી તેનો અમલ કરવા ના. શ્રીમંતની સરકારને અરજ કરવાનો આ સમાજ ઠરાવ કરે છે."

૭. અમારી સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિના પ્રતિનીધિઓની "**શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજ**" તરફથી આપ નામદાર પ્રત્યે અમારી એ પણ અરજ છે કે જ્યારે બીજાં દરેક રાજ્યો બાળલગ્ન અટકાવાના કાયદા ઘડી પોતાની પ્રજાને લાભ આપવા લાગ્યાં છે અને હીન્દુ હીન્દુ જ્ઞાતિઓનાં લગ્નને કાયદેસર ઠરાવાની હીલચાલને સમગ્ર દેશમાંથી આવકાર મળેછે તે અનુકૂળ સમયે પણ અમારી આ અરજી અને લાંબા વખતની શ્રીમંત સરકાર પાસે અમે કરેલી માગણીઓને ધ્યાનમાં લઇ અમને ન્યાય મળે તેમ થવા શ્રીમંત મહારાજાના નેક લક્ષપર મુંકવા પણ આપ નામદાર કૃપાવંત થસો.

અમો છીએ આપ નામદારના

અજ્ઞાંકિત સેવકો.

K. S. Lalsinhji Raisinhji. Viramgam.
President of the last 7th. Sessons Sertha. Kadi-Dist. (1918)
Ex-President of the 5th. Sessons Dhrangadhra. (1915)
Chairman of the R. Committee 1st. Sessons Viramgam.
Member of the Managing Committee of the Samaj.

Pitambardas K. Patel. L. M. & S. Ahmedabad.
Ex-President 1st. Sessons Viramgam. (1909)
Member of the Managing Committee of the Samaj.

Karsandas Jeshingbhai Desai.
Ex-President 2nd. Sessons Baroda. (1910)
(*First Class Sub-Judge. Ahmedabad.*)

Ratilal Kesavlal Sitwala.
Ex-President 3rd. Sessons Bavala. (1912)
Chairman R. Committee 5th. Sessons. Dhrangadhra.
(*Accountant General Dhrangadhra State.*)

Jethalal C. Swaminarayan. M. A.
Ex-President 4th. Sessons Viramgam. (1915)
Vice-President 1st. Sessons Viramgam. (1909)
Member of the Managing Committee of Samaj.
(*Professor of Mathematics Gujarat College-Ahmedabad.*)

Popatlal S. Patel. B. A. L. L. B.
Vice—President 4th. Sessons Viramgam (1915)
(*Sar-Nyayadhish Dhrangadhra State.*)

Sheth Durgaprasad S. Laskari.
Ex—President 5th. Sessons Padra. (1917)
Member of the Managing Committee of the Samaj.

Purshottamdas H. Patel.
Chairman R. Committee 2nd. Sessons Baroda.
(*Edjucation Dpt. Baroda State.*)

પટેલ પુરૂષોત્તમ લલુભાઈ બાવળા.
Chairman R. Committee 3rd. Sessons Bavala. [Branch.
Joint Secretary of the Samaj for-Daskoshi Bhal Divisons

તળજાભાઇ નાથાભાઈ પટેલ. પાદરા.
Chairman R. Committee 6th. Sessons Padra. [Branch.
Joint Secretary of the Samaj for-Baroda & Brooch Divisons
(*Member of Panchayats & Co-operative C. Society Baroda State*)

પા. રણછોડભાઇ સીભાઈદાસ સેરથા.
Chairman R. Committee 7th. Sessons Sertha.
Joint Secretary of the Samaj for-Kadi Prant Divisons Branch.

નારાયણજી રામજી કોન્ટ્રાકટર મુંબઇ.
Ex-President 1st. Sessons Nimad and Malva K. P. Sabha-
(The Branch of Samaj) Kuva-Holkar State (1917)
(*Representative of Kadva Patidar in Cutch.*)

દેસાઇ ચંદુલાલ મણીલાલ વિરમગામ.
President last 2nd. Sessons Nimad and Malva K. P. Sabha-
(The Branch of Samaj) Sundrel-Dhar State. (1918)

પટેલ મંગળદાસ કીલાભાઈ. મુંબઈ. [Branch.
Joint Secretary of the Samaj for-Bombay & Cutch Divisons

પટેલ ત્રીકમલાલ દલપતરામ. અમદાવાદ.
Joint Secretary of the Samaj for-Prantij, Dehgam & Ahmedabad Divisons Branch.

પા. રણછોડદાસ જીવણદાસ. સેરથા.
Joint Secretary of the Samaj for–Kadi Prant Divisons **Branch**.

પા. શીવલાલ પિતામ્બરદાસ. ટીકર. (ધ્રાંગધ્રા સ્ટેટ)
Joint Secretary of the Samaj for–Zalawad &
Machchhu Kantha Divisons Kathiawar Branch.

પા. જીવાભાઈ ખુશાલદાસ. ભાવનગર.
Joint Secretary of the Samaj for–Gohelwad D. Kathiawar Branch.

Nathalal Damodardas Parikh. Viramgam.
Joint Secretary of the Samaj for–Viramgam Divisons Branch.

ગોરધનદાસ મોહનલાલ. વિરમગામ.
છગનલાલ નરોતમદાસ. અઘાર.
લાલજીભાઈ દયારામ. વિરમગામ.
દેસાઈ અમરસિંહ દેસાઈભાઈ.
} Members of the Managing Committee of Samaj.

પા. મફાભાઈ ગોવીંદજી. વિરમગામ.
Additional Secretary of the Samaj.

Keshavlal Madhavlal Pleader.
General Secretary–Viramgam.

Maganbhai G. Engineer––Ahmedabad.
Tantri " **Kadva Vijaya** "
(*Monthly Magazine issued by the Samaj.*)

વિરમગામ–પાટડી.

પાટડીમાં સ્થપાયેલું અનાથાશ્રમ.

પાટડી મહાજનને અભિનંદન અને સુચના.

પાટડીમાં અનાથાશ્રમ ઉઘાડવાની હીલચાલ કેટલાક વખતથી ચાલે છે અને તે વિષે ખબર પ્રસિદ્ધ કરી અમારાથી બનતી સેવા કરવા માટે આશ્રમના સેક્રેટરી તરફથી વિનંતી કરવામાં આવી હતી. પરંતુ તેના નિયમો વગેરે જાણ્યા સિવાય તે ઉપર વિચારો પ્રસિદ્ધ કરી જનસમાજની મદદ મેળવવાના કાર્યમાં કેટલીક અડચણો હોવાથી તે વિષે ગયા અંકમાં એક ટુંક ખબર અમારા વાંચકોની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવી છે. સદરહુ આશ્રમને લગતી વિશેષ હકીકત આ અંકમાં પ્રસિધ થયેલી જાહેર ખબરથી જાણી સકાશે. આશ્રમનું કાર્ય સેક્રેટરીના નામથી ચાલે છે પરંતુ તે સાથે ખુલ્લી રીતે સેક્રેટરીનું નામ પ્રસિદ્ધ કરવામાં આવતું નથી એ ખામી સુધારવાની જરૂર છે. સેક્રેટરી તરિકે રા. ઝીણાભાઇ મગનલાલ દેશાઇ કામકાજ કરે છે એવું અમારા જાણવામાં આવ્યું છે.

રા. ઝીણાભાઇ પાટડી સ્ટેટના અધિકારી વર્ગ પૈકીના એક છે, તોપણ ખંત અને સહકાર્યના સિદ્ધાંતને અનુસરી કામ લેવાની તેમની પદ્ધતિના અનુભવ ઉપર આશ્રમ જેવી સંસ્થા ફત્તેહમંદ નિવડવાનો આધાર છે. આવી આશિર્વાદ રૂપ સંસ્થા હયાતીમાં રહેવાથી રા. ઝીણાભાઇની મહેનત અને શુભેચ્છાઓનું શુભ ફળ આવશેજ. તેમના જેવા બાહોશ માણસના હાથે આવી આશિર્વાદ રૂપ સંસ્થાનું કાર્ય શરૂ કરવા માટે અમે પાટડી મહાજનને અભિનંદ આપીએ છીએ તે સાથે તેમના બુદ્ધિકૌશલ્ય અને અનુભવનો લાભ લેવાની પણ ભલામણ કરીએ છીએ.

પાટડી અને વિરમગામ જેવાં કસ્બાનાં ગામોના જનસમાજની સ્થીતી તરફ જ્યારે એમે દ્રષ્ટિ કરીએ છીએ ત્યારે ખરેખર પારાવાર દિલગીરિ થાય છે. સાર્વજનિક કિંવા લોકહીતનાં કાર્યોમાં આ બંને ગામોના આગેવાનો અગર શહેરીઓના નામે મોટું મીંડું છે. પાટડી કરતાં વિરમગામ એક શહેર જેવી સ્થીતી ધરાવે છે, વેપારી વર્ગ, શેઠ શાહુકાર અને ધારાશાસ્ત્રીઓની સંખ્યા સારા પ્રમાણમાં છે છતાં પેટંભરીના સિદ્ધાંત કરતાં તેઓ વધારે વધ્યા હોય એમ જણાયું નથી. લોકહીતની હીલચાલમાં કેટલીક વખત વિરમગામ સાથે અમે રસપૂર્વક ભાગ લીધો છે, પણ ત્યાંનો કેળવાયેલો વર્ગ ઘણોજ પછાત અને લોકહીતની સમજથી દૂર હોવા ઉપરાંત તદ્દન હૃદયબળ અને કર્મશક્તિના અભાવ વાળોજ જણાયો છે. પાટડીની સ્થીતી એ કરતાં કંઇક જુદા પ્રકારની છે. હરીફાઇમાં આગળ આવવાની અને લોક કલ્યાણનાં કાર્યમાં વિઘ્ન નહીં નાંખવાની પાટડીના જનસમાજની ગુપ્ત રીતી કેટલીક પ્રસંશનીય છે, તે સાથે ત્યાંનો યુવાન અને વેપારી વર્ગ લોકહીતનાં કાર્યોમાં ભાગ લેતો નથી એ ખરૂં પણ તેમ કરવાની તેમની જીજ્ઞાસા બિલકુલ મરી ગઈ હોય એવું નથી પણ અનુભવ અને દોરનારના અભાવે પાટડીમાં લોકહીતનાં કાર્યો અત્યાર સુધી થયાં નથી એમ કહીશું. પ્રાતઃસ્મરણીય સ્વ. નેક નામદારશ્રી સૂર્યમલજી સાહેબના શબ્દોમાં કહીએ તો "હલાવ્યા વિના હાલે છે." એ કહેતી પાટડીને સંપૂર્ણ લાગુ પડે છે. જગતની દરેક પ્રજાનુ ભવિષ્ય આજે વિજળી વેગે સાંચાઓમાં ઘડાય છે ત્યારે આ બંને ગામના શહેરીઓ પણ પોતાના ગામ અને આસપાસના લોકોની સ્થીતી સુધારવા જાગૃત થાય, પ્રભુ તેમને તે માટે પુરતુ બળ અને બુદ્ધિ બક્ષે એવી તેના પ્રત્યે અમારી પ્રાર્થના છે. અસ્તુ.

સદરહુ અનાથાશ્રમ પાટડી મહાજનની મદદ અને સહકાર્યના અંગે ચાલવાનું છે, અને આશ્રમના નિભાવ અર્થે મહાજને ગામમાં આવતી ચીજો ઉપર વેપારી વર્ગ પાસેથી લાગો લેવાનો ઠરાવ કરી તેનું પ્રમાણ પણ નકી કર્યું છે. તોપણ મહાજનને અમારી વિનંતી છે કે, ખાધાખોરીકી ઉપરનો લાગો કહાડી નાંખી કેટલોક સુધારો વધારો થવાની જરૂર છે. ઇમારતી લાકડાં અને લોખંડ જેવી ચીજો ઉપરનો લાગો વધારવો જોઇએ, તેમજ જે રીતે કપાસનાં વેગનો ઉપર લાગો ઠરાવ્યો છે તે પ્રમાણે કાલાંનાં અને કપાસનાં અને કપાસીઆનાં ગાડાં ઉપર પણ લાગો નાંખવો જોઇએ, રૂની ગાંસડીઓ ઉપરનો લાગો ખરીદ કરનારના માંથે હોવો જોઇએ પછી વસ્તુ ગમે ત્યાંથી લેવાય. વળી કપાસ લોઢવાનાં અને ગાંસડીઓ બાંધવાનાં કારખાનાંમાં આવતા સ્ટોર-માલની કિંમતના પ્રમાણમાં લાગો લેવો જોઇએ તે સાથે ગામમાંથી કારખાનાં વાળાઓ ઢાલીઆં લઇ જાય છે તેના દરેક ગાડા ઉપર ઓછામાં ઓછા ૦-૪-૦ ચાર આના કરતાં પણ વધારે લાગો-અનાથાશ્રમની

સંસ્થાના નિભાવ માટે લેવાય એ તદ્દન ન્યાય યુક્ત લાગો છે એવો અમારો નમ્ર અભિપ્રાય છે. ટુંકામાં અમે મહાજનને સુચના કરીએ છીએ કે રેલ ઉપર આવતા અને પગ રસ્તે ગામડામાં આવતા–ગામમાં પેસતા માલ ઉપરનો લાગો લેવાની નીતી રીતી એકજ પ્રકારની હોવી જોઇએ.

મહાજનના ધારાઓ સંબંધી પણ કંઇક સુચના કરવાની અમને જરૂર સમજાય છે. સહકાર્યનો અનુભવ આ મહાજનને પ્રથમજ કરવાનો છે. અત્યાર સુધી મહાજનના કામકાજની પદ્ધતિ કેટલીક વખતે એક હથ્થુ થઇ જવાના દાખલા બન્યા છે. પરંતુ નાના વેપારીઓના મનની મોટાઇ અને કંઇક શરમ ભરવાની રીતભાતને લઇ મહાજનમાં ટંટા બખેડા થયા નથી. અત્યારથી મહાજનની સ્થીતી જુદા પ્રકારની થાય છે એટલે સંસ્થાના લીધે પાટડી મહાજનની કીર્તિ સાથે કામકાજના બોજાનો પણ વધારો થશે. લાગો વસુલ કરનાર, તકરાર સાંભળનાર, આશ્રમનો વહીવટ કરનાર વગેરે જુદી જુદી કમીટીઓ, મહાજને પોતાના કુલ્લ મેમ્બરોની સંખ્યામાંથી નિમવી અને દરેક કમીટીના સેક્રેટરીઓ પણ નીમવા. કામની વહેંચણી એજ કામ કરવાની સર્વોત્તમ રીત છે. આ કમીટીઓ સમસ્ત મહાજને નિમવી જોઇએ અને દરેક કમીટીઓ ઉપરની અપીલનો ચુકાદો સમસ્ત મહાજન-ની સભામાંજ થવો જોઇએ. મહાજનના ચુકાદા ઉપર ના. દરબાર સાહેબને અપીલ કરવાની પદ્ધતિ વહેવારૂ નથી. જે મહાજન માટે અપીલ કરવાની જરૂર હોય તે મહાજન કહેવાય નહિ, તેનાથી અનાથાશ્રમ જેવી સંસ્થા ચાલે એ અમને તો તદ્દન અસંભવિતજ લાગે છે, મહાજન ગરિબનું બેલી ગણાય છે એટલે તેના ઉપર થયેલી અપીલનો ચુકાદો લેવા જવું અને ના. દરબારશ્રી તેવો ચુકાદો આપે એ વસ્તુસ્થીતી પસંદ કરવા યોગ્ય નથી, તે વાતમાં સહકારીપણું નથી. વાસ્તવિક અને કાર્ય કરવાની પ્રણાલી તો એજ હોય કે નાના મોટા દરેક વેપારીનો મહાજનમાં એકજ મત–વોટ–હોવો જોઇએ. કામ કરી શકે તેવા મા-ણુસોને કામ સોંપી બીજા પ્રતિષ્ટીત કિંવા મોટા વેપારીઓએ તો, તેઓ ભુલ ન કરે અને અનાથ આશ્રમનુ કામ ફતેહમંદ રીતે ચાલે એટલા પુરતીજ મોટાઓએ કાળજી રાખવી જોઇએ. આગેવાન જેવા મોટા માણસોને પોતાનું ખાનગી કામ ઘણું હોય છે અને લોકહીતની તેમને ઘણી ઓછી પરવા રહે છે, એ સિદ્ધાંતનો અમને સંપૂર્ણ અનુભવ થયો છે. તે લક્ષમાં રાખી, મતમતાંતરને દેશવટો આપી, માત્ર સંસ્થાની યોજના ફળીભૂત કેમ નિવડે એ દષ્ટિએ કામ લેવાથી મહાજન ફત્તેહમંદ નિવડશે, નહીં તો જનસમાજમાં દરેક હાંસીને પાત્ર ઠરશે એવો અમારો નમ્ર અભિપ્રાય છે.

છેવટે અનાથાશ્રમ જેવી સંસ્થા ખોલવા માટે પાટડીના સમસ્ત મહાજનને અમે ધન્યવાદ આપીએ છીએ અને જે ઉદાર ભાવના રાખી તેમણે લાગો ઠરાવીને અનાથાશ્રમ જેવી ગરિબ અને અપંગો માટે આશિર્વાદરૂપ સંસ્થા ખોલી છે તે માટે પ્રભુ પ્રત્યે અમારી પ્રાર્થના છે, કે પાટડીના મહાજનના દરેક મેમ્બરો–વેપારીઓને તે સંસ્થા નિભાવવા માટે તેમનામાં હોય તે કરતાં વિશેષ બળ, બુદ્ધિ અને ધન આપે! તેમનો વિજય કરાવે!

જો કે આ સંસ્થા સાર્વજનિક છે અને અમારૂં માસિક એક જ્ઞાતિના ખર્ચે ચાલે છે, તોપણ મહાજનને ખાત્રી આપીએ છીએ કે અમારાથી બનતા પ્રકારની મદદ આશ્રમને માટે આપવા બનતો પ્રયત્ન કરવામાં આવશે.

અધિપતી.

પર્વનું સત્ય પશ્ચિમમાં.

સ્ત્રીઓની મહત્તા.

(યૂરોપના એક મહાત્માના વિચારોનું અવતરણ.)

ભગવાન્ **મનુએ** કહ્યું છે કે "જ્યાં સ્ત્રીઓને પૂજ્ય ગણવામાં આવે છે ત્યાં દેવતાઓ આવીને વાસ કરે છે." આ સત્ય આપણા માટે તો :અનાદિ કાળથી સત્યજ હતું, પરંતુ કાળે કરીને ધર્મથી વિમુખ થતાં—સનાતન ધર્મને તજી દેવાથી—જુદા જુદા પ્રકારના જાતિ અને ધર્મભેદ વાળી માન્યતાઓ જેમ જેમ દ્રઢ થતી ગઇ તેમ તેમ સત્યથી વેગળા જવાપણું આપણામાં આવતું ગયું છે. તેમાં પણ આપણા જેવી પછાત કોમમાં તો સ્ત્રી વર્ગની જરા પણ કિંમતજ નથી. સ્ત્રીઓ એટલે જાણે ઘરની નોકર કે રાંધી ખવાડનારી રસોઈણ ! બહુતો છોકરાની લાલસાએ (બીજા માટે નહિ !) કણબીની નાતમાં છોકરાની મા એટલે (૪૦ વર્ષ થઇ ગયાં હોય તો) ઘરની વહુ ગણાય. તેમાં પણ સહધર્મિણી, કલત્રં, પ્રિયા, કાંતા અર્ધાંગના અથવા ગૃહણિ થવાનો હક તો ભાગ્યેજ (સાસુ મરી ગઇ હોય અને શોકય ન હોય તોજ) પ્રાપ્ત થાય ! તે પણ કેવા પ્રકારનો હોય છે તે તો સહુ જાણતાજ હશે. આ સ્થીતી અક્ષમ્ય છે અને તેનો દોષ સંતાનો વૃદ્ધ મા બાપને માથે નાંખવામાં ઢીલ કરશે નહિ. અસ્તુ. આ સ્થીતીનો ભોગ ભવિષ્યની પ્રજા પણ ન થઇ પડે તે માટે આપણા યુવકોએ ચેતવાનું છે. આપણાં સંતાનો પુત્ર અને પુત્રીઓ ગૃહસ્થાશ્રમના ધર્મો સમજી શકે, અને વહેવારમાં પોત પોતાનું સ્થાન લઇ પોતાનું નાવ સંસાર સમુદ્રમાં ઉત્તમ રીતે ચલાવી શકે તે માટે ઘણાં વર્ષોથી આપણે સ્ત્રી વર્ગની લાયકાત ને ઘણી રીતે સમજી શકયા નથી, તો તેનામાં રહેલાં ઉત્તમ તત્વોને ખીલવવા પ્રયત્ન કરવો એ દરેક માતા, પિતા અને ભાઈ કે પતિની ફરજ છે. પશ્ચિમ દેશમાં માણસાઇના ગુણોનું શિક્ષણ આપનાર એક અપૂર્વ મહાત્માએ સ્ત્રીઓમાં રહેલા દૈવી તત્વોનું જે વર્ણન પોતાના "કુટુંબ પ્રત્યે ફરજ" વાળા નિબંધમાં કર્યું છે તેના અંગ્રેજી લેખ ઉપરથી કેટલાંક અવતરણો અમે નીચે આપ્યાં છે.

"સ્થીરતા જેવું એક સારૂં તત્વ જે ભાગ્યેજ બીજે દેખાય છે તે કુટુંબ—સ્ત્રીમાં છે. વૃક્ષ ઉપરની વેલી માફક પોતાની મેળેજ પ્રગટ પણે કુટુંબનો સ્નેહ તમારી આસપાસ વિંટાઇ રહે છે. તેઓ ઘડીએ ઘડીએ તમારી પાછળ આવે છે અને પોતાની જાતને તમારા જીવન સાથે શાંત રીતે ઓળખાવે છે. ઘણી વખતે તમને તેની ખબર પડતી નથી કારણ તેઓ તમારા અંગનો એક ભાગ છે, પણ જ્યારે **તમે તેને ખોઈ દો** છો ત્યારે તમને સમજાય છે કે તમારી હયાતી માટે ઘણું અંગત અને જરૂરનું, બ્યાન ન કરી શકાય તેવું, કંઇક જતું રહ્યુ છે; તમે ભ્રમિતની પેરે નિરંતર રખડો છો, ક્ષણિક આશ્વાસન અગર આનંદ તમે કદાચ મેળવી શકો, પરંતુ સરોવરની સપાટી ઉપર દેખાતી શાંતિ નહિ, નિશ્ચિંત નિંદ્રા-વાળી શાંતિ પણ નહિ, માતાના ઉરમંડળ ઉપર બાળકને શાંતિ અર્પે છે તેવી નિંદ્રા, દૈવી આશ્વાસન અને શાંતિ તો નહિજ."

"કુટુંબમાં સ્વર્ગની દેવી તે સ્ત્રી છે. **પ્રેમદેવી** કે જે માણસ જાતની સંભાળ રાખે

છે તેના પ્રતિબીંબ રૂપે, દરેકના માટે પ્યારનું શાંતિપ્રદ માધુર્ય પોતાના હૃદય પ્રદેશ ઉપર ધારણ કરી, દરેકના જીવનની રક્ષક તરિકે, માતા પત્નિ અને બ્હેન રૂપે તે બની રહે છે. દરેક પ્રકારનાં દુઃખોની શાંતિ અર્થે આશ્વાસન આપતા વાત્સલ્યનો તેનામાં અખૂટ ભંડાર છે, વળી આપણા પૈકી દરેકના ભવિષ્યને ઘડનારી પણ તેજ છે. માતાનું પહેલું ચુંબન બાળકને પ્રેમનું શિક્ષણ આપે છે, જેને તે ચાહતી હોય તેવા કાંતને (પતિને) સ્ત્રીનું પહેલું પવિત્ર ચુંબન જીંદગીમાં શ્રદ્ધા અને આશા રખાવે છે, અને તે પ્યાર અને શ્રદ્ધા, એક પછી એક, શક્તિ અને પૂર્ણતાએ પહોંચવાની ઇચ્છાને ઉત્પન્ન કરે છે. ટુંકામાં આપણી અને પાછળ થનારી પ્રજાની સાંકળના અંકોડા રૂપ બાળકને, જીંદગીનું લક્ષ્યબિન્દુ કરી ભાવિને ઉત્પન્ન કરે છે. પોતાની દ્વારા સ્ત્રી પ્રજોત્પતિના દૈવી ભેદ વડે કુટુંબને સ્વર્ગ તરફ દોરે છે."

"સ્ત્રી એ ઇશ્વરની ભાવના શકિત છે. માણસની નહિ. કોઇ પ્રકારની મનુષ્ય શક્તિ તેનો નાશ કરી શકે નહિ. દેશની માફક અને દેશ કરતાં પણ વધારે, કુટુંબ અને જીંદગીના બીજરૂપ તે છે. દેશ કરતાં પણ વધારે એમ હું કહુંછું. જ્યારે મનુષ્યત્વના નૈતિક નિયમો અથવા સદસદ્વિચાર શક્તિ પ્રકાશમાં આવશે ત્યારે કોઇ વખતે આજે પૂજ્ય દેખાતો દેશ દુર થઇ જશે, પણ કુટુંબ–સ્ત્રી–તો માણુસ જાત છે ત્યાં સુધી રહેશે. તે માનુષતા–દયા શિલતાનું પારણું છે. માનસિક જીવનનાં દરેક તત્વોની માફક દરેક યુગે પ્રવૃતિ અને નિંદા-યુક્ત આક્ષેપોની સુધારણા માટે તે ખુલ્લુ રહેવું જોઇએ. પણ કોઇએ તેને દાબી દેવું નહિ. માણસને કેળવણી આપવી એ દેશનું કામ છે તેમ છતાં પણ સ્ત્રીનું કાર્ય શહેરીઓને કેળવવાનું છે. એટલે દેશ અને સ્ત્રી એકજ પંકિતની બંને મહત્વની કોટીઓ છે × × × જ્યાં આ પ્રમાણે હોતું નથી ત્યાં–કુટુંબ આત્મહિતવાદમાં દૂષિત થાય છે, વાસ્તવિક હેતુ સિવાય વિનોદ માત્રથી તો બિભત્સતા અને પાશુત્વ વધે છે અને તે સ્નેહ જેવી પવિત્ર વસ્તુમાં વેશ્યાપણુંજ લાવે છે."

તંત્રી.

મહુવા (કાઠિયાવાડ) ગોરક્ષક સભાની ગોશાળામાં ઢોરોની આવક વધવાથી ઢોરોને મદદ કરવાની જરૂર.

આ સભાએ સંવત ૧૯૫૬ ના ઘાસ ચારાના ભયંકર દુષ્કાળમાં (૧૨૩૮) સંવત ૧૯૬૮ માં (૨૧૭૪) ને સંવત ૧૯૭૨ માં (૨૩૭૭) પશુઓનું સંરક્ષણ કરેલું છે ને કાયમ સેંકડો પશુઓનું સંરક્ષણ કરે છે તે જગ જાહેર વાત છે.

આ વરસે પણ ઇંદ્ર મહારાજની અવકૃપાથી અનાવૃષ્ટિને લીધે ઘાસ ચારાનો ભયંકર દુષ્કાળ પડયાથી આજુબાજુના ગામોના ઢોરોની આવક શરૂ થયાથી અત્યારે અઢી હજાર પશુઓની સંખ્યા એકઠી થઇ છે, ને હજુ કાયમ ઢોરોની આવક શરૂ હોવાથી ભવિષ્યમાં કેટલી સંખ્યા થશે તેનું પ્રમાણ બાંધી શકાય તેવું નથી. તેના સંરક્ષણાર્થેનો કાયમ ૩૦૦ (ત્રણસેંહ) રૂપીયાનો મોટો ખર્ચ હોવા છતાં કોઇ પણ પ્રકારની કાયમી ઉપજ કે કેપી-ટલ નહીં હોવાથી તેનો સઘળો આધાર દેશાવરના દયાળુઓની ઉદારતા ઉપર ટકેલો છે; પણ યુરોપની લડાઇને લીધે દેશાવરી મદદ આવતી અટકી પડી છે. તેમ છતાં પણ એક બાજુ ઢોરોના સંરક્ષણાર્થેનો પુષ્કળ ખર્ચ છે ને બીજી બાજુ ચામડાની કીંમતે વેચાતાં ઢોર વેચાણ લેવાનો ખર્ચ છે. આવા મહાભારત દુઃખદાયક બનાવ સામે આ સંસ્થાએ

કમર બાંધી છે તેને દયાળુ ધર્મવીરો મહાન્ જગતનિયંતા મહાપ્રભુએ આપેલી યોગ્યતાનો ઉદાર હાથ લંબાવી યોગ્ય મદદ મોકલાવશો તો સ્વદેશના ગોધનનો બચાવ થયાનું અક્ષય પુણ્ય ઉપારજન થવા સાથે ખેતીના સાધનને ઉત્તેજન મળવાથી દેશોદય પણ થશે.

મ. ગૌ. સભાના ઑ. તંત્રી.

અમારા દરેક જ્ઞાતિબંધુઓને સુચના કરવાની અમે ફરજ સમજીએ છીએ કે અન્ય માર્ગે પુણ્ય કરવા કરતાં દેશ અને ખેતીને ઉપયોગી તેમજ દરેક હિંદુઓ માટે સર્વોત્તમ ગણાતું ગૌદાનરૂપી દાન યથાશક્તી કરી સદરહુ સંસ્થાને મદદ કરવાની ઘણીજ જરૂર છે. આશા છે કે દરેક બંધુઓ અમારી આ વિનંતી ધ્યાનમાં લઇ કંઇને કંઇ જરૂર મોકલી આપશેજ.

તંત્રી.

શોકજનક મરણ.

યુવાન પુત્રનું મહાશોકજનક મૃત્યુ—અમને જણાવતાં પારાવાર દીલગીરિ થાય છે કે, ચાલુ રોગના ભયંકર ઉપદ્રવમાં વીરમગામવાળા રા. ઝીણાભાઇ દેશાઇના સુપુત્ર બબુભાઇનો સ્વર્ગવાસ થયો છે. આ માઠા બનાવે જ્ઞાતિના યુવક વર્ગને એક ખોટ પાડી છે એટલુંજ નહીં પણ સમસ્ત જ્ઞાતિમાંથી એક ઉમદા બાળક ગૂમ થયું છે તેના દુઃખદાયક સમાચાર ફેલાતાં યુવક મંડળના મેમ્બરોમાં ભારે ગમગીની ફેલાઇ હતી. એક સહાયકનીજ નહિ પરંતુ અણીના પ્રસંગે એક વીર બંધુને છાજે તેવા પ્રકારની મદદ મળવાની યુવક મંડળને તેમનામાં આશા હતી. સદ્ગતનું મરણ આશરે ૨૦—૨૨ વર્ષની વયેજ થયું છે. ઇંગ્રેજી ઉંચા ધોરણની પરિક્ષા તેમણે પસાર કર્યા પછી ધંધા રોજગારની તાલિમ લેવાતી કોલેજમાં પણ અભ્યાસ કર્યો હતો. ત્યાંથી આવ્યા બાદ જ્યાં તેમના પિતાજી રા. ઝીણાભાઈ પાટડી સ્ટેટમાં નોકરી કરે છે ત્યાં કોઇ કામમાં જોડાવાનો વિચાર છે એવું તેમની સાથે અમારે થયેલી છેલ્લી વાતચીત વખતે તેમણે જણાવ્યું હતું. સદ્ગતની રીતભાત એક પ્રતિષ્ટીત માણસને છાજે તેવી હતી, તેમની વૃત્તિ ઉદાર અને લોકહીતનાં કાર્યો તરફ વળેલી હતી. જે કુટુંબમાં તેમણે જન્મ લીધો હતો તેમાં એ ઉચ્ચ કોટીનો જીવ હતો એમ તેમની સાથેના પરિચયથી અમને જણાયું છે. પાટડીમાં અનાથાશ્રમ સ્થાપવાની યોજના પણ તેનીજ ભાવના અને કાર્યશક્તિને આભારી હશે. તેમના સ્વર્ગવાસ પહેલાં જૂજ દિવસો ઉપર અનાથાશ્રમ સ્થાપવાની જરૂરીઆત વિષે તેમણે એક ભાષણ આપ્યું હતું અને ત્યાર પછી સંસ્થા વિષે અમારી સાથે તેમનો પત્રવહેવાર પણ થયો હતો. અમારે કહેવું જોઇએ કે તેના દરેક શબ્દોમાં આશ્રમની સેવાનો આગ્રહ સર્વાંશે દ્રષ્ટિગોચર થતો હતો. તેમનામાં અમે એ પણ આશા બાંધી હતી કે વિરમગામની જ્ઞાતિમાં તે દીપી નીકળશે પરંતુ અમારી તે આશા નિરાશામાં બદલાઇ ગઇ છે, વિરમગામની જ્ઞાતિમાંથી સદ્ગત બબુભાઇ જેવો યુવાન પુત્ર ઓછો થયો છે તે બનાવ એક માઠા પ્રસંગની નોંધ લેવડાવનારો ભવિષ્યમાં પણ થઈ પડશે એની અમને ચિંતા રહે છે. પ્રભુ ! તેમના આત્માને અમર શાંતિ બક્ષો અને તેમના પિતાજી તથા કુટુંબને આવેલી આફત સહન કરવાનું હૃદયબળ આપો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

હિન્દુ હિન્દુનાં લગ્નને કાયદેસર ઠરાવાનો ખરડો.

આપણી જ્ઞાતિ તરફથી ટેકો આપવાની જરૂર.

માનવંતા વીઠ્ઠલભાઇ ઝવેરભાઈ પટેલનું ભાષણ.

સને ૧૯૧૧ માં ના. વૉઇસરાયની ધારા સભામાં મી. ભુપેન્દ્રનાથ બાસુએ વર્ણાંતર લગ્નનો ખરડો રજુ કર્યો હતો અને તેની નેમ એવી હતી કે કોઇ પણ જ્ઞાતિના માણસ સાથે (હિન્દુ, મુસલમાન, પારસી, ખ્રીસ્તિ કે ઢેડ ગમે તે) કોઇ પણ જ્ઞાતિની સ્ત્રીનાં લગ્ન થાય તેને ના. સરકારે કાયદેસરનાં લગ્ન ઠરાવવાં. આ ખરડો બાસુબીલના નામે પ્રસિદ્ધ છે અને દેશની દરેક કોમો તરફથી તેને નાબુદ કરવાના ઠરાવો થયા હતા. કેટલાક સ્થળેથી તો મી. ભુપેન્દ્રનાથ ઉપર અંગત હૂમલા પણ થયા હતા. તે વખત અને આજના કાળ વચ્ચે થોડાંજ વર્ષો થયાં છે તોપણ જેને દેશકાળ કહેવામાં આવે છે તેમાં ઘણો ફરક પડી ગયો છે, છતાં તેવીજ નેમથી કોઈ ખરડો ધારાસભામાં આવે તો પ્રજાની સંપૂર્ણ પસંદગીને પામે તેવો સંભવ તો નથી. મી. બાસુનો ઇરાદો નાતજાતના ભેદોને દૂર કરવાની હિમાયત કરતો હતો તેમાં કોઇ પણ ધર્મનું રક્ષણ કરવાની નેમ નહોતી. માનવંતા પટેલનો આ ખરડો તે કરતાં જુદા પ્રકારનો છે. નાત જાતનાં બંધનને આડે નહીં આવતાં, તેમની સત્તાને સાચવી રાખી હિન્દુ ધર્મનું રક્ષણ કરનારો છે, એટલે હિન્દુ સ્ત્રીનું હીન્દુ પુરૂષ સાથે લગ્ન થયું હોય તેનેજ માત્ર કાયદેસર લગ્ન ઠરાવાનું કહે છે, માટે સમગ્ર દેશની સંસ્થાઓ તરફથી તેને ટેકો આપવામાં આવ્યો છે અને આપણે પણ આપવાની જરૂર છે. ખરડો રજુ કરવાની દરખાસ્ત વખતે કેટલીક ગેરસમજ થવાથી તે સામે ધારાસભામાં વાંધો લેવાયો હતો પરંતુ માનવંતા પટેલે તે રજુ કરતાં મજબુત કારણો આપ્યાં હતાં અને તેનાથી હિન્દુ ધર્મ અને સ્ત્રી પુત્રાદિકનું રક્ષણ કરવાની નેમ રખાઇ છે એવું દાખલા દલીલો વડે સમજાવાથી તે દરખાસ્ત રૂપે ધારાસભામાં દાખલ થયો છે. જો કે ખરડો સંપૂર્ણ નથી તેમાં સુધારા વધારા કરવા એક કમીટીને સોંપાશે અને તે નવી ધારાસભામાં ખરડા રૂપે રજુ થસે. તે પહેલાં ખરડાની નેમ ઉપર આપણા વિચારો પ્રદર્શિત કરી તેને ટેકો આપવાની હીલચાલ કરવાની ઘણીજ જરૂર છે.

અમને તે કાદદો પસાર થવાની જરૂરીઆત એટલા માટે સમજાય છે કે તેમાં હિન્દુ-ધર્મનું રક્ષણ છે, સનાતન ધર્મે વહન કરવાનો તે અકસીર ઇલાજ છે. કોઇ પણ હિન્દુ ગમે તે હિન્દુ જ્ઞાતિની સ્ત્રી સાથે લગ્ન કરે અને તેની મીલ્કતનાં વારસ તેનાં સ્ત્રી પુત્રાદિ થાય તેમાં ધર્મની હાની થતી નથી પરંતુ રક્ષણ થાય છે. કારણ કે જેઓ અત્યારે એવા પ્રકારનાં લગ્ન કરે છે તેઓનાં લગ્નને “સીવીલ મેરેજ” કહેવામાં આવે છે અને તે લગ્નને સરકારમાં નોંધાવતી વખતે દરેક હિન્દુ સ્ત્રી પુરૂષે એવો ઇકરાર કરવો પડે છે કે “અમે હિન્દુ ધર્મને માનતાં નથી”! હિન્દુ ધર્મનાં સ્ત્રી પુરૂષોને આવા ફરજ્યાત શરમ ભરેલા ઇકરારો કરતાં બચાવી હિન્દુધર્મના રક્ષણ તળે રહીને તેઓ એવાં લગ્ન કરી શકે અને તેમનાં સંતાનો તેમજ સ્ત્રીઓને ભરણપોષણ અને વારસાનો હક્ક પ્રાપ્ત થાય. પર જ્ઞાતિની

સ્ત્રી સાથે લગ્ન કરનાર પતિ તેની સંભાળ રાખવાની ફરજમાંથી છટકી ન જાય એજ આ ખરડાનો હેતુ છે. અહીં એક ગેર સમજૂત ઊભી થવાનો સંભવ છે. ધર્મને બ્હાને વિરોધ ઊભો કરવાના સ્વભાવથી વિભૂષિત માણસો અજ્ઞાન વર્ગને એવું સમજાવે છે કે આ ખરડાથી તો જ્ઞાતિઓની ભેળસેળ અને હિન્દુ ધર્મનો નાશ થઇ જશે!

ખરડામાં જ્ઞાતિઓની સત્તા લઇ લેવાનો ઉદ્દેશ નથી. એક બ્રાહ્મણ વાણીઅણ સાથે અથવા કણબી લુહાણી સાથે પરણે તો એ ચારે નાતો દરેકને નાત બહાર મુકી શકે, ઉતરતી નાત વાળાઓએ પણ તેમને નાતમાં લેવા એવો કોઇ પ્રતિબંધ નથી. ટુંકામાં નાતના બંધારણ સાથે આ ખરડાને કંઇ સંબંધ નથી. મા. પટેલના ખરડાનો એવો કોઇ હેતુ અથવા માગણી પણ નથી કે ના. સરકારે નાતના બંધારણ સંબંધી આડે આવવું કે નાતને કોઇ પ્રકારની ફરજ પાડવી. અત્યારે પણ પરજ્ઞાતિનાં સ્ત્રી પુરૂષો છુપી રીતે ઘર સંસાર માંડે છે તેને નાત, નાતબહાર મુકે છે તેમ પછી પણ મુકી શકે. પરંતુ એવી રીતે લગ્ન કરનાર પુરૂષો નાત બહાર થયા હોય કે ન થયા હોય પણ દરેક પ્રસંગે સ્ત્રી વર્ગને ઠગે છે, રખડાવે છે, સ્ત્રીઓને કોઇ પ્રકારે કાયદો મદદ કરી શકતો નથી કારણ તેઓ રખાત ઠરે છે અને પ્રજા ઉત્પન્ન થઇ હોય તેમનો આવા પ્રકારના બાપ ઉપર વારસાનો હક ઠરતો નથી. કાયદો તેમનું રક્ષણ કરી શકતો નથી! એટલે હિન્દુ જાતની સંતતિને મુક્તિફોજ જેવી સંસ્થાઓનો આશ્રય શોધવો પડે છે, ધર્મ, નીતિ કે ન્યાયની ખાતર આવાં સ્ત્રી અને બાળકોના રક્ષણ માટે આવા કાયદાની જરૂર છે એમ માણસ જેવા હૃદયને તો લાગ્યા સિવાય રહેશેજ નહિ. તે સમજી શકે નહિ તેવા પશુઓ માટે તો શું કહેવાનું હોય? કોમ કોમ વચ્ચે લગ્ન કરવાની જરૂરીઆતજ ઉભી ન થાય એટલા માટે રક્ષણ કરવા ઇચ્છતા કોમના અગ્રેસરોએ જ્ઞાતિનું બંધારણ અને રીત રિવાજો સુધારવા જોઇએ તેમ નહીં થવાથી સીવીલ મેરેજ કરવાના પ્રસંગો બને છે. જેને શાસ્ત્રોક્ત કિંવા પ્રેમલગ્ન કહી શકાય એવી પ્રાચીન પદ્ધતિએ રીતરિવાજો ઘડાય નહિ ત્યાં સુધી ધર્મનું રક્ષણ થઇ શકવાની વાતો નકામી છે, એકની અનેક જ્ઞાતિઓ થયે જશે, અને પરસ્પરનો રોટીબેટી વહેવાર સંકોચાતોજ જશે, દેશમાં માત્ર વૈમનસ્યજ ઉત્પન્ન થશે એટલા માટે આ ખરડાની જરૂર છે.

વિરોધ કરવાની રીતી કેટલી ભયાવહ છે તેનો ખ્યાલ કૂપમંડુકોને આવી શકે તેમ નથી. પરંતુ દેશમાં ફેલાતા અધર્મો, વેશ્યાપણું અને અત્યાચારો અટકાવા માટે અને દેશમાં માંહેમાંહેના વિરોધ મટાડી ઐક્ય સાધવા માટે પણ આવો કાયદો ઉપયોગી થશે. જે વિધવા યુવતીઓ આડે રસ્તે ચઢી અનેક પ્રકારની જીવહિંસા અને અધર્મનો ફેલાવો કરે છે, કેટલીક જગ્યાએ ફરજ્યાત તેમને તેમ કરવું પડે છે અને ઘણા દાખલાઓમાં મા બાપ તેમના જીવ લેતા હોય એવા પ્રસંગ બને છે તે દુઃખદાયક બનાવો અટકે અને યોગ્ય સ્થળે પોતાની મેળે ઘર માંડે તો તેમનાથી ઉત્પન્ન થતી પ્રજાનું રક્ષણ થાય એ મા. પટેલના ખરડાનો હેતુ છે, આ ખરડો પાસ કરવાની જરૂરીઆત સમજાવનારૂં એકજ દ્રષ્ટાંત આપીશું. થોડા દિવસો ઉપર મુંબઈમાં લુહાણા કોમની એક બાળા અને તેના પિતાએ માળા ઉપરથી પડીને આપઘાત કર્યો હતો. બહાર આવેલી વીગત એ હતી કે—લુહાણા જ્ઞાતિના રિવાજ મુજબ આ પુત્રીની સગાઈ ન્હાની વયમાં કરવામાં આવી હતી અને નાતના રિવાજ મુજબ તૂટી શકે તેમ નહોતું. કન્યા રૂપવતી, શુશીલ અને વિદ્વાન થઈ હતી, જ્યારે વરપક્ષે વિરૂદ્ધ બાબતો

હતી. કન્યાના બાપે જમાઇને સુધારવા ઘણું કર્યું હતું. છેવટે અયોગ્ય પતિ સાથે લગ્ન કરવાની આ સમજુ પુત્રીએ સંમતિ નહિ આપવાથી તેની ઉંમર ૧૬–૧૮ વર્ષની થઇ હતી. નાતમાં તેને બીજો કોઇ પરણી શકે એ નાતના કાયદાથી અશક્ય હતું. પરનાતમાં તેનો બાપ પરણાવે તો કાયદા પ્રમાણે રખાત ઠરે ! (શીવ, શીવ, શીવ.) પુત્રીનું દુઃખ બાપને અસહ્ય લાગ્યું હતું. બંનેએ આપઘાત કરવાનો વિચાર કર્યો અને એક પછી એક પોતાના માળાના ઉપર ચઢી બંનેએ પડતુ મુકયું હતું. આ દુઃખદાયક પ્રસંગ આપણાં હૃદયને ભેદી નાંખે તેવો નથી ? આ બનાવ છતાં સદરહુ જ્ઞાતિના પૂરાણા આગેવાનો કંઈ સુધારો કરી શકયા નથી. દેશની હિન્દુ જ્ઞાતિઓમાં શું આ એકજ બનાવ એકજ પ્રકારે બન્યો હશે ? આવા સેંકડો બનાવ બને છે અને તેનાં સેંકડો કારણો હોય છે. મા. પટેલનો ખરડો પસાર થતાં આવા બનાવો બનતા અટકશે અને દરેક જ્ઞાતિઓને પોતાના રિવાજોમાં યોગ્ય ફેરફાર કરવાની જરૂર પડશે.

તંત્રી.

માન. રા. વીઠલભાઈ ઝવેરભાઈ પટેલનું ભાષણ.

(હિન્દુસ્થાન પત્ર ઉપરથી.)

વડી ધારાસભાની ગઇ તા૦ ૫ મી એ મળેલી સભા દરમ્યાન માન. મે. વીઠલભાઇ ઝવેરભાઇ પટેલ તરફથી હીંદુ–હીંદુ વચેનાં લગ્ન કાયદેસર ઠરાવવાને લગતો એક ખરડો રજુ કરવામાં આવ્યો હતો. તે રજુ કરતાં તેમણે કરેલું ભાષણ નીચે પ્રમાણે છેઃ—

હીંદુઓની જુદી જુદી જ્ઞાતીઓ વચેનાં લગ્નો કાયદેસર ઠરાવનારો નીચલો ખરડો રજુ કરવાની દરખાસ્ત મુકવાની હું તમો નામદારની રજા લઉં છું. કાયદાની અદાલતોમાં અસ્તી ધરાવતા હીંદુ કાયદાનો જેવો અર્થ કરવામાં આવે છે તે અનુસાર જે પક્ષો વચ્ચે લગ્ન થાય તેઓ એકજ જ્ઞાતીના હોવા જોઇએ નહીંતર તેવાં લગ્નો જ્યાંસુધી રૂઢીથી તે બહાલ રહેતાં ન હોય ત્યાંસુધી તે ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે. તેથી લગ્નના હકો ભોગવવા માટેના કે સ્ત્રી તરફથી ભરણપોષણનો દાવો કરવા માટેના કે વારસાના હક સંપાદાન કરવા માટેના અથવા તો તેમના છોકરાઓ તરફથી વારસો હીસ્સો કે મીલકતોની માલેકી મેળવવાના દાવા સ્વીકારવામાં આવતા નથી. મેં આ ખરડાના હેતુઓ અને કારણોમાં જણાવ્યા મુજબ અથવા અર્થથી, મારા લોર્ડ, વ્યક્તીઓને ઘણી હાડમારી ખમવી પડે છે. મારી આ દલીલના ટેકામાં હું ફક્ત બેજ દાખલાઓ ટાંકીશ. આ બે મુકદમાઓનો ચુકાદો મુંબઈની હાઇ કોર્ટ તરફથી આપવામાં આવ્યો હતો. એક ૧૬ વરસની બાળા એક બીજી જ્ઞાતિના યુવક સાથે પરણી હતી. તેઓ સાથે ૨૫ વરસ રહ્યાં અને તે લગ્ન દ્વારા તેમને આઠ બાળકો થયાં. તે પછી તે પતીએ તે સ્ત્રીને કહાડી મેલી !! તે એક હીંદુ સ્ત્રી હોવાથી તેણીએ ૯ વરસ સુધી કોર્ટનો ત્યાગ કર્યો, પણ વૃદ્ધાવસ્થા અને ભુખમરાએ આખરે તેણીને કોર્ટનો આશ્રય લેવાની ફરજ પાડી અને તેણીએ પોતાના ભરણપોષણનો દાવો માંડયો. કોર્ટે એવું ઠરાવ્યું કે લગ્નમાં જોડાયેલા પક્ષકારો એકજ જ્ઞાતિના નહીં હોવાથી હીંદુ કાયદા અનુસાર લગ્ન કાયદેસર ન હતાં. તેણીના ધણીની દાસી કે રખાત તરીકે તેને કશું ભરણપોષણ મળી શકે નહીં, કારણ કે કોર્ટે ઠરાવ્યા મુજબ કાયદામાં તેની આપવામાં આવેલી વ્યાખ્યા પ્રમાણે તેણી તે નથી. તે લગ્ન કર્યા સિવાય પણ તેની સાથે અખંડપણે રહેલી નહીં હોવાથી પણ તે ભરણપોષણ મેળવી શકે નહીં અને એક હીંદુ સ્ત્રીના વીનય

પણાને લઇને તેણી ૯ વરસ સુધી કોર્ટે જવામાંથી દુર રહી. કાયદામાં જેને સીવીલ કોન્ટ્રેક્ટ, રેપ્રીઝેન્ટેશન, એસ્ટોપ્પલ ફેકટમ વેલેટ અથવા એકવીઇસેન્સ કહેવામાં આવે છે તેના કોઇપણ સીદ્ધાંતે તેણીને મદદ કરી નહીં અને કોઇપણ ઉપાય વીનાની તે રહી. આ મુકદમો ૧૪, મુંબઈ લો રીપોર્ટ પાનું ૫૪૭ પર કાશી વી. જમનાદાસ એ મથાળા હેઠળ પ્રગટ થયો છે.

બીજો મુકદમો, ૨, મુંબઇ લો રીપોર્ટ, પાનું ૧૨૮ પર લક્ષ્મી વી. કલ્યાણસીંગના મથાળા હેઠળ પ્રગટ થયો છે. તે મુકદમાની વીગત એવી હતી કે કલ્યાણસીંગ નામના રજપુતે લક્ષ્મી નામની એક બ્રાહ્મણ બાઇ સાથ લગ્ન કર્યાં. તેણીને તેનાં ધણીના ઘરમાંથી લઈ જવામાં આવી અને તેણીને તેની સાથ રહેવા દેવામાં આવી નહીં. તેના ધણીએ તેટલા માટે લગ્નના હક ભોગવવા દેવાનો આ દાવો માંડયો. કોર્ટે એવું ઠરાવ્યું કે જો કે લગ્ન થયાં હતાં છતાં પણ પક્ષકારો એકજ જ્ઞાતિના ન હોવાથી લગ્ન કાયદેસર નહતાં. કલ્યાણસીંગને તેટલા માટે લગ્નના હક ભોગવવાનો હક નહોતો.

તેવાજ દાખલા સઘળા પ્રાંતોમાં બન્યા છે, પણ તે મુકર્દમા અત્રે ટાંકી હું આ કાઉન્સીલનો સમય લઇશ નહીં. આ વ્યકતીગત દ્રષ્ટાંતોની મુશ્કેલીઓ મેલીએ છતાં પણ લગ્નો શહેરી જીવનની સઘળી વ્યવસ્થાના આધારરૂપ છે અને સઉથી સરસ સંભવીત લગ્નો થવા ઉપર કુટુંબ સુખનો, પ્રજાના બળ અને સ્વમાનનો અને રાષ્ટ્રની આત્મ-શ્રદ્ધા અને પ્રગતિનો આધાર રહેલો છે. આવાં લગ્નોને આડે આવતી સઘળી બીનજરૂરી અડચણોની અનર્થકારી અસરો હોય છેજ અને પ્રક્ષકારો એકજ જ્ઞાતિના નથી તે ઉપર આધાર રાખતી અડચણો એક કરતાં વધુ રીતે હાનીકારક છે. તે આ જ્ઞાતિની વીભક્તતા સુદ્દઢ કરે છે, તેઓને લઇને ભાવી પ્રજા ખોડખાંપણવાળી નીરાધાર અને નીરૂત્સુક રહે છે. બાળ લગ્ન, કાયમનું વઇધવ્ય, કન્યાઓનાં વેચાણો, ખરીદીઓ અને બદલા અને થોડા વખત માટે સ્ત્રીઓ તરીકે ભાડે રાખવા એ સઘળું તેમનુંજ પરીણામ છે: તેઓને લઇને જ્ઞાતિઓ કાયમ રહે છે જેમાંની કેટલીક એટલી તો નાની છે કે, તે આઠ શખસોની બનેલી છે અને તેઓ ગુન્હા ભર્યાં લગ્નો, જયાં કન્યાઓની છત હોય ત્યાં એક સ્ત્રી કરતાં વધુ કરવાના રીવાજો અને જયાં કન્યાઓની અછત હોય ત્યાં ગૃહવીનાના અનીતિમાન જીવન માટે જોખમદાર છે. આવા અનર્થો એક બીજાપર આઘાત અને પ્રત્યાઘાત કરે છે અને સઘળા અનર્થોને લાવે છે.

હાલના કાયદામાં ફેરફાર કરવાની જરૂર ઠેકાણે ઠેકાણે જણાઇ છે. જુનામાં જુના વીચારના લોકો પણ જાણે છે કે પોતાના પુત્ર પુત્રીઓ માટે એકજ જ્ઞાતિમાંથી યોગ્ય કન્યા વર મેળવવાં એ કેટલું બધું મુશકેલી ભર્યું છે, લગ્નની ફર્જો ભંગ કરવાના પરીણામ રૂપ કેવાં કજોડાં થાય છે તથા દુ:ખો અને સમાજીક ખેદજનક બનાવો કેવા જન્મ પામે છે, પોતાનાં બાળકો માટે યોગ્ય વધુવર મેળવવા માટે કેવી સ્પર્ધા થાય છે, તેમાંથી કેવા કજીયા કંકાસ ઉભા થાય છે અને અંતે તેઓ જીંદગીભર કેવા શત્રુઓ રહે છે, તથા તેઓ આ પણ જાણે છે કે વીધુરો અથવા વૃધ્ધો યાતો નાની છોકરીઓ પરણે છે અથવા તો કુંવારા રહે છે અને સારી નઇતીક જીવનના માર્ગમાંથી વેગળા જાય છે કે જેની અસર તેમના બાળકો અને કુટુંબી જનો વગરે ઉપર કેવી થવા પામશે તેનો વીચાર સુદ્ધાં કરતા નથી. સારૂં સગપણ છુટી ન જાય તેટલા માટે કયારેક લગ્નો સઘળી સારી લાગણીઓ અને ઉત્તમ માનુષિક વિચારોને એક બાજુએ મેલી ઉતાવળ કરવામાં આવે છે. કન્યાઓની ખરીદીઓ, વેચાણો

અને બદલાઓ તથા ફરજીયાત લગ્નનાં ટાણું જ્ઞાતીઓના જુના વીચારના લોકોમાંના ઘણા-ઓને પણ પસંદ નથી, પણ તેઓ કાંઈ કરી શકતા નથી. તેઓ એક અદાલત સ્વીકારે તેવી સ્થાનિક કે ખાસ રૂઢીને જન્મ આપી શકતા નથી. કેટલીક જ્ઞાતિઓના સંબંધમાં તે જ્ઞાતિ કયા વર્ણની છે તે વીશે શંકાઓ છે, એક પ્રાંતની કેટલીક જ્ઞાતિઓ જ્યારે જ્યારે અમુક વર્ણની લેખાય છે ત્યારે બીજા પ્રાંતમાં તેમને બીજા વર્ણની લેખવામાં આવે છે. મીશ્ર જ્ઞાતિઓથી ઘણી જ્ઞાતિઓ જન્મી છે અને તેથી આવા સવાલના સંબંધમાં ઘણી ખટપટ અને મુશકેલી હંમેશા રહેશે અને જ્યાં એક પક્ષકાર ગેર કાયદેસરનું બાળક હશે ત્યાં આ સવાલનો નીર્ણય અનીશ્ચિત રહેશે.

કેળવણી, પ્રવાસ, શહેરોમાં બીજી જ્ઞાતિઓના લોકો સાથનો સંસર્ગ અને તેવાં બીજાં કારણોએ યુવાન વર્ગની દષ્ટી મર્યાદા વિશાળ બનાવી છે કારણ કે તેમનાં લગ્ન, ગૃહ અને જીવનના વિચારો વધુ ઉદાર બન્યા છે અને તેઓ મેં ઉપર જણાવેલા અનર્થોને સખ્તપણે નાપસંદ કરે છે; પણ તેઓ ઇલાજ વિનાના છે.

એવું કહી શકાશે કે જેવી રીતે નાની જ્ઞાતિઓ ઉપર હાલના કાયદાની અસર થઇ છે તેવી મોટી ઉપર થઇ નથી, પણ તેવી મોટી જ્ઞાતિઓની સંખ્યા નાની છે. ગુજરાત જેવા પ્રાંતોમાં જ્ઞાતિઓ સઘળી નાની છે અને આવા કાયદાથી તેઓ પર ઘણી અસર થયેલી છે. હું તેમ છતાં કહીશ કે જો એક પણ પ્રાંત કે એક પણ જ્ઞાતિ ઉપર હાલના કાયદાની માઠી અસર થતી હોય તો કાયદો હાલ છે તેમ રહેવો જોઇએ નહીં.

હું એમ કહેવા માગતો નથી કે નરા કાયદા ઘડાય કે તરતજ યોગ્ય લગ્નોની વચ્ચે કશું આડે આવશે નહીં, પણ બીજાં વીઘ્નો લોકો પોતે સુધારશે અને તેવાં વીઘ્નોના સંબંધમાં પ્રજાકીય મતે ખરી દીશામાં ઝડપી પ્રગતી કરે છે, પણ કાયદો તો ધારાસભા દ્વારાજ ફેરવી શકાય તેમ છે. હાલનો કાયદો જેમ છે તેમ તેનું રૂપનીશ્ચીત છે. કાયદો જ્ઞાતિઓના સ્વાતંત્ર્યના સ્વીકારાયલા સિદ્ધાંતના મુળમાં જવાય ત્યાંસુધી જાય છે. જો કદી એક જ્ઞાતિએ કરેલા તેવા એક ઠરાવની મને ખબર છે કે, તે તેના સભ્યોને બીજી જ્ઞાતિ સાથે લગ્ન કરવાની છુટ મેલી હતી છતાં પણ તેવાં લગ્નો ગેરકાયદેસર ઠરાવવાનો ભય રહે છે અને તેવાં લગ્નોથી ઉત્પન્ન થયેલાં બાળકો વારસો હીસ્સો નહીં મેળવી શકનારાઓનું જોખમ ખેડે છે. આ ખરડો જો કાયદા રૂપે પસાર થયો તો તે તેવા લગ્નો સંબંધી છુટ મુકનારો થશે. આ સંબંધી તે જ્ઞાતિને તેનું સ્વાતંત્ર્ય ફરી બક્ષશે. ખરડો ફક્ત અનર્થ સુધારવા ચાહે છે. સીવીલ મેરેજ એકટદ્વારા હીંદુઓને જે એમ જણાવવું જોઇએ છે કે તેઓ હીંદુઓ નથી તે મુશકેલી દુર કરશે. હિંદુ લગ્ન એક પવીત્ર સંબંધ છે અને લગ્નની સઘળી વીધી કર્યા પછી એક હિંદુને જઇને રજીષ્ટર સન્મુખ સોગંદપુર્વક કહેવું પડે કે તે એક હિંદુ નથી તે તેના અંતઃકરણને ચીરી નાંખે છે. તે કોઇ જુના હકની આડે નહીં આવે કે નવી ફરજ નહીં નાંખે ન્યાય નીતી અને જાહેર રીતીના આ લાભની વાત છે કે કાયદે-સરનાં લગ્નોને બહાલી આપ્યા સિવાય કાયદાએ એક સ્ત્રી પુરૂષને પતીપત્ની તરીકે રહેતાં ઉતેજવાં ન જોઇએ તથા તેણે નૈતિક તથા કાયદેસરનાં બંધનો સાથ લગ્નના પવીત્ર સંબંધમાં જોડાવવા બને તેટલી સંભવીત સવડો અને લાલચો પુરી પાડવી જોઇએ. આ થોડા શબ્દો સાથે હું ખરડો દાખલ કરાવવાની પરવાનગી માગું છું.

निमाडी मालविय भाईओंको आमंत्रण.

समस्त ज्ञातिकी महासभा मुंबई—डिसम्बर ता. २८—२९—३०

हमारे निमाड मालवेके कडवा कुलभी पाटीदार बंधुओको विज्ञप्ति कि अपने और कच्छ देशके भाइओंकि आने जानेकी दुरस्तीके लिए अपनी समस्त क. पा. ज्ञातिकी महासभा—श्री कडवा पाटीदार शु. समाज--का आठवा महोत्सव बुंबईमें मुकरर किया है. समय बहोतसा थोडा है. मार्गशीर्ष कृष्ण पक्षकी १०-११-१२ शनी, रवी, शोम के तीन दीन बेठक रहेगी, इस लिए आपकी आनेकी खबर जलदी भेजे. आपका पधारना बहोतसा जरुरी और आनंददायक बनेगा ज्ञातिहीत वोही अपना हीत, शक्ति और ऐक्य है. आपस २ के विचारोंकी आप ले करनेंसे अपना हीत और ऊन्नतिके कारण जो कुछ जरुरी है समझमें आता हैं अपने विद्वान और धनवान भाईओं अपनी स्थीती समझके योग्य मार्गमें प्रवृत्ति करशकते है. सृष्टिकी सर्व प्रजाका प्रारब्ध आजकल बहोतसा वेगसे नये बनाये जाते है इस कालमे वैसा कोन है जो अपना हीतका विचार न कर शकें ? यह बात बहोतसी मननीय और विचारयुक्त है आप शोच लेवें.

बुंबई को आपका आना जाना बहोतसा सफल होवेंगा. अपने मार्गमें नाशिकजी और त्रिंबकेश्वर-गोदावरीजीकी बडी यात्रा है और कहते हय किं-बुंबई जैसी नगरी नहीं देखी इनका जन्म अफल है! इस बातभी सफल होगी, अवल तरहकी दरेक कारीगीरि, नमुने, प्रसिद्ध जगाओ, दरीआ ज्हाजों ओर कारखाने देखनेका लाभ ज्ञाति सेवाकी साथ २ मिल जायगा. ज्ञाति सेवा इस लिए कही जाती हैकिं बुंबइकी इस महासभामें समस्त ज्ञातिके बन्धुओ पधारेंगे, अपना विस्तारके मानसे शाखा परशाखा खोली जायगी, कार्यवाही और वाहको मुकरर किये जायगे. देशी ओर विदेशी सरकारोंकी पास अपनी जरुरीआत पेशकरके समस्त ज्ञातिका हीत करनेकी कोशीश शोर जोरसें की जायगी. आशा है कि जो ज्ञातिओं अपने पिछे चलनेवाली-अपना पकाया खानेवाली है ऊनसेभी नीचे दरज्जेके हो जाने सरीखा यह जमाना है वो समझके सब भाईओं अपनी स्थीतीका सुधारके लिए पधारेंगे और अपनी ऊन्नतिका प्रबंध करनेमें अपना ज्ञान, शक्तिका दान ज्ञातिके कारण अवस्यही करेंगे.

सभामें आने जानेकी और सब प्रकारकी खबर निम्न लिखीत पतासे मील जायगी. अगाऊसें सुचना न कर शकें और बुंबइ को सिध्धे आनेवाले भाइओं अपनी सुंद्रेल सभाकी बैठकके सभापतिजीका निम्न लिखीत स्थानपर आवें.

सुचना—बहोतसी मैंघवारी और भारी खर्चा होने परभी सिरस्ते मुजब सरभरा--मेम्बर फी के रु. ३. बिछाना और जलपात्र साथ रखे.

भाई रामचंद्र लक्ष्मण व्यास.
कडवा सभा संचालक
कसरावद—(पो. मंडलेसर)

देसाइ चंदुलालजी मणीलालजी.
हीरामाणेक बील्डींग चौथा दादर
दादीशेठ अगीआरी लेन-गीरगाम रोड-बुंबइ.

अवशक्ता.

अपने कडवा पाटीदार शुभेच्छक समाजने कई शाखा परशाखा खोलीहै, परंतु ज्ञातिके विस्तार के मानसे प्रचारका साधन चाहिये वैसा नही मिला है। अधिकांश कडवी दुनियां सुधारे और शुभेच्छक समाज के नामसे ही अनभिज्ञ है, ऐसी दशामें प्रचारके लिए कोइ खास योजना करनेकि बडी भारी अवशक्ता है।

मालवे में एक भजन मंडली मच उपदेशके लिए फिर रही है, जोकि दुसरी किसी संस्थाके तरफसे कुछ दिनके लिए है. परंतु अपने उपर अनुग्रह करके अपना भी कुछ कार्य कररही है जिसका असर निमच के आसपास अच्छा पडा है, ऐसी मंडलीसे अच्छा प्रचार होता है.

हमारे उद्देश प्रचार के लिए रा० रा० देसाई श्री अमरसींहजीभाइ कृत बाळलग्न बलापा आदि संगित अख्याना काफी हैं, उसके प्रचारके लिए दो तीन उपदेशक के साथ दो तीन भजन मंडलियां बनाने कीं अवशक्ता है. जो कि प्रत्येक प्रांतोंमें फिरकर अपने उद्देश प्रचार करे.

जो भाई उपरोक्त अख्यानोंको अच्छी तरह सुना सकते हों, जो भाई गायक हों और गाने बजानेका काम करसक्ते हों, और इस ज्ञाति हितके लिए वेतन या बिना वेतन से यह काम करनेको राजी हों तो मुझसे पत्र व्यवहार करें।

मालवीय भाई रामचंद्र व्यास.
कडवा सभा संचालक. कसरावद—(होलकर-स्टेट)

गजल.

(सनातन धर्मका डंका–मनालो जीस्का जी चाहे ये राह.)

मचांदो धूम शादी की यही विनती हमारी हैं ॥
गिरे हैं धर्मसे भाई, हुइ अब बहुत ख्वारी है ॥ १ ॥
पडे क्यों ख्वाब गफलत में, उठादो बाल शादीको ॥
धन बल हो गया छिन भिन, जिगर पर जख्म कारी है ॥ २ ॥
जो हैं अब दीन हालत में, लगाओ शीने से उनको ॥
निकालो द्वेशको मनसे, सुधारा अबतो जारी हैं ॥ ३ ॥
अपनी कर्ज खोरीने, लाखों जुदा कर दिये भाई ॥
खबरलो सबकी प्रीतिसे, यही विनती हमारी है ॥ ४ ॥
यगाने होगये अपने, बिगाने ख्वाबे गफलत में ॥
न्हिलावो ज्ञान गंगामे, यही नियत हमारी है ॥ ५ ॥
निकल कर लाल गोदोंसे, बसे जा-कर देशो में ॥
लो जल्दीसे खबर उनकी, तुमने क्यों सुध बिसारी है ॥ ६ ॥
जहांतक हो सके शंकर, सुधारो जल्द रीतों को ॥
बजादो जगतमें डंका, कूर्म कीर्ती जो भारी हैं ॥ ७ ॥

व्यास.

बिचार, उद्देश और सफलता.

मनके बिचारोंने ही हमको बनाया है। जो कुछ हम हैं अपने विचारोंके ही बदौलत हैं। विचारोनेही हमारा निर्माण किया है। यदि हमारे विचार दुष्ट हैं तो हमारे साथ साथ दुष्टता उसी भाँति रहती है, जिस भाँति बैलके पीछे गाडी के पहिये। यदि हमारे विचार उत्तम और श्रेष्ट हैं तो हम उत्तम और श्रेष्ट बन शक्ते हैं।

अपनेको बनाना और बिगाडना मनुष्य के हाथमें हैं। अपने विचार रूपी शस्त्रालय में अफसर वह उन शस्त्रों को बनाता है जिससे अपना नाश होता है;। और वह ऐसे भी शस्त्र बना सकता है जिनसे शक्ति, शांति और आनंद-रुपी स्वर्गीय भवनोंका निर्माण कर सकता है। ठीक विचारों के काँटने छाँटने और उनके उपयोगसे वह परमेश्वरीय पुर्णताको प्राप्त कर सक्ता है। अनुचित और अधम विचारोंसे वह स्वयं पशुवत हो जाताहै। संसारके समस्त मनुष्यों के विचार रुपी ध्रुवों के अंतर्गतही आचरण हैं,। अर्थात भलाई और बुराइ कीसीमा, परमेश्वरीय पूर्णता और पशुता, इन्हीं दोनो के अंतर्गत होती है। मनुष्यही उनका निर्माण कर्ता और स्वामी है।

अपनी नीच, अधम और निर्बल अवस्थामें भी मनुष्य अपना स्वामी आपही है, परंतु अधम और निर्बल अवस्था में वह एक मूर्ख स्वामी है जिसको अपने गृहका प्रबंध करना नहीं आता। जब वह अपनी दशा पर विचार करता है और ज्ञानपुर्वक उन कारणोंको ढूंढ निकालता है जिसके कारण उसकी वह दशा हुई; तब वह एक बुद्धिमान् स्वामी बनजाता है। जों उचित रुपसे अपनी शक्तियोंको काम में लगाता है और अपने विचारोंको सफल करता है। ज्ञानवान स्वामी ऐसाही होता है।

मनुष्यकी आत्मा उसी वस्तु को आकर्षित करती है जिसकी कि वेह अंतः-करण के भीतर इच्छा करती है, जिसको प्यार करती है और या जिससे डरती है। अवांछित वस्तुसे मनुष्य दूरही रहना पसंद करता है।

प्रत्येक विचाररुपी बीज जो मनरुपी पृथ्वीमें बोया जाता है अथवा डाल दिया जाता है, कभी कभी कार्यरुपी फूलोंको उत्पन्न करता ही है और तदुपरांत अवसर और बाह्यावस्थारुपी फलभी लगतेही हैं। अच्छेःऔर बुरे विचारोंसे बुरे फल लगते हैं। मनुष्य अपनी खेतीका आपही सब कुछ है, इसलिए दुःख और सुख दोनोंसे ज्ञान प्राप्त करता है। भले विचार और कार्य सर्वदा भलाई ही उत्पन्न करते हैं; बुरे विचार और कार्य सर्वदा बुराई ही उत्पन्न करते हैं। इसका अर्थ यह है कि गेहूँका बीज गेहूँ उत्पन्न करता है और जौ का जौ। मनुष्यको यह नियम अच्छी तरह समझना चाहिए और तदनुसार ही कार्यमें

प्रवृत होना चाहिए । परंतु संसारमें विरलेही इस नियमको समझते होंगे, इसलिए उनका कार्य सर्वदा असफल ही होता है।

दरिद्रता, व्यसन, ममता, मोह और दुर्व्यवस्था दुःख के मूल कारण हैं और यही दुःखों की परम सीमा हैं। ये सब अस्वाभाविक तथा मनोविकार के प्रतिफल हैं। मनुष्य विकाररहित और शुद्ध तभी कहा जा सकता है जब उसमें सुख, स्वास्थ्य और समृद्धि हो। सुख, स्वास्थ्य और समृद्धि मनुष्यके अंतरिक भाव, बाह्यदशा और बाह्यावस्थाके परस्पर अनुकुल संयोगके प्रतिफल है।

जबतक विचारोंकी लडी उदेश के साथ नहीं जोडी जाती तब तक किसी प्रकारकी सफलता प्राप्त नहीं हो सकती। संसारमें अधिकांश मनुष्य अपने विचारोंको जीवरुपी समुद्रमें बहने देते हैं। उदेश-रहित होना बडा भारी अवगुण है और उनको, जो संसाररुपी समुद्रकी नाशकारक लहरोंसे पार होना चाहते हैं, अपने विचारोंको यत्र तत्र पद-भ्रष्ट नहीं होने देना चाहिए।

जियका कोई निर्दिष्ट उदेश नहीं है सहज ही में शोक, भय, कठिनता और दुःखमें फस जाते हैं, जिससे मालुम होता है कि उनकी आत्मा बहुत निर्बल है। उसकी आत्मिक निर्बलता, जान बुझकर किए हुए पापोंकी भांति, असफलता, हानी और क्लेशका कारण होती है, क्योंकि इस शक्ति-संपन्न तथा अपने आप विकाशमें आने वाले संसारमें निर्बलता के लिए और कहीं ठौर नहीं है।

उन लोगोंके लिए जो किसी बडे उदेश को लक्षमें रखनेको तैयार नहीं हैं, यह उचित है कि वे अपने विचारोंको साधारण तथा दोष-रहित कर्तव्योंपर लगादें, चाहेवे कर्तव्य नितांत तुच्छ ही क्यों न हों। इसी तरह चंचल विचार स्थिर और केंद्रित हो सकते हैं और द्रढता और शक्तिका विकाश हों सक्ता है। ऐसा होनेपर फिर कोइ ऐसा काम नही रह सकता जो पुर्ण न हो सके।

उदेशको स्थिर करके, मनुष्य को चाहिए कि उसकी पूर्ति तक एक सीधा मार्ग ढुंढकर उसी पर चलाजाय, फिर न दाहिनी और देखे और न बाई ओर। शंका और भयका तो बिलकुलही बहिष्कार करदे। ये उदेश-पूर्ति के मार्गमें महा कंटक हैं, ये दोनों सीधे साधे मार्गको खराब करडालते हैं और उसको टेढा करके निरर्थक और अनुपयोगी बना डालते हैं। भय और शंका के विचारोंसे आज तक कोई भी उदेश प्राप्त नहीं किया गया है और न कभी किया जा सकता है। ये दोनों असफलताको बुलाते हैं, भय और शंका का प्रवेश होते ही उदेश, शक्ति, बल और द्रढता आदि सब गुण काफुर हो जाते हैं।

जो मनुष्य भय और शंका पर विजय प्राप्त करलेता है असफलतापर भी विजय प्राप्त करलेता है। उसके प्रत्येक विचार में शक्ति भरी रहती है और वह समस्त कठिनाइयों का साहान वीरता से करता है, और उन पर बुद्धिसे विजय पाता है। उसके उदेश ठीक मौके पर बनते है और वे ठीक ही समय फल फूल देते हैं, उनके फल कभीभी अकालमें नहीं गिरते ॥

विचार जो निर्भयता के साथ उदेससे जोडे जाते हैं भडी भारी उत्पादक शक्ति रखते हैं। वह मनुष्य जो इस बातको जानता है शाघ्रही बलवान्, श्रेष्ठ और यशस्वी हो जाता है। वह फिर चंचल विचारवाला, अस्थिर-आवेश और मिथ्या संकल्प विकल्पोंका पुतला नहीं रहता। वह मनुष्य जो इस भाँति उदेशको पकड लेता है अपनी आत्मिक शक्तियोंका जाननेवाला स्वामी बनजाता है, और फिर उन शक्तियोंको अन्य कामोंमें भीला सकता है।

मनुष्य अपने ही विचारोंको उन्नत करनेसे उठ सकता है, विजयी हो शका है, और सफलता प्राप्त कर सकता है। ऐसा न करने वाला सदा निर्बल, दास और दुःखी रहता है।

किसी विषयमें-चाहे वह जात्युन्नति हो, या सांसारिक हो-सफलता प्राप्त करनेके लिए मनुष्यको पाशविक इच्छाओ के दासत्व से छुडा कर अपने विचारोंको उन्नत करना होगा। सफलता प्राप्त करनेके लिए मनुष्यको, चाहे संपूर्ण रीतिसे पशुवृत्ति और स्वार्थका त्याग भलेही न करना पडे, परंतु उनमेंसे कुछ न कुछ तो अवश्य ही छोडना होगा। वह मनुष्य जिसकी मनोवृत्ति पशुओंकी तरह है कोई विचार नियम पूर्वक और स्पष्ट नहीं रख सकता; वह अपनी गुप्त शक्तियोंको विकसित नहीं कर सकता; वह प्रत्येक कार्यमें असफल होगा!

विना स्वार्थत्याग के किसी प्रकारकी उन्नति और किसी प्रकारकी सफलता प्राप्त नहीं हो सकती, जो अपने विकारयुक्त डाँवाडोल तथा गडबड पाशविक विचारोंका संहार करता है, और अपने प्राणको द्रढता प्रदान करता हुआ स्वावलँबी होता है; वही अपने सब विषयोंमे सफलता प्राप्त करसकते हैं।

इस बातको हृदयमें अंकित कर लो कि संसारलालची, असत्यवादी, कपटी, छली और दुष्ट समर्थ और कर्तव्यहीन को सहायता नहीं करता जैसाकि ऊपरी द्रष्टिसे मालुम पडता है। संसार सत्यवादी, धर्मप्रायण, परोपकारी और सच्चे कार्याध्यक्षको सहायता देता है।

प्रत्येक प्रकारकी सफलता प्रयत्नों और उपायोंका बना राजमुकुट है, जिसमें विचाररूपी रत्नोंकी अनुपम छटा देदिप्यमान होती है। सदविचारोंसे प्राप्त कीहुई विजय केवल बुद्धिद्वारा रक्षा करने पर स्थिर रह सकती है। बहुत से ऐसे हैं जो विजय प्राप्त करने के उपरांत लापरवाह हो जाते हैं; जिससे फिर वह असफलता के गढेमें गिर जाते हैं।

हमारी उन्नतिको सफलता के लिए हमें ऐसेही स्वार्थत्यागी होना चाहिए, साधारण उदेशो की सफलता के लिए साधारण, और महान उदेशोंकी सफलता के लिए महान् स्वार्थोंका त्याग करना चाहिए। जितना उंचा चढना हो उतनीही ऊंची सीढीकी आवश्यक्ता है, जितनी उन्नति करनेकी जिसकी इच्छा हो उसे उतनाही निःस्वार्थी बनना चाहिए।

मालवीय रामचंद्र व्यास.

ब्रह्मचर्य.

[लेखक—शंकरराव व्यास]

सत्यं तीर्थं क्षमा तीर्थं तीर्थमिन्द्रियनिग्रहः
सर्वभूतदया तीर्थं सर्वत्रार्जवमेवच ॥
दानं तीर्थं दमःस्तीर्थं संतोषस्तीर्थमुच्यते
ब्रह्मचर्यं परं तीर्थं तीर्थं च प्रियवादिता ॥

मनुष्य, ईश्वर की, सर्वोत्कृष्ट, सर्व श्रेष्ठ, और उच्च कोटि की रचना है। वह सारे विश्वका सार है। उसकी रचना करने में पशु वनस्पति और खनिज सम्बन्धी मूल तत्व काम मे लाया गया है।

उसके स्वरुप की ओर देखिये उसके शरीर के सब अंग किस सुन्दरतासे घडे गये हैं, जिस समय वह आपके सम्मुख सिधा खडा होता है उसकी बनावट उसका सांचा उसके जोड क्याही भले प्रतित होते हैं। वह अपने प्रत्येक अंगको बडी आसानीसे उलटा सिधा कर सकता है। यह तो केवल उसके बाह्य बनावटकी दशा है जिसको हम आँख से देख सकते हैं, परंतु जिन वैद्य लोगोंने उसके अन्तरिक विभागों तथा उसके भिन्न भिन्न अंगोंकी अच्छ प्रकार छान बिन की है उन्हें मालुम होगया है कि प्रत्येक मनुष्य के भीतर एक अपूर्व शक्ति छिपी है। उस शक्तिके प्रभावसे मनुष्य इस संसार और दुसरे लोकमें सब पदार्थ प्राप्त कर सकता है। उस शक्तिको धारण करनेवाला मनुष्य दुनियां को अचम्भेमें डाल देनेवाला विद्वान बन सकता है, अपनी छाती पर सैकडों मन के हाथी को खडा करा सकता है, और सारे संसार को ऊथल पुथल करके एक नये जीवनका प्रवाह बहा सकता है। ऊस विलक्षण ईश्वरी शक्तिके सामने कोई पदार्थ अलभ्य नहीं, कोई विषय अज्ञेय नहीं. पाठकोंके मनोमें सहजही यह प्रश्न उठेगा कि वह शक्ति क्या है? और यदि वह ऐसी अपूर्व शक्ति है तो क्या हम अभागे पाटीदार भी उसे प्राप्त कर सकते हैं अच्छा लीजिये हम आपको बतला देते हैं, उस शक्तिका नाम ब्रह्मचर्य है। पूर्व कालमे इसीं शक्ति की आराधनासे यही कुनबी क्षत्रिय जाति सर्व शक्ति संपन्न थी, और इसी पवित्र शक्तिसे यह उजले मुकुट की प्रभा दिखा रही थी, वह शक्ति आज हममें नही रही। उस शक्ति के न रहने के ही कारण इस जातिको आज यह दशा प्रतित हो रही है। उस शक्तिके अभाव के ही कारण आज यह जाति ओज धारण करने वाले ऋष्ट पुष्ट और बलिष्ठ अंग वाले नव युवकोंसे खाली है, ब्रह्मचर्य को जीवनका सर्वस्व समझने वाले बालकोंसे खाली

है, और ब्रह्मचर्य-वृतका पालन करनेवाली माताओं और बहिनोंसे खाली है।

जिस जाति में पवित्र ब्रह्मचर्यकी शिक्षामें अपने जीवनको रंग डालने वाले युवा नही, वालक नही, वृद्ध नहीं, और स्त्रीयां नही, क्या संसार में वह जाति अपनी उन्नति कर सकती है? और स्वावलम्बी बनकर अपने पूर्वजों के मान की रक्षा कर सकती है? नहीं। कदापि नही। विना ब्रह्मचर्य के धारण किये इस संसारमें न किसीने कुछ पाया है न कोइ पा [illegible] है, और न कभी पावेगा। यह बात निश्चित अटल है।

यदि हमे इस जाति को सुधारना है, हमे इसकी सामाजिक कुरीतियों को हटाना है-तो हमको चाहिये कि हम ब्रह्मचर्यका प्रचार करें बिना ब्रह्मचर्य का प्रचार हुए हमारे घरो में, हमारे मन और आत्मामें घुसी हुई कुरीतियां नहीं निकल सकती। हमारी कुनबी क्षत्रिय जातिने वीर्य्यकी महत्ता पर तनिक भी द्रष्टी नहीं की है। वीर्य्य। इस शब्द में जादु भरा है, इसके उच्चारण करने से श्रेष्ट महान और पवित्र भावोंका संचार होने लगता। ईश्वर वीर्य्यवान है। रामचन्द्र बडे यशस्वी वीर्य्यवान राजा थे। वीर्य्यवान पुरुष क्या नहीं कर सकता। वीर्य्यवती जाति ही संसारमें अपना साम्राज्य स्थापित कर सकती है। संसार वीर्य्यवान के लिये है। वीर्य्यवती जातियोंने संसार भरमे राज्य किया, और वीर्य्यहीन होनेपर उनका नामो निशान तक मिट गया।

जिन महाराष्ट्र शूरवीरोंने मुसलमानी राज्य को छिन्न भिन्न कर. भारत में हिन्दु राज्य स्थापित कियाथा वेही विषयभोग, परस्पर की फुट तथा कलहके कारण अपनी सब आशाओं पर पानी फेर बैठे। संसारके किसी हिस्सेमे रहने-वाला मनुष्य हों, किसी धर्मका माननेवाला हो, किसी जातिका हो यदि वह पवित्र ब्रह्मचर्य-वृत को धारण करता है तो, संसारकी कोई ताकत उसका सा-मना नही कर सकती। संसारकी कोई जाति हो, भोगविलास, और व्यभिचार तथा बालविवाह उसके अन्त होनेकी सूचना देते हैं। किसी कविने कहाहै कि:

> कितना अनिष्ट किया हमारा हाय। बाल्यविवाहने ॥
> अन्धा बनाया है हमे इस जातियोंकी चाहने ॥

प्रिय पाटीदार बन्धुओं! क्या आप इस भयंकर बालविवाह रुपी रोगसे ग्रसित नही है, क्या आपके पीछे यह कालके गालमे लेजाने वाला क्षय रोग नही लगा है? क्या आप नन्हे नन्हे बच्चोंकी शादियां नहीं करते? आवश्य करते हैं। और वह भी एक एक दो दो दिन के बच्चोंकी! तो फिर बताइये आ-पकी सन्तान किस प्रकार सुखी व उन्नतिशाली बन सकती है? क्योंकि प्रत्येक वस्तुके पकनेकी अवधि नियत है. यदि कोई भी मनुष्य उससे पहिले उस वस्तु को कांम में लावे तो कदापि उससे लाभ न होगा जोकि उसके पकने पर होता है।

जैसे साठी चावल साठ दिनमें पककर तैयार होते हैं यदि कोई मनुष्य

बीचहीसे उनको उखाडे और अपने काममे लावे तो क्या ऊससे वह काम चल सकते है? कदापि नही। अर्थात् बैलों का चारा ही होगा। लाखों मनुष्यों और जीवों का ऊससे पालन होताथा वह सब मारा जायगा। इसी प्रकार शरीर रुपी वृक्षमें पानी रूपी रस के पकनेकी अवधि है, जिसकी सीमा श्री मुनिवर धन्वन्तरि जीने अपने सुश्रुत नाम ग्रन्थमें लिखी है कि, वीर्य्य मनुष्य के शरीर में सबसे ऊत्तम ४८ वर्ष मध्यम ४० वर्ष और निकृष्ट २४ वर्षमें तथा स्त्री के शरीरमें ऊत्तम २४ वर्ष मध्यम २२ वर्ष और निकृष्ट १६ वर्ष में पकता है।

अतः प्यारे बन्धुओं, आपही सोचिये कि २५ वर्षसे न्युन लडके, व १६ वर्ष से कम लडकी का विवाह करदेना, क्या कच्चे फल तोडने की भांति हानि न करेगा? आवश्य ही करेगा. इसलिये इस कुप्रथाको जड मूलसे नष्ट भ्रष्ट करनेकी कोशिष हमारे पाटीदार भाईजी जान से करेंगे। इत्योम.

अवश्यकिय निवेदन—

ऊस जगत् नियंता श्री परब्रह्म परमात्मा की कृपासे "कडवा विजय" ने अपने दस वर्ष, ऊस ज्ञातिके सच्चे शुभचिंतक ऊन्नति वीर स्वर्गवासी पटेल पुरूषोत्तम दासजीके संपादकीय में सानंद समुन्नतियुक्त समाप्त किए.

दशवर्ष में कडवा विजयने कडवा ज्ञातिकी जो सेवा की है वह आकथनिय है। संपादक, प्रकाशक तथा सहायक महोदयोंने क्या क्या कष्ट सहन करके, इस कडवा ज्ञातिकी विजयपताका चौखुंट भारत वर्षमें फहराइ सो किसीभी कडवा ज्ञातिके शुभेच्छुकों से छीपी नहीं है.

कडवा विजयकीही हलचल ने शुभेच्छक समाजको जन्म दिया कडवा विजयनेही जगत्माता श्री ऊमियांजीकि शुभ यात्रा आरंभ करके कडवा ज्ञाति के लिए वैशाखी पूर्णिमांका एक स्मृर्णिय दीन बना दिया, कडवा विजयने ज्ञातिके सहस्त्रों वर्षके बिछुडे हुए भाईयोंके हृदयमें गुजरात भूमीकी पुनः याद दिलादी. बालक, वृद्ध, असमर्थ, निःसहाय ज्ञातिजनोंकी तरफ नूतन भाग्यशालीयोंका ध्यान अकर्षित कराया, ऊस बाललग्नरुप तोहमतके भँवरमें अपने भाई, बहनों, कन्याओंकी डूबती हुई नौकाको बचानेके लिए शास्त्रोक्त लग्नप्रथा की डोरी डाल कर ऊसे डुबनेसे बचाया है। सारांश यह कि—ज्ञाति को घोर निंद्रासे जगानेके लिए प्रथम प्रभाति कडवा विजयनेही गाई। सारांश यहकि—जात्युन्नति में अज्ञानताके कठिन कंटकोंसे बचानेके लिए कडवा विजयने भानु का सा काम किया। तथा अंधे रहन्नुमांओंको आईनक का काम दिया।

शुभेच्छक समाजकी छट्ठी बैठक के बाद, कडवा विजयके दशवें वर्षके बाद, कडवा विजय के संपादक ज्ञातिसेवा के महान कार्य के पदसे परमात्माद्वारा खारिज कर दिए गए. दश वर्षके बीचमें सिर्फ अखेरी के एक दो वर्षोंमें कडवा...

विजय कितनी एक असुविधाओंके कारण, तथा ग्रहाकों की आनाकानी के कारण कभी बे टाइम भी निकला होगा, परंतु इस ग्यारह वे वर्ष में कडवा विजय बरोबर हजरी देता है। इतनाही नहीं पर मालवा निमाड आदि प्रांतोके बंधुओंको हितकर होनेकी इच्छासे, एक फार्म हिंदी लेखोंसे भी विभुषित किया जाता है। और भी कितनी एक बातोंकी वृद्धि की गई है।

युरोपीय महायुद्ध के कारण, कागज आदि मँहगाई होनेसे जितने समाचार पत्र हैं, सबने अपना कुछ न कुछ आकार घटाकर मूल्य में वृद्धि की है। परंतु कडवा विजयने वैसा कुछ नहीं किया.

सबकुछ अधार ग्रहकों पर है, इस लिए हमारी नम्रविनंती यह है कि जिन महाशयोंके तरफ कडवा विजयका मुल्य एक दो या जितने सालका लेना है कृपाकर मनी आर्डरसे--

तंत्री कडवा विजय मगनभाई जी. इंजनियर
३०३ वाडीगाम—अमदाबाद.

इस पतेपर भेजदें, अथवा व्ही० पी० से कडवा विजय भेजने के परवानगी लिखकर भेज देवें.

एक खास विनंती यह है कि-जितने ग्रहाक अनुग्रहाक महाशय कडवा विजय के शुभचिंतक हैं, वे सब एक एक नया ग्रहाक कडवा विजयका इस नया वर्ष के पहले बनाकर उनसे मूल्य भी भिजवा देवें, तो सोने में सुगंध जैसा काम होगा; क्योंकि जितने अधिक ग्रहाक होंगे उतनाही उत्तम किंमतदार मासिक छप सकेगा, आशा है कि शुभेच्छक जन कडवा विजय की वृद्धि करनेकी तरफ पुर्णतया ध्यान देंगे।

निवेदक.

निमाडी ओर मालविय भाईओंके लिए
समस्त कडवा ज्ञातिकी महासभा
बुंबईमें मुकरर हुई.

डिसम्बर ता. २८–२९–३० मार्गशीर्ष कृष्णपक्ष १०–११–१२ शनी, रवी, सोम.

पत्रव्यवहार और आने जानेका ठीकाणा.

भाइ रामचंद्र लक्ष्मण व्यास. कडवा सभा संचालक कसरावद-(पो. मंडलेसर-इंदोर स्टेट.)	**देशाइ चंदुलालजी मणीलालजी.** हीरामाणेक बीलडींग-चौथा दादर दादीशेठ अगीआरी लेन-नवीवाडी गीरगांव—मुंबई.

સમાજની આવતી ખાસ બેઠક—મુંબઈ.

ડીસેમ્બર તા. ૨૮-૨૯-૩૦ માગશર વદ ૧૦-૧૧-૧૨.

ગૃહસ્થ, વેપારી અને વિદ્વાન વર્ગને વિનંતી.

ખાસ કારણો લઇ મુંબઈ ખાતે સમાજ ભરવાની માગણી કરનાર ભાઇઓના આગ્રહથી તેમની દરખાસ્ત વ્ય. કમીટીએ સ્વીકારી છે. સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિની જે પ્રજા દેશના જૂદા જૂદા ભાગોમાં રહે છે તે દરેક વિભાગના રહેવાશીઓની મોટી સંખ્યામાં હાજરી હોય એવી આ બેઠક થસે અને એટલા માટે અમે તેને એક અપૂર્વ લાભ લેખીએ છીએ. નિમાડ, માળવા, અને કચ્છ વગેરે દેશમાંથી મુંબઇ આવવાનું સગવડ ભર્યું છે છતાં તે વિભાગના ભાઇઓને ગુજરાતમાં આવવાની જે મુશ્કેલીઓ પડે છે તેટલી મુશ્કેલી ગુજરાત વાસીઓને મુંબઈ જવા માટે પડે તેમ નથી જેથી કયા વિભાગના ભાઇઓ જ્ઞાતિ સેવામાં વધારે કાળજી ધરાવે છે એ જાણવાની પણ આ એક તક થઈ પડશે એટલા માટે ગુજરાતના ભાઇઓને અમારી ખાસ વિનંતી છે કે જેઓ ઘણા દૂરથી આવી દર વખતે ગુજરાતની બેઠકમાં ભાગ લે છે તેમનો દાખલો લઈ ગુજરાતી ભાઇઓએ પણ મુંબઇની બેઠકમાં અવસ્ય મોટી સંખ્યામાં હાજરી આપવાની જરૂર છે.

મુંબઇ જેવા સ્થાને સમાજ ભરવાનું આપણા માટે તો એક અપૂર્વ લાભ જેવું છે કારણ સમગ્ર દેશની પ્રજા જે નગરીમાં જ્ઞાતિ સેવા અને દેશ સેવાનાં કાર્યોથી વિભૂષિત થયેલી છે તેમની વચ્ચે જઇને આપણે આપણામાં અત્યાર સુધી જે નિંદ્રા અને એક બીજા સાથે અતડા રહેવા પણું છે તેનો ત્યાગ કર્યો છે એમ બતાવી આપવાનું છે. જ્ઞાતિના શ્રીમંત અને વિદ્વાન વર્ગની લાગણીની અહીં કસોટી છે, એટલે જ્ઞાતિને પૈસા આપી દેવાના નથી પરંતુ જ્ઞાતિ પ્રત્યેની લાગણી ધરાવીએ છીએ એટલુંજ માત્ર કહેવા અને દેખાવ પુરતી હાજરી અપાય તોપણ જ્ઞાતિના ગૌરવમાં વધારો થશે. હમણાં કામકાજની એટલી મંદી છે કે કોઇ વેપારી તેમાં ભાગ ન લઈ શકે એવું નથી એટલે દરેક ગૃહસ્થો અવશ્યે પધારશેજ એવી તેમના પ્રત્યે ખાસ વિનંતિ છે.

સરકારી નોકરીવાળા ભાઇઓ પોલીટીકલ હીલચાલમાં ભાગ લઈ શકતા નથી તેમના માટે તો જ્ઞાતિ સેવાનો માર્ગ દરેક પ્રકારે કલ્યાણકારી છે. જેમને અનિવાર્ય અગવડ ન હોય તેમણે તો અવસ્યે મુંબઇની બેઠકમાં ભાગ લેવોજ જોઇએ એવો પણ અમારો ખાસ આગ્રહ અને વિનતી છે. મુંબઈ જોવાના લાભ ઉપરાંત બીજુ પણ કેટલુંક જાણવાનું અજાણ્યાને મળશે.

પાટડીના ના. દરબાર શ્રી દોલતસિંહજી સાહેબ જેઓ આપણી મહામંડળનામે શ્રી કડવા પાટીદાર હીતવર્ધક મહા-સંસ્થાના પ્રમુખ સાહેબ છે તેમની ખાસ વિનંતી છે, કે આ સભામાં—બની શકે તેટલા વધારે પ્રતિનીધિઓને મંડળના—જ્ઞાતિના પ્રતિનીધિઓની આ સભામાં—બની શકે તેટલા વધારે પ્રતિનીધિઓને મોકલી આપી સમસ્ત જ્ઞાતિ તરફથી આ મંડળને વારંવાર ઠરાવો કરીને, કાગળો લખીને વિનંતી કરવામાં આવે છે એ સત્યતાની ખાત્રી કરી જોવી અને તેમ કરી દેશકાળને

અનુસરી જ્ઞાતિની માગણી સ્વીકારવા મહામંડળ સમક્ષ પોતાની યોજના રજુ કરવા કૃપા કરવી એવી અમારી તે નામદારને ખાસ વિનંતી છે.

જ્ઞાતિ ઉન્નતિનાં દરેક કાર્યો શીરસ્તા મુજબ હાથ ધરવામાં આવનાંર છે અને તેમાં જ્ઞાતિના દરેક ભાઈઓ પોતે ગમે તેવા વિચાર ધરાવતા હોય તોપણ આપણા માટે શું યોગ્ય છે અને શું કરવાની જરૂર છે તે જાણવા અને પોતાના વિચારો જણાવી જ્ઞાતિ ઉન્નતિના માર્ગને સરળ કરવા અવસ્ય પધારશે, એવી દરેકે દરેક કડવા પાટીદારને અમારી વિનંતિ છે. કેટલાક મુર્ખ અને સ્વાર્થી માણસો તરફથી અજ્ઞાન ભાઇઓને ફસાવવા માટે વારંવાર એવી વાતો કરવામાં આવે છે કે "સમાજ" તો સુધારાવાળાની છે અને આપણે તેમાં ભાગ લેવાની જરૂર નથી પરંતુ અમને આશા છે કે જ્ઞાતિ હીત સાધવાની ખાતર હવે તેવો અધમ પુરૂષાર્થ તેઓ તરફથી બંધ પાડવામાં આવશે. ના. વડોદરા સરકાર તેમજ ના. બ્રીટીશ સરકાર પાસે આપણ હીતની માગણીઓ કરવાના ઠરાવો અને ડેપ્યુટેશનો લઇ જવાનું ખાસ કાર્ય આ બેઠક વખતે હાથ ધરવામાં આવનાર છે. તદુપરાંત આપણી ઉમીયા માતા સંસ્થાન કમીટી અને મહામંડળ નામે સંસ્થાને, જ્ઞાતિ ઉન્નતિ અર્થે જે જે કરવાનું છે તે તેમની પાસે કરવાની દરખાસ્તો પસાર કરવા ઉપરાંત આ બંને સંસ્થાઓની સ્થીતી સુધારવાના જે જે શકય માર્ગ હોય તે હાથ ધરવામાં આવશે, એટલા માટે જરૂરનું છે કે દરેક ભાઇએ અવસ્ય પધારવું.

અધિપતિ—"કડવા વિજય."

"વરો વીરો કે વૈરી."

ગઝલ.

વરા વીરા પધારોને, મઝા મોજો ઉડાવાને;
અમો ઘર મર્ણ છે મારે, પધારો તે ભુલાવાને. ૧
સંબંધી સ્વર્ગમાં ગ્યું છે, અમારાથી જુદું થયું છે;
કકળતું રે હૃદય રહ્યું છે, પધારો તે સમાવાને. ૨
ગમેનહિ અન્ન કંઇ ખાવું, વિયોગે મર્ણ સમ થાવું;
છતાં હું આપને ચાહું, ગૃહસ્થોમાં ગણાવાને. ૩
તમોને જો નહિ ચાહું, મેંણાં નિત્યે ઉઠી ખાઉં;
દ્રવ્ય દેવું કરી લાવું, ગયેલાને કુટાવાને. ૪
કુટંતી નારિઓ કે' છે, વરોભાઇ આ ઘરે રે'છે;
લાડુંનું નોતરૂં દે છે, મરેલાંને મનાવાને. ૫
વરા ભાઇ આવજો વે'લા, અમો અત્રે બન્યા ઘેલા;
થયા દેવા તણા ચેલા, ગીરો મીલકત મૂકાવાને. ૬
શ્રીમંતો સજ્જ થઇ આવે, વરાને પ્રેમે તેડાવે;
નાત ત્યાં હર્ષથી આવે, ગરીબોને રડાવાને. ૭
સુણો સૌ બંધુઓ મારા, વરાના છે કુડા ધારા;
વરા જે મર્દ કરનારા, લાગ્યા માથું મુંડાવાને. ૮

મોતીદાસજી ગંગાદાસજી મહંત.

કાગળ સંકોચને લીધે મુલત્વી—પાટડી અનાથાશ્રમની યોજના–જાહેર ખબર અને મહાજને ઠરાવેલા લાગા વગેરે.

શ્રી કડવા પા. હીતવર્ધક મહામંડળની ચાલુ બોર્ડિંગ અને

વિદ્યાર્થિઓની આફત.

જ્ઞાતિ સંસ્થાઓના ઠરાવ અને તેના કાર્યવાહકોની કાળજી (?) નું પરિણામ.

(મળેલું)

ઘણીજ દિલગીરિ સાથે કહેવું પડે છે કે મહામંડળ–જ્ઞાતિ સંસ્થા તરફથી ચલાવવામાં આવતી બોર્ડીંગમાં ઉચા ધોરણના ચાલુ વિદ્યાર્થિઓને બોર્ડીંગમાં દાખલ થતાં સુ. હીરાલાલ કહે છે કે અહીં મહામંડળની બોર્ડીંગ નથી !! મહામંડળના નામનું બોર્ડ દેખાતું નથી. ગામઠી શાળામાં ભણતા હોય તેવાજ છોકરા બોર્ડીંગમાં છે. (હીરાલાલભાઇના કહેવા પ્રમાણે તેમની ખાનગી) બોર્ડિંગમાં સરસામાન મહામંડળનો છે, પ્રૉ. જેઠાલાલભાઇએ થોડા દિવસો ઉપર રાજીનામું આપ્યું છે હમણાં બો. ક. ના સેક્રેટરીનો હોદ્દો મે. ડોકટર સાહેબે છોડી દીધાનું સંભળાય છે. રજા પુરી થતાં કોલેજ ઊઘડતાં બહારગામથી વિદ્યાર્થિઓ, ઉંચા ધોરણમાં–કોલેજમાં અભ્યાસ કરતા અને મહામંડળને ફી ભરતા કાયમના વસવાટી છોકરાઓ સગે વહાલે રખડી ખાય છે. ભલા અને દિલસોજ મે. ડૉકટરસાહેબ અને મંડળના જનરલ સેક્રેટરી મે. કરસનદાસભાઇ વચ્ચે સંદેશા લાવવા લઇજવા અને ચીઠ્ઠી ચપાટીનું કામ કરે છે. મે. કરસનદાસભાઇ બીજી B. બોર્ડીંગ ઉઘાડવાની ભલામણ કરે છે ત્યારે મે. દાકતર સાહેબ–હીરાલાલની બોર્ડીંગ મહામંડળની નથી વગેરે પ્રકારની લેખીત વાતો માગે છે! × × ×

આશા છે કે ઉક્ત મંડળના પ્રમુખ જ્ઞાતિશિરોમણી ના. દોલતસિંહજી સાહેબ અને બોર્ડીંગ ક. ના પ્રમુખ દેશાઈશ્રી રાયસિંહજીબાપા ઉપરોક્ત સ્થીતી સુધારશે અને તપાસ કરશે કિંવા પોતાની તટસ્થતા જાહેર કરશે તા. ૩૦–૧૧–૧૮.

એક દુઃખી વિદ્યાર્થિ.

જ્ઞાતિના સ્ત્રી વર્ગને ખાસ લાભ.

મુંબઇ ખાતે સમાજની બેઠક તા. ૨૮–૨૯–૩૦ મી ડીસેમ્બર શની, રવી, સોમવારે થવાની છે તેમાં જ્ઞાતિની સ્ત્રીઓ અને બાળકોને કોઇ પ્રકારની ફી લિધા સિવાય દાખલ કરવામાં આવશે. બહારગામથી આવનારની સરભરા પણ કરવામાં આવશે જેથી દરેક બ્હેનો આ તકનો લાભ લેવા બનતું કરશે એવી આશા છે.

ઓ. સેક્રેટરી સમાજ—મુંબઈ.

શ્રી કડવા પાટીદાર શુભેચ્છક સમાજની

મુંબઈ ખાતે આઠમી બેઠક.

તારીખ-૨૮-૨૯-૩૦ ડિસેમ્બર-૧૯૧૮.

આપણી જ્ઞાતિની આઠમી બેઠક મુંબઈ ખાતે માગસર વદી ૧૦-૧૧-૧૨ સની રવી સોમના દિવસોમાં રાખવામાં આવી છે એવી મતલબથી કે કચ્છ, નિમાડ, માળવા ખાનદેશ વગેરે ભાગોમાંથી આવનાર બંધુઓને પણ સવડ થાય. અત્યાર સુધી તેઓએ ગુજરાતની બેઠકોમાં દૂરદૂરથી આવીને લાભ લીધો છે, જો કે ગુજરાતના ભાઇઓને મુંબઇ જેવા સ્થળે ભાગ લેવા જતાં તેમના જેટલી મુસ્કેલીતો નથી. જ્ઞાતિના વિદ્વાન, ધનવાન અને સાધારણ વર્ગના દરેક ભાઇઓને ખાસ વિનંતી કરવામાં આવે છે કે તેમણે આ બેઠકમાં અવશ્યે ભાગ લેવો. એકતો મુંબઇ જેવું સ્થળ (કહે છે કે જેને મુંબઈ જોઇ નથી તેનો મનખો નથી) અને દરેક વિભાગના બંધુઓનાં દર્શન, એક બીજાના વિચારો આપ લે કરવાનો અને જ્ઞાતિનું પ્રતિનીધિત્વ મેળવી ઉન્નતિ સાધવાનો આ એક અપૂર્વ લાભ ગણાશે અને જ્ઞાતિ ઉન્નતિનાં કેટલાંક ખાસ કામો હાથ કરવામાં આવશે.

સેરથાની ગઇ બેઠક વખતે સખ્ત તાપ અને ચાલુ માસમની હાડમારીને લીધે ઘણા ગૃહસ્થ અને વિદ્વાન ભાઇઓ આવી શકયા નહોતા. કેટલાકને માટે પગરસ્તાની તો કેટલાકને વેપાર રોજગારની તો કેટલાકને અગ્નિ વર્ષાવતા સૂર્યના તાપનો ત્રાસ સામે થયો હતો. સમાજની ઑફીસ તરફથી દરેક પ્રતિષ્ટીત પુરૂષોને લાંબી લાંબી, લાચાર, કાકલુદી ભરી, વાણીથી-રજવાડી ભાષામાં-વિનંતી અને વિજ્ઞપ્તિઓ કરવામાં આવી હતી છતાં તે વર્ગની હાજરીજ નહોતી. આજે મોસમના મંદી છે સખ્ત તાપને બદલે મંદ મંદ ઠંડી છે, જગદ્વ્યાપિ યુદ્ધ બંધ પડતાં વેપારી વર્ગને એક તરફની નિરાંત છે, વિદ્વાન વર્ગને રજા ગાળવાનો વખત છે, અને તે પણ મુંબઇ જેવા સ્થળમાં-સરકારી નોકરોને જ્ઞાતિ ઉન્નતિમાં ભાગ લઈ સેવા કરવાની ઉત્તમ તક છે. દરેક ભાઇઓ પડી ગયેલો સ્વભાવ દૂર કરી પધારવાની ખબર આપશે.

સભાનું પ્રમુખસ્થાન સ્વીકારવા ધ્રાંગધ્રાના સર ન્યાયાધિશ મે. પોપટલાલભાઇ બી. એ. એલ. એલ. બી. ને વિનંતી કરવામાં આવી હતી અને તેમણે તે સ્વીકારી છે એવું અમારા બંધુઓને જણાવતાં અમને ઘણોજ આનંદ થાય છે.

સમય ઘણો મોંઘવારીનો છતાં રિવાજ મુજબ રૂ. ૩) સરભરા અને મેમ્બર ફીના રાખ્યા છે દરેક ભાઇએ જળપાત્ર અને બિછાનું સાથે લાવવું નીચેના સનામે આવવું અને પત્ર વહેવાર કરવો. મુંબઈ આવવા માટે ગ્રાંટરોડ સ્ટેશને ઉતરવું. લી. વ્યવસ્થાપકો.

ખાસ લાભ—બહારગામથી આવનાર જ્ઞાતિની બ્હેનો પાસેથી સરભરા અને બેઠકમાં ભાગ લેવા બદલ કંઇ પણ લેવામાં આવશે નહિં તદુપરાંત તેઓ મેમ્બર તરિકે ગણાશે.

ઠેકાણું— દેશાઈ ચંદુલાલ મણીલાલ

હીરામાણેક બીલ્ડીંગ ચોથેદાદરે-નવીવાડી પાસે.

દાદીશેઠ અગીયારી લેન-ગીરગામ રસ્તા-મુંબઈ